










# શરણાગતિ વિચારગોષ્ઠી

## (પૂરકપ્રશ્નોત્તરી)



પ્રશ્નકર્તા : શ્રીરસિકભાઈ શાહ



ઉત્તરદાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી

**પ્રકાશક :**

**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ**

# શરણાગતિ વિચારગોષ્ઠી

## પૂરકપ્રશ્નોત્તરી

**પ્રશ્નકર્તા :**
શ્રીરસિકભાઈ શાહ

**ઉત્તરદાતા :**
ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી

પ્રકાશક :
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,
કંસારા બજાર, માંડવી, કચ્છ, ગુજરાત ૩૭૦ ૪૬૫.
☎ : (02834) 231463, 224306.
Email : gosharadad1@sancharnet.in

http://www.pushtimarg.net

**પ્રથમ સંસ્કરણ** : ૨૦૦૦ પ્રતિ, વિ. સં. ૨૦૬૦. વલ્લભાબ્દ : ૫૨૬.

**નિ:શુલ્ક વિતરણાર્થ**

**રવાનગી ખર્ચ :**
સાદા પોસ્ટદ્વારા : રૂ. ૫; રાજિસ્ટર્ડ પોસ્ટ / કુરિયર્ દ્વારા : રૂ. ૨૫

Copyright : ©2005, Sri Vallabhacharya Trust, Mandavi-Kutch

**મુદ્રક :**
સ્વસ્તિક ઑફસેટ., બેઝમેંટ, પિંડોરિયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન્ રોડ, ભુજ

## श्रीवल्लभाचार्य ट्रस्ट, ( मांडवी - कच्छ )

**ग्रन्थप्रकाशन :**

| | प्रकाशनसहाय |
|---|---|
| १. प्रवेशिका ( गुज. ) | १० |
| २. प्रवेशिका ( अंग्रेजी ) | नि:शुल्क |
| ३. प्रमेयरत्नसंग्रह ( गुज. ) | |
| ४. शब्दखण्डीया विद्वत्परिचर्चा ( संस्कृत-हिन्दी-अंग्रेजी ) | २०० |
| ५. अन्यख्यातिवादीय विद्वत्सङ्गोष्ठी ( संस्कृत-हिन्दी-अंग्रेजी ) | १५० |
| ६. शास्त्रार्थप्रकरणम्( व्रजभाषाटीका )साधारण / राज संस्करण | ५०/७० |
| ७. सर्वनिर्णयप्रकरणम्( व्रजभाषाटीका )साधारण / राज संस्करण | ८०/१०० |
| ८. वार्तापरिचर्चा | अनुपलब्ध |
| ९. पुष्टिविधानम्-१ ( पाठावली, व्रजभाषा ) | अनुपलब्ध |
| १०. पुष्टिविधानम्-१ ( पाठावली, गुज. ) | २५ |
| ११. पुष्टिविधानम्-२ ( व्याकरणम् ) | १०० |
| १२. पुष्टिविधानम्-३ ( व्रजभाषाविवृति, द्वि.आवृत्ति ) | ८० |
| १३. अधिकारपरिचर्चा ( गुज.-हिन्दी-व्रज ) | १०० |
| १४. श्रीभागवत महापुराण ( गुर्जरभाषानुवाद )शीघ्रप्रकाश्य | अनुपलब्ध |
| १५. Manual of the Devotional Path of Pushti | 65 |
| १६. सेवा और व्रजलीला ( व्रजभाषा ) | अनुपलब्ध |
| १७. श्रीगोपीनाथप्रभुचरण( गुज.-हिन्दी ) | २५ |
| १८. Computer CD, www.pushtimarg.net | 50 |
| १९. साधनाप्रणाली( गुज.-हिन्दी-अंग्रेजी ) | ५० |
| २०. पुष्टिप्रवाहमर्यादाभेद ( गुज.-हिन्दी ) | नि:शुल्क |
| २१. रसदृष्टिनी तरफेणमां ( गुज. ) | नि:शुल्क |
| २२. कार्यकारणभावमीमांसा विद्वत्सङ्गोष्ठी( संस्कृत-हिन्दी-अंग्रेजी ) | २०० |
| २३. पुष्टिप्रवेश - १( गुजराती ) | १० |
| २४. पुष्टिविधानम् पादानुक्रमणिका | १५ |

| | | |
|---|---|---|
| २५. | पुरुषोत्तमनामसहस्रम्-त्रिविधनामावली | २० |
| २६. | शरणागति विचारगोष्ठी, पूरकप्रश्नोत्तरी | निःशुल्क |

**सहयोगप्रकाशन :**

| | | |
|---|---|---|
| २७. | वेदान्तचिन्तामणी( संस्कृत-गुज. ) | अनुपलब्ध |
| २८. | सहस्रीभावना( संस्कृत-गुज. ) | १०० |
| २९. | नवरत्नम्( संस्कृत-गुज. ) | अनुपलब्ध |
| ३०. | पत्रावलम्बनम्( संस्कृत-गुज. ) | अनुपलब्ध |
| ३१. | ब्रह्मसूत्राणुभाष्यम्, खण्ड १-५( गुजराती अनुवाद ) | १००० |
| ३२. | श्रीयमुनाष्टकम्( संस्कृत-गुज.-हिन्दी ) | २०० |
| ३३. | भक्तिहंस( संस्कृत-गुज. ) | १०० |
| ३४. | शास्त्रार्थप्रकरणम्( गुज. ) | अनुपलब्ध |
| | श्रीभागवत-सुबोधिनी; स्कन्ध १० पूर्वार्ध, **गुजराती अनुवाद** | |
| ३५. | अध्याय १-४ अनुवादक : गो.वा.श्रीनानुलाल गांधी | २०० |
| ३६. | अध्याय ५-१४ अनुवादक : गो.वा.श्रीनानुलाल गांधी | ३०० |
| ३७. | अध्याय १५-२० अनुवादक : गो.वा.श्रीनानुलाल गांधी | २०० |
| ३८. | अध्याय २२-२८ अनुवादक : गो.वा.श्रीनानुलाल गांधी | २०० |
| ३९. | अध्याय २९-३५ अनुवादक : गो.वा.श्रीनानुलाल गांधी | ३०० |
| ४०. | अध्याय ३६-४२ अनुवादक : गो.वा.श्रीनानुलाल गांधी | ३०० |
| ४१. | अध्याय ६४-८४ अनुवादक : गो.वा.श्रीनानुलाल गांधी | ३०० |
| ४२. | अध्याय ८५-९० अनुवादक : गो.वा.श्रीनानुलाल गांधी | २०० |
| ४३. | Sri Vallabhācāryaji, His Philosophy & Life, Prof. Jethalal Shah | 300 |
| ४४. | Doctrines of Sri Vallabhācārya, Dr. Helmuth Von Glassenapp | 100 |
| ४५. | Sri Vallabhācārya & His Teachings, Dr. Chimanlal Vaidya | 100 |

# પ્રકાશકીય

પ્રસ્તુત પુસ્તક શરણાગતિ વિષય પર મુંબઈમાં તારીખ ૬ થી ૯ ફેબ્રુઆરી, ૨૦૦૫ દરમ્યાન આયોજિત વિચારગોષ્ઠીમાં તેમજ ત્યાર બાદ પણ પાર્લામાં ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજીના નિવાસસ્થાને નિયમિત પણે ચાલતા ગ્રન્થાધ્યયન પ્રસઙ્ગે શ્રીરસિકભાઈ શાહ તથા ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી( પર્લા-કિશનગઢ ) વચ્ચે થયેલ પ્રશ્નોત્તરના સંગ્રહરૂપ છે.

કુલપરમ્પરાથી પુષ્ટિમાર્ગના અનુયાયી પરન્તુ યુવાવસ્થામાં સ્વમાર્ગથી મન ચલિત થતાં યોગભ્રષ્ટપણાની સ્થિતિમાં ખાસ્સો એવો જીવનકાલ શ્રીપાંડુરંગ શાસ્ત્રી દ્વારા સ્થાપિત સ્વાધ્યાય સમ્પ્રદાયના પ્રચારક બનીને વિતાવ્યા બાદ સ્વરૂપસ્મૃતિરૂપ બુદ્ધિસંયોગ પ્રાપ્ત થતાં ફરીથી સ્વમાર્ગપર આરૂઢ થઈને સંસિદ્ધિની પ્રાપ્તિમાટે પ્રયત્નશીલ એવા શ્રીરસિકભાઈ શાહ ( પાર્લા-મુમ્બઈ ), સ્વાધ્યાય સમ્પ્રદાયના પ્રચારાર્થે કરેલા, ખાસ કરીને પુષ્ટિમાર્ગીઓના ગામે-ગામ અને ઘેર-ઘેર, વર્ષોના પ્રવાસ દરમ્યાન અસંખ્ય લોકોના પુષ્ટિમાર્ગની બાબતમાં વિચારો, અનુકૂલ-પ્રતિકૂલ-તટસ્થ માન્યતાઓ તેમજ શઙ્કાઓ થી, પ્રથમ તો સ્વાધ્યાય સમ્પ્રદાયના અનુયાયી તરીકે, રૂબરૂ થયા બાદ સ્વાધ્યાય સમ્પ્રદાયને તિલાઞ્જલિ આપીને, પોતાના જેવી દુર્ઘટના બીજા કોઈ પુષ્ટિમાર્ગીસાથે ન ઘટે તેવા સદાશયથી વર્તમાનમાં, ગામે-ગામ સ્વમાર્ગીય ગ્રન્થોના અભ્યાસ રૂપે પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તના પ્રચારકાર્ય દરમ્યાન, એક પુષ્ટિમાર્ગી તરીકે પણ, તેઓ અસંખ્ય પુષ્ટિમાર્ગીઓના પુષ્ટિમાર્ગની બાબતમાં વિચારો, અનુકૂલ-પ્રતિકૂલ-તટસ્થ માન્યતાઓ તેમજ શઙ્કાઓ થી ફરી એક વાર રૂબરૂ થઈ રહ્યા છે.

આટલી લાંબી અનુભવયાત્રાના ફલસ્વરૂપે શ્રીરસિકભાઈના મનમાં,

ક્યારેક પોતાના તો ક્યારેક કોઈક વ્યક્તિ કે સમુદાય વિશેષના શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત વિષયક અનેક પ્રશ્નો-જિજ્ઞાસાઓ-આક્ષેપો યથાવસર ઉપસ્થિત થતા રહે છે. તેથી જ એમના ઘણાખરા પ્રશ્નો જનસામાન્યને પોતાના પ્રશ્નો જેવા લાગતા હોય છે.

સમ્પ્રદાય વિષયક પ્રશ્નો થવા એ સમ્પ્રદાયના જીવંત હોવાનું પ્રમાણ છે. જેટલા વધુ લોકોને સમ્પ્રદાયના સિદ્ધાન્તો વિષયક જેટલા વધુ પ્રશ્નો થાય તેને સમ્પ્રદાયના તેટલા વધુ જીવંત હોવાનું પ્રમાણ માનવું જોઈએ.

જો ભારતીય સનાતનધર્મની પરમ્પરા તરફ નજર નાખવામાં આવે તો આજે આપણને જે ઉપનિષદ્, પુરાણ, ઈતિહાસ વગેરે શાસ્ત્રગ્રન્થો ઉપલબ્ધ થયા છે તે કોઈને કોઈ જિજ્ઞાસુના કોઈ મહાપુરુષ સાથે થયેલ પ્રશ્નોત્તરનું જ પરિણામ છે. ઉચિત પ્રશ્નનું ઉચિત સમાધાન અનન્તકાલ પર્યન્ત મનુષ્યને કેવી રીતે લાભદાયક બને છે તેનું જીવતું જાગતું દૃષ્ટાન્ત આપણા આ શાસ્ત્રો છે.

તેથી શ્રીરસિકભાઈને તેમણે કરેલા પ્રશ્નો બદલ જેટલા' ધન્યવાદ અપાય તેટલા ઓછા ગણાશે કે જેના સમાધાન સ્વરૂપે આજે સમ્પ્રદાયને આ પ્રશ્નોત્તરીનું ઉત્તમ પુસ્તક પ્રાપ્ત થઈ શક્યું છે.

ગો. શ્રીશ્યામ મનોહરજીનું પ્રવચન જેટલું સરળ અને વિવેચન પૂર્ણ હોય છે તેટલું જ અઘરું અને સંક્ષિપ્ત આપનું લખાણ હોય છે. આપશ્રીના લખાણનું જો સરળ વિવેચન કરવામાં આવે તો સમયવિલમ્બની સાથે પુસ્તકનું કદ બીજા ૧૦૦/૧૫૦ પૃષ્ઠ જેટલું વધી જાય. આના સમાધાન સ્વરૂપે પ્રશ્નોત્તરીની પૂર્વભૂમિકા તો આપે સ્વયં લખી જ છે, વધુમાં આપશ્રી દ્વારા લિખિત 'નવપ્રકાશ' પત્રિકા



દ્વારા પ્રકાશિત ભેટપુસ્તક: 'વિવેક-ધૈર્ય-આશ્રય'ની ભૂમિકાને પણ પરિશિષ્ટ તરીકે સાભાર આ પુસ્તકમાં સામેલ કરી છે.

અમને પૂર્ણ વિશ્વાસ છે કે આ પુસ્તકના સન્નિષ્ઠ અભ્યાસથી કેવલ પુષ્ટિમાર્ગીઓ જ નહીં અપિતુ અન્ય જિજ્ઞાસુ લોકો પણ બ્રહ્મવાદ, લીલાવાદ, પુરુષાર્થ, વ્યક્તિસ્વાતન્ત્ર્ય, નિયતીવાદ, વૈશમ્ય-નૈર્ઘણ્યદોષ, કર્મનોસિદ્ધાન્ત જેવા અનેક વિષયો બાબત સામ્પ્રદાયિક શુદ્ધ સિદ્ધાન્તોથી પરિચિત થઈને તદ્વિષયક અજ્ઞાન-અન્યથાજ્ઞાનથી મુક્ત બની શકશે. અસ્તુ.

**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ વતી**

*ગોસ્વામી શરદ્*

# વિષયાનુક્રમણિકા


**૧. શુદ્ધાદ્વૈતવાદ અને લીલાવાદ ના સંદર્ભમાં વ્યકતિસ્વાતંત્ર્યની મીમાંસા ૧-૨૪**

ઉપક્રમ ૧

વ્યકતિસ્વાતંત્ર્ય :

-જડક્રિયાથકી બ્રહ્માંડની ઉત્પત્તિના સંદર્ભમાં ૧

-ચેતનકર્મથકી બ્રહ્માંડની ઉત્પત્તિના સંદર્ભમાં ૪

-સામાજિક પ્રાણી એટલેકે માનવીય વ્યવહારના સંદર્ભમાં ૭

[૧]કાનૂની વ્યકતિસ્વાતંત્ર્ય ૭

[૨]નૈતિક વ્યકતિસ્વાતંત્ર્ય ૮

[૩]ધાર્મિક વ્યકતિસ્વાતંત્ર્ય ૧૦

[૪]ભકતિમાર્ગીય વ્યકતિસ્વાતંત્ર્ય ૧૧

-લીલાત્મિકા ક્રિયારૂપે બ્રહ્માંડની ઉત્પત્તિના સંદર્ભમાં ૧૪

ઉપસંહાર ૨૦

**૨. શરણાગતિ વિચારગોષ્ઠીમાં પૂરકપ્રશ્નોત્તરી ૨૫-૬૩**

(ક)કર્મસિદ્ધાંતના સંદર્ભમાં ૨૫

(ખ)લીલાબોધના સંદર્ભમાં ૨૯

(ગ)વૈષમ્યનૈર્ઘૃણ્યના સંદર્ભમાં ૩૭

(ઘ)"સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ" અને

નિઃસાધનતાભાવ ના સંદર્ભમાં ૩૯

(ઙ)મધ્યમાર્ગ ૪૪

(ચ)મૂળજિજ્ઞાસા ૪૭

(છ)ઉપસંહાર ૬૨

**૩. વિવેક, ધૈર્ય અને આશ્રય(શુદ્ધાદ્વૈતવાદાશ્રિત જીવનદષ્ટિ) ૬૪-૮૦**

વિવેક ૭૦

ધૈર્ય ૭૩

આશ્રય ૭૮




॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકલમલેભ્યો નમઃ ॥

## શુદ્ધાદ્વૈતવાદ અને લીલાવાદ ના સંદર્ભમાં વ્યકતિસ્વાતંત્ર્યની મીમાંસા

<u>ઉપક્રમ</u> :

[૧]શુદ્ધાદ્વૈતવાદ મુજબ શરણાગતિના ઉપદેશમાં નિઃસાધનતાની ભાવનાનો ઉપદેશ માણસને અકર્મણ્ય બનાવતો લાગે છે. [૨]પરમેશ્વરને કર્તા-કારયિતા અને સમગ્ર બ્રહ્માંડને લીલારૂપે પ્રસ્તુત કરનાર આવા સિદ્ધાંતને કારણે જીવાત્માને પોતાના પુરુષાર્થમાં વિશ્વાસ ખોવાનો વારો આવ્યા વિના ન રહે. તેથી [૩]શુદ્ધાદ્વૈતવાદ કૃત કર્મોના પ્રત્યે ઉત્તરદાયિત્વની ભાવના ખતમ કરનારી વિચારધારા લાગે છે. [૪]કર્મ પ્રત્યે ઉત્તરદાયિત્વને ગૌણ બનાવવા જતાં તેની બાબતમાં સદસદ્વિવેક વાપરવાની શકતિના પ્રયોગની પ્રેરણા પણ રુંધાઇ જતી લાગે છે. તેથી [૫]બોધસ્વાતંત્ર્ય ઇચ્છાસ્વાતંત્ર્ય અને પ્રયત્નસ્વાતંત્ર્ય જો જીવાત્માની ભીતર સ્વીકારવામાં ન આવે તો ધર્માધર્મનો વિભાગ પણ જાળવી નહિ શકાય. [૬]પરિણામે પુષ્ટિસંપ્રદાયના પણ વિધિ-નિષેધો અંતે અર્થહીન સાબિત થશે. તેથી આ મુદ્દો ગંભીર વિચારણા માગે છે.

આ સમસ્યાનું સમાધાન શોધતાં પહેલાં એક પ્રમુખ પ્રશ્ન આ વિચારવો રહ્યો કે જગત્નું મૂળ કારણ જો બ્રહ્મ પરમાત્મા ભગવાન્ ન હોય તો બીજું શું હોઇ શકે?

<u>વ્યકતિસ્વાતંત્ર્ય જડક્રિયાથકી બ્રહ્માંડની ઉત્પત્તિના સંદર્ભમાં</u> :

જડરૂપે ભાસતું આ બ્રહ્માંડ પોતાની જડરૂપ જ કારણાવસ્થામાં કેમેય કરીને ઉદ્ભવેલી કોઇક જડપ્રક્રિયાને કારણે જ આ કાર્યાવસ્થામાં

પ્રકટેલ હોય તો કારણાવસ્થામાં શું ઉત્પત્તિપ્રક્રિયાને સ્વતઃસિદ્ધ એટલે કે સ્વભાવસિદ્ધ માનવી? અથવા તો પરતઃસિદ્ધ એટલે કે બાહ્ય પ્રભાવને કારણે પ્રકટેલી માનવી? જો બાહ્ય પ્રભાવને કારણે માનીએ તો અંતે અનવસ્થા દોષ પ્રકટ થશે. કેમકે તેમ કરતાં તો આ અનુત્તરિત પ્રશ્નને અહીંયાથી ધકેલીને ત્યાં મોકલવામાં આવી રહ્યો છે પરંતુ હકીકતમાં તેથી નિરાકરણ તો થતું નથી. તેથી જો સ્વાભાવિક પ્રક્રિયા રૂપે ઉત્પત્તિને સ્વીકારીએ તો આપણાં બોધ ઈચ્છા કે પ્રયત્ન ના સ્વાતંત્ર્યને પણ તે સ્વભાવને આધીન સ્વીકારવા પડશે. હવે જો જડનિયમોને આધીન માણસમાં બોધ ઈચ્છા અને પ્રયત્ન ઉત્પન્ન થતા હોય તો તેમને બ્રહ્મને આધીન ઉત્પન્ન થતા સ્વીકારવામાં પણ વાંધો હોવો જોઈએ નહિ. કેમકે એકાંતિક સ્વાતંત્ર્ય તો આ કલ્પમાં પડતું મૂકાયું છે.

આ સમસ્યાના સમાધાનરૂપે એમ પણ એક ધારણા રજુ કરાવાતી હોય છે કે સમગ્ર બ્રહ્માંડને કેવળ એક કાર્ય માનીને તેના કોઈ એક કર્તાની શોધખોળ પોતાનામાં એક ખોટી શરુઆત છે. કેમકે બ્રહ્માંડ તો કાર્ય-કારણાવસ્થાની નિરંતર ચાલતી એક શૃંખલા છે. તેથી તેમાં પ્રત્યેક કાર્યનું કોઈ એક નિશ્ચિત કારણ શોધી શકાય પરંતુ કાર્યસમષ્ટિની કારણસમષ્ટિ શોધવાની મથામણ એક ભૂલ ભરેલી વિચારસરણી છે. ઉદાહરણરૂપે કોઈક વંશ પચીસ પેઢી ('ક' થી 'મ') સુધી ચાલ્યો હોય તો પચીસમી 'મ' વ્યક્તિથી માંડીને બીજી 'ખ' વ્યક્તિ સુધી કોણ કોનો પિતા તે આપણે શોધી કે જાણી શકીએ પરંતુ તે પછી કોઈક એમ પૂછે કે વારું હવે આ દેખાડો કે 'ક' થી 'મ' સુધી ચાલેલા સમગ્ર 'ક-મ'વંશનો પિતા કોણ? તો આમાં ધ્યાનમાં રાખવા જેવી વાત આ છે કે 'ક'ના પિતા તરીકે 'અઃ' શોધી શકીએ પરંતુ તે 'અઃ'નું પિતૃત્વ પણ 'ક' પૂરતું જ સીમિત રહેશે. તેને સમગ્ર 'ક-મ' વંશના પિતા તરીકે ઓળખાવી શકાતું નથી.



આ વિચારસરણી મુજબ જોકે બ્રહ્માંડસમષ્ટિના સર્વકર્તા કે સર્વકારણ તરીકે બ્રહ્મ કે પરમેશ્વર ને નકારી શકાય પરંતુ તે અસ્વીકાર ઉપરાંત પણ 'ક' થી 'મ' સુધીની કાર્યશૃંખલામાં પ્રત્યેક 'ક' 'ખ' વગેરેનું 'ખ' કે 'ગ' વગેરેને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય સ્વતઃસિદ્ધ માનવું પડશે. તેથી તેવા જડ કે ચેતન સ્વભાવને આધીન 'ક' થી 'મ' સુધીના સ્વાતંત્ર્યને પણ સ્વીકારવું પડશે. નહિ તો ઉત્પાદન સ્વભાવસિદ્ધ પરંતુ ઉત્પન્ન થનારી તે-તે વ્યક્તિઓની બીજી બધી ક્રિયાઓને વ્યક્તિસ્વાતંત્ર્યથી મંડિત કરવા જતાં તો તે સ્વાતંત્ર્ય ફરીથી ખૂંટે બંધાયેલ બળદનાં કોઈક ચોક્કસ દાયરામાં હરી-ફરી શકવા કે બેસવા-ઉઠવા જેવા સ્વાતંત્ર્યની માફક જ સામે આવશે. અને આવી જાતના સંકુચિત સામર્થ્ય સામે જો વાંધો; એટલે કે અકર્મણ્ય બનાવનારી ધારણાનો આક્ષેપ લગાડવો, ન હોય તો બ્રહ્મની બાબતમાં પણ તેને માન્ય રાખવો જોઈએ નહિ.

તેથી સચ્ચિદાનંદરૂપ બ્રહ્મ પરમાત્મા ભગવાન્ રૂપ પરમેશ્વરથી સૃષ્ટિની ઉત્પત્તિની ધારણા; અથવા તો જડ પદાર્થોની પરસ્પર કારણ-કાર્યભાવની શૃંખલામાં નિરંતર ઉત્પન્ન થતી સૃષ્ટિની ધારણા, એમ બેઉ ધારણા વચ્ચે તફાવત ફક્ત, એક ધારણા મુજબ કારણ ચેતન છે તો બીજી ધારણા મુજબ તે જડ છે, આટલી જ બાબતમાં રહી જાય છે. બેમાંથી કોઈ પણ એકથી ઉત્પન્ન થયેલ કાર્ય ઉપર કારણપદાર્થની જકડમાં ભેદ જણાતો નથી!

જોકે ભગવાન્ બુદ્ધે આ સમસ્યાના સમાધાનમાટે કોઈ પણ એક કારણથી કાર્યની ઉત્પત્તિ સ્વીકારવાને બદલે કારણરૂપે ભાસતાં ઘણાં બધાં પદાર્થો ભેગાં થતાં કાર્યની ઉત્પત્તિના આભાસનો સિદ્ધાંત રજુ કર્યો હતો. જેમાં કારણ અને કાર્ય બંને અસત્ હોવા છતાં કેલિડોસ્કૉપ્‌ની ભીતર બંગડીના ટુકડાઓ જેમ ડિઝાઈનનો આભાસ પ્રકટ કરે તેમ કાર્ય-કારણભાવનો આભાસ પ્રકટ કરતા સ્વીકારવામાં

આવ્યાં છે. આ રૂપે જોવા જતાં પણ વ્યક્તિચેતના કાર્યરૂપે કે કારણરૂપે એક આભાસ જ સિદ્ધ થાય છે, હકીકત નહિ. એટલે વ્યક્તિચેતના પોતે જો આભાસ હોય તો તેમાં જણાતી સ્વતંત્રતા પણ એક આભાસ જ પુરવાર થશે. હવે બહુવિધ હેતુસામગ્રીને કારણે ભાસતું વ્યક્તિચેતનાનું સ્વાતંત્ર્ય કે ભગવલ્લીલાને કારણે ભાસતું વ્યક્તિચેતનાનું સ્વાતંત્ર્ય બંને જ અંતે તો એકાંતિક સત્ય ન હોઈ આંશિક સત્ય જ હોઈ શકે. આ બાબતમાં બૌદ્ધ અને વાલ્લભ ચિંતન વચ્ચે મતભેદ રહી જતો નથી.

<u>વ્યક્તિસ્વાતંત્ર્ય ચેતનકર્મથકી બ્રહ્માંડની ઉત્પત્તિના સંદર્ભમાં</u> :

હવે જડ પોતાને કે બીજાને જોઈ કે જાણી ન શકે પરંતુ સચેતન પ્રાણી પોતાને અને બીજાને જોઈ-જાણી શકે છે. તે મુજબ જડાવસ્થામાં બધું સ્વભાવાધીન હોવા છતાં વિકસિત અવસ્થામાં ચૈતન્યની માફક સ્વાતંત્ર્ય પણ પ્રકટ થતું સ્વીકારીએ તો બ્રહ્માંડની સમગ્રતામાં આ ચેતના કે સ્વાતંત્ર્ય ને કાં તો આકસ્મિક સ્વીકારવી પડશે અથવા તો જડ પદાર્થમાં નિગૂઢ રહેલ સંભાવ્યતા (potentiality) કે શક્તિ (power) ને કારણે માનવી પડશે. જો સંભાવ્યતા કે શક્તિ ને કારણે સ્વીકારીએ તો તેને વસ્તુયાથાર્થ્ય (Reality) માં પરિણત કરનાર પરિબળ કેવું કે કયું માનવું? શું જડ પદાર્થનાં નિયમોને તેને આધીન માનવું કે સ્વતંત્ર? જડ પદાર્થનાં નિયમોને આધીન માનવા જતાં વાત ત્યાંની ત્યાં જ આવી જતી હોય છે. અને તેને સ્વતંત્ર માનતાં તે પરિબળનું સ્વાતંત્ર્ય પ્રમુખ સ્વાતંત્ર્ય કહેવાશે પરંતુ માનવીય બુદ્ધિ ઈચ્છા કે પ્રયત્ન નું સ્વાતંત્ર્ય ફરીથી પોતાના સિવાય બીજે કશે અવલંબિત સિદ્ધ થશે.

તેથી બ્રહ્માંડની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલય ક્રિયાની પેટા ક્રિયા તરીકે પ્રકટતી વિવિધ જડ ક્રિયાઓને જ કોઈ તબક્કા ઉપર જઈને આપણને સચેતન પદાર્થના કર્મરૂપે રૂપાંતરિત થતું સ્વીકારવું હોય તો તે શક્ય



છે. તે કર્મને, પરંતુ, [1]સ્વભાવરૂપે; કે [2]જીવનનિર્વાહાર્થ સંઘર્ષમય વાતાવરણમાં પોતાને અથવા તો પોતાના વંશસાતત્યને જાળવવા માટેના ઉપાયરૂપે વિકસેલ સામર્થ્યના રૂપે; કે કરોડો વર્ષોથી ચાલી રહેલ આવા સંઘર્ષમાં વિકસેલ આનુવંશિક સામર્થ્યના રૂપે; [3]અથવા તો બ્રહ્મ જેવા તત્ત્વના અસ્તિત્વને સ્વીકાર્યા વિના પણ સ્થિરાસ્થિરચેતના કે પ્રવાહસ્થિરચેતના ના અનેક પૂર્વજન્મનાં કર્મોના નિયમ કે વાસના ને કારણે વિકસેલ સામર્થ્યરૂપે પણ રજુ કરી શકાય.

[1]આમાં પ્રથમ પક્ષ આધુનિક વિજ્ઞાનના પ્રાદુર્ભાવ પહેલાં ભૌતિકવાદીઓએ, જેમકે આપણા દેશમાં ચાર્વાકો થયા તેવાઓએ, રજુ કરેલ પક્ષ છે. આવા બાલિશ ભૌતિકવાદને, પરંતુ, આજે કોઈ સ્વીકારતું નથી.

[2]બીજો પક્ષ આધુનિક વિજ્ઞાનદ્વારા રજુ થયેલ પક્ષ છે. આ સંદર્ભમાં એક વાત અતિશય યાદ રાખવા જેવી એ છે કે આધુનિક વિજ્ઞાન મુજબ માનવીય ચેતના પોતે એક પદાર્થ ન હોઈ ઈલેક્ટ્રો-કેમિકલ્ સ્પંદન કે બાયોકેમિકલ્ કંપાઉડ્ સિવાય બીજું કશું હોઈ શકતી નથી. તો તેને કારણે થતાં બોધ ઈચ્છા કે પ્રયત્ન નું સ્વાતંત્ર્ય પણ બ્રેઈનની અનેરી સંરચના અથવા તો તેમાં જુદી જાતની ચિપ્સ્ બેસાડીને; એટલે કે અધુનાવિકસિત જેનેટિક ટેક્નોલોજીની મદદથી, મનગમતા બીબામાં પ્રકટ કરી શકાય છે. તેને નવા રૂપે સુધારી કે વિકસાવી પણ શકાય છે. આવા ભીષણ વળાંક ઉપર જ્યારે વૈજ્ઞાનિક વિકાસ પહોંચી રહચો હોય ત્યારે બોધસ્વાતંત્ર્ય કે ઈચ્છાસ્વાતંત્ર્ય કે પ્રયત્નસ્વાતંત્ર્ય નું વસ્તુનિષ્ઠ મૂલ્ય કેટલું બાકી રહી જાય છે?

[3]ત્રીજા પક્ષો પૈકી પ્રથમ પક્ષ જૈનચિંતન દ્વારા રજુ થયેલ છે. જ્યારેકે ત્રીજા પૈકી દ્વિતીય પક્ષ બૌદ્ધચિંતન દ્વારા પ્રસ્તુત થયેલ છે. તેમાં જૈનચિંતન જીવાત્માને, તેના અનેકાંતવાદી અભિગમને અનુરૂપ,

સ્થિરાસ્થિર ચેતના માને છે. બૌદ્ધચિંતન, જ્યારેકે, જીવાત્માને અનાદિસાંત ચેતનાપ્રવાહ રૂપે સ્વીકારે છે.

આ બંને ચિંતનોમાં અસંખ્ય પૂર્વજન્મોમાં કરેલ કર્મફળ કે કર્મવાસના ને કારણે માણસના વર્તમાન જન્મનાં બોધ ઇચ્છા કે પ્રયત્ન પંકિલ માનવામાં આવ્યા છે. પણ પૂર્વજન્મોમાં આપણે ક્યારેક વનસ્પતિ તો ક્યારેક કીટ સરીસૃપ જલચર થલચર કે નભચર પણ અવશ્ય હોઈશું જ. આ યોનિઓમાં બોધશક્તિનો વિકાસ સ્વાતંત્ર્યને નભાવી શકે એવો કલ્પી નથી શકાતો. તેથી તન્મૂલક ઇચ્છાસ્વાતંત્ર્ય કે પ્રયત્નસ્વાતંત્ર્ય ની તો કલ્પના જ અશક્યપ્રાય છે. હવે કર્મનિયમ જો જડ હોય તો કેવલ માનવયોનિને જ લાગુ પડે પણ માનવેતર યોનિને નહિ એમ કેમ કહી શકાય? વાતાવરણ કે ગુરુત્વાકર્ષણ નાં જડનિયમો બધી જ યોનિઓમાટે સમાનરૂપે પ્રભાવશાળી હોય છે. તદ્દુપરાંત ચોરાસી લાખ યોનિઓમાં કરાયેલ કર્મોનાં ફળનો પ્રભાવ અંતિમ માનવયોનિમાં નિરસ્ત થઇને ઓચિંતી સ્વતંત્રતા જો તેને બક્ષતો હોય તો તે તો પાંખ કાપીને પક્ષીને પાંજરામાંથી મુક્ત કરવા જેવી બિના લાગે છે. કેમકે જ્યાં સુધી માનવેતર યોનિઓમાં કરેલાં કર્મોનાં ફળથી કે તેની વાસનાથી પણ જો મુક્તિ આપવામાં આવતી ન હોય તો બોધેચ્છાપ્રયત્નસ્વાતંત્ર્યનું મૂલ્ય કેટલું?

તેમાંય વળી માનવ જેવા સામાજિક પશુમાટે તો તેના વૈયક્તિક કર્મની માફક સામુદાયિક કર્મનું પણ ઉત્તરદાયિત્વ સ્વીકાર્યા વિના છૂટકો જ નથી. તદ્દુપરાંત વૈયક્તિક બોધ ઇચ્છા કે યત્ન ની માફક સામુદાયિક બોધ ઇચ્છા કે યત્ન ની પરસ્પર તરતમ્યતા અને પરસ્પર અસરકારકતા પણ સ્વીકારવી પડતી જ હોય છે. જાપાન દેશે બીજા વિશ્વયુદ્ધ વખતે સામ્રાજ્યવાદી નીતિ અપનાવી હતી. તેનાં પરિણામરૂપે હિરોશિમા-નાગાસાકીનાં કેટલાં બધાં નિર્દોષ નાગરિકો અણુબૉંબની વિનાશકારી જ્વાલાઓમાં બળીને રાખ બની ગયાં હતાં! આવી



પરિસ્થિતિમાં વ્યક્તિગત બોધ ઇચ્છા કે પ્રયત્ન માં જણાતી સ્વતંત્રતાનું મૂલ્ય કેટલું બચી જાય છે!

તેથી સચેતન પ્રાણીઓના કર્મથકી પ્રકટ થતા બ્રહ્માંડના સંદર્ભમાં પણ વ્યક્તિનું બોધેચ્છાપ્રયત્નસ્વાતંત્ર્ય જળવાતું તો નથી જ.

<u>વ્યક્તિસ્વાતંત્ર્ય સામાજિક પ્રાણી એટલે કે માનવીય વ્યવહારના સંદર્ભમાં</u> :

આ શીર્ષકની હેઠળ ચાર પ્રકારનાં સ્વાતંત્ર્ય વિચારી શકાય : [૧]કાનૂની વ્યક્તિસ્વાતંત્ર્ય, [૨]નૈતિક વ્યક્તિસ્વાતંત્ર્ય, [૩]ધાર્મિક વ્યક્તિસ્વાતંત્ર્ય; અને [૪]ભક્તિમાર્ગીય વ્યક્તિસ્વાતંત્ર્ય.

<u>[૧]કાનૂની વ્યક્તિસ્વાતંત્ર્ય</u> : કોઈ પણ સમાજ તેનાં લિખિત કે અલિખિત કાનૂન વિના ટકી શકતો નથી. તેથી કાયદાકીય વ્યક્તિસ્વાતંત્ર્ય સમાજદ્વારા વ્યક્તિને બક્ષવામાં આવેલું સામર્થ્ય હોવાથી તે નથી સ્વાભાવિક હોતું કે નથી એકાંતિક. તદ્દુપરાંત તે-તે દેશ-કાળમાં તે-તે સમાજ પોતપોતાના નવા-નવા કાયદા-કાનૂન ઘડતા જ રહ્યા છે અને ઘડતા જ રહેશે. જૂના જમાનામાં બે જણાં પોતાના વિવાદ કે અપમાન ના નિકાલમાટે એકબીજાને ખાંડાં ખખડાવતાં લલકારતાં અને તેમાં જો કોઇનો જાન જાય તો જાન લેનારને હત્યાનો ગુનેગાર માનવામાં આવતું નહોતું. ત્યારે આવું પ્રાણઘાતકી સ્વાતંત્ર્ય માન્ય હતું. હવે કોઇ પણ સભ્ય સમાજમાં તેવા સ્વાતંત્ર્યને માન્ય કરાવાતું નથી. તેથી સિદ્ધ થાય છે કે વ્યક્તિનું કાયદાકીય કર્મસ્વાતંત્ર્ય સમાજદ્વારા બક્ષાયેલું અને તે-તે સમાજની તે-તે દેશ-કાળની માન્યતાઓપર નિર્ભર હોય છે. સ્વાભાવિક કે એકાંતિક તો નહિ જ. આ હકીકતને બોધ, અભિવ્યક્તિ, ઇચ્છા કે પ્રયત્ન નાં સ્વાતંત્ર્યના સંદર્ભમાં પણ આપણે જોઇ કે જાણી શકીએ છીએ. ઘણી બધી વાતો વ્યક્તિ જાણી લે તે; કે જાણી ગયો હોઇ છડે ચોક તેની જાહેરાત કરે તે; અથવા તો સમાજે પ્રતિબંધિત ઠરાવેલ કોઇ બાબતની ઇચ્છા

ધરાવીને કાવતરું ઘડતાં પકડાઈ જાય તો પણ વ્યક્તિને ગુનેગાર માનવામાં આવે છે.

એટલે મોટે ભાગે દરેક વ્યક્તિનાં બોધ કે ઈચ્છા ના ઘડતરમાં સમાજનો બહુ મોટો ફાળો હોય છે. તેથી એક સામાજિક વ્યક્તિ પોતાનાં બોધ કે ઈચ્છા ને અનુરૂપ પ્રયત્ન આદરવા માગે ત્યારે તેનું સમાજને અનુરૂપ હોવું આવશ્યક હોય છે. કેમકે તેવા પ્રયત્નને અનુકૂલ વાતાવરણ સમાજ જ વ્યક્તિને ઉપલબ્ધ કરાવતો હોય છે. હવે જો અહીંયા આવા સમાજાધીન વ્યક્તિસ્વાતંત્ર્યને કારણે અકર્મણ્ય કે અપુરુષાર્થી હોવાના વાંધો ઉઠતો ન હોય તો પરમેશ્વરાધીન જીવસ્વાતંત્ર્યમાં કેમ વાંધો આવો જોઈએ?

[૨]<u>નૈતિક વ્યક્તિસ્વાતંત્ર્ય</u> : નીતિશાસ્ત્રમાં કોઈ પણ કૃત્યના નૈતિક મૂલ્યાંકનમાટે ઘણી બધી કસોટીઓ વિચારવામાં આવી છે. દાખલા તરીકે કોઈ કૃત્ય કાયદાકીય દૃષ્ટિએ વાંધા ભરેલું ન પણ હોય છતાં નીતિની દૃષ્ટિએ અયુક્ત હોઈ શકે. તેમજ કાયદાકીય દૃષ્ટિએ કોઈ કૃત્ય વાંધાજનક હોવા છતાંય નૈતિક દૃષ્ટિએ અનુસરણીય હોઈ શકે. તેથી કાનૂની અપરાધનું દંડ બાહ્ય, શારીરિક કે આર્થિક વિ. રૂપે હોય છે. નીતિનું દંડ, પરંતુ, પોતાના અંતરાત્માને ડંખતું માનવામાં આવે છે. કાયદાકીય ધરાધોરણ મુજબ ક્યાંય પણ ફસાઈ ન જવાય તેની સંપૂર્ણ સાવચેતી જાળવીને એક વ્યક્તિનું બીજી વ્યક્તિ અહિત કરે તો ભીતર ખાનેથી તેનો અંતરાત્મા ડંખતો જ હોય છે. કાયદાકીય દૃષ્ટિએ પ્રતિબંધિત હોવા છતાંય અંતરાત્માની નૈતિક પ્રેરણાને આધીન થઈને મહાત્મા ગાંધી ચંપારણ જિલ્લામાં પ્રવેશ્યા હતા અને અંગ્રેજ ન્યાયાધીશને અંગરેજી કાયદા મુજબ જે દંડ યોગ્ય હોય તે આપવા ચોખ્ખો પડકાર ફેંક્યો હતો.

તેથી નીતિશાસ્ત્રે વિચારેલાં કેટલાક નિકષો(ધોરણ) પૈકી અમુક



નિકષો આમ દરસાવાયાં છે : [ક]**''બહુજન સુખાય''**, [ખ]**''બહુજન હિતાય''**, [ગ]**''આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્''**. આ પૈકી પ્રથમ અને બીજા [ક-ખ]કલ્પોની બાબતમાં આપણે જોઈ શકીએ છીએ કે સમાજની કોઈ એક વ્યક્તિના કૃત્યથી ઘણા બધાનું સુખ કે હિત જો થતું ન હોય તો તેવું કૃત્ય અનૈતિક બની જતું હોય છે. આ હકીકત એકંદરે સાચી લગવા છતાં કેવા કૃત્યને કારણે સમાજની બહુમતીને કષ્ટ કે તેનું અહિત થાય એમાં કાલભેદે સમાજની બહુમતીમાં એકમત હોતું નથી. વિધવાવિવાહ કે નાતજાતના ભેદોને હિંદુસમાજમાંથી દૂર કરવામાં હિંદુઓની બહુમતી પહેલાં પોતેનું અહિત માનતી હતી હવે પોતાનું હિત માનવા મંડી છે. હવે પોતે સમાજમાં જ જો વૈચારિક પરિવર્તનો પ્રત્યે એક સરખી ધારણા સચવાતી ન હોય તો વ્યક્તિને પોતાના કયા કૃત્યને નૈતિક માનવું કે કયા કૃત્યને અનૈતિક? એટલે નાતજાતનાં ભેદોને ન સ્વીકારવા કે સ્વીકારવા? શેમાં વ્યક્તિની નીતિમત્તા જળવાશે? આજે વિવાહસંસ્થાને બંધનકારી માનીને સ્ત્રીપુરુષોના અવિવાહિત સહજીવનમાં અનૈતિકતા જેવી કોઈ વાત માનવા કેટલાક લોકો રાજી છે તો કેટલાક નારાજ. આમાં બહુજનસુખ કે બહુજનહિત નો નિર્ધાર કરવો અઘરો થઈ પડે છે.

[ગ]તેથી અંતે **''આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્''** સૂત્રને નૈતિકતાના નિકષ તરીકે સ્વીકારીને એમ કહીએ કે આપણી સાથે કરવામાં આવતા જેવા વ્યવહારને આપણે યોગ્ય ન ગણતા હોઈએ, તેવો વ્યવહાર આપણે બીજાની સાથે કરવો ન જોઈએ. નૈતિકતાના આવા આદર્શમાં પણ કેટલીક કનડગતો છે. પોતાને કોઈ મારી નાખે તેની પરવા પોતે જો કે ન કરતો હોય પણ બીજા જે મરવા તૈયાર ન હોય તેમને મારી નાખવા માગતો હોય, તો તેને નૈતિક રીતે યોગ્ય માનવું કે નહિ? દા.ત. ન્યૂયોર્ક શહરનાં W.T.C. ના બંને ટાવર્સ્ સાથે પોતાના વિમાનોને અથડાવીને પોતે મરીને બીજા અનેક નિર્દોષોને પણ મારનાર ત્રાસવાદીઓનું કૃત્ય શું નૈતિક

કૃત્ય તરીકે માન્ય રાખવું કે નહિ? તેથી વૈયક્તિક બોધ ઈચ્છા કે પ્રયત્ન અને સામાજિક બોધ ઈચ્છા કે પ્રયત્ન ની વચ્ચે વિરોધાભાસનો પ્રશ્ન વિકરાળ હોય છે. મોટે ભાગે વ્યક્તિ સમાજનો અંગ હોવાથી તેનાં બોધ ઈચ્છા કે પ્રયત્ન પણ સમાજના બોધ ઈચ્છા કે પ્રયત્ન નાં અંગ હોવાની માન્યતાના આદર્શ હેઠે વ્યક્તિને સમાજવિરોધી નિરંકુશ સ્વાતંત્ર્ય બક્ષવાનું સમાજમાં માન્ય થતું નથી. હવે અહીંયા જો સમાજાધીન વ્યક્તિસ્વાતંત્ર્યની ધારણાનો અંગીકાર વાંધાજનક લાગતો ન હોય તો બ્રહ્માધીન જીવસ્વાતંત્ર્યમાં વાંધો હોવો તો જોઈએ નહિ.

[3]ધાર્મિક વ્યક્તિસ્વાતંત્ર્ય : ધર્મોના બે વર્ગો પ્રમુખ જણાય છે. એક વર્ગ આ સૃષ્ટિની માફક ધાર્મિક વિધિ-નિષેધોને પણ ઈશ્વરીય વિધાન ગણનારાઓનો છે. બીજો વર્ગ સૃષ્ટિકર્તા જેવા ઈશ્વરને નકારતો હોવાથી સિદ્ધ પુરુષોદ્વારા દિવ્યજ્ઞાનના આધારે સાક્ષાત્કૃત ધર્મનિયમોની તરફેણ કરનારાઓનો છે. આ બંનેમાંથી કોઈ પણ ધર્મસંપ્રદાય સાધારણ માનવીના પોતાના બોધ આકાંક્ષા કે પ્રયત્ન ની બાબતમાં સ્વાતંત્ર્યને પોતપોતાના ધર્મગ્રંથોમાં મળતા વિધિ-નિષેધોથી વિરુદ્ધ ન જતા હોય તેટલા જ અંશોમાં માન્ય રાખે છે. મૂળમાં તો પોતાનાં ધર્મગ્રંથોમાં ઉપદિષ્ટ બોધથી વિપરીત જતા કોઈ પણ બોધને ધર્મસંપ્રદાયો અન્યથાબોધ જ માનતા હોવાથી વખોડતા જ હોય છે. તેથી વ્યક્તિબોધના આધારે ઉદ્ભવેલી ઈચ્છા કે આકાંક્ષા અને તદનુરૂપ પ્રયત્ન ને પણ અધર્મ તરીકે આલેખતા હોવાથી ધાર્મિક વ્યક્તિસ્વાતંત્ર્ય પણ તે-તે ખૂંટીઓથી બંધાયેલ વ્યક્તિસ્વાતંત્ર્ય જ સિદ્ધ થાય છે.

દા.ત. વૈદિક યજ્ઞયાગોમાં પશુઓની આહુતિને ધર્મ માનનારી વૈદિકી શ્રદ્ધાને જૈન ધર્મ અન્યથાબોધ ગણે છે. તેવા યજ્ઞાનુષ્ઠાનોની આકાંક્ષાને અધર્મેચ્છા અને અનુષ્ઠાનને સાક્ષાત્ પાપ જ માને છે. તેમજ જૈનોના અઠ્ઠમ જેવા વ્રતોને આપણી ભગવદ્ગીતાના **"અશાસ્ત્રવિહિતં ઘોરં તપ્યન્તે યે તપો જનાઃ દમ્ભાહંકારસંયુક્તાઃ... કર્ષયન્તઃ શરીરસ્થં ભૂતગ્રામમ્ અચેતસો માં ચૈવ અન્તઃશરીરસ્થં તાન્ વિદ્ધિ આસુરનિશ્ચયાન્"** (ભગવદ્ગીતા : ૧૭।૫-૬) વચન પ્રમાણે આપણે આસુર કર્માનુષ્ઠાન માનીએ છીએ. યહૂદી-મુસ્લિમ ધર્મો મૂર્તિપૂજનને મહાન્ પાપ ગણે છે. મુસલ્માનો તેથી મંદિરો અને મૂર્તિઓ ને તોડી નાખવામાં મહાન્ પુણ્યલાભ માને છે. જ્યારેકે દેવમૂર્તિની જો પ્રાણપ્રતિષ્ઠા થઈ હોય તો તેમને અપૂજિત રાખવામાં આપણે મોટું પાપ ગણીએ છીએ. ઈસાઈ ધર્મમાં જુનાં જમાનામાં, હાલમાં જાણવા મળ્યું કે, શુક્રવારે માંસ ખાનારાઓને નરકગામી માનવામાં આવતા હતા. હવે નિષેધ હોવા છતાં તે અપરાધ નરકદાયી માનવામાં આવતું નથી. કોઈ પણ સંજોગમાં આમાં વ્યક્તિનાં બોધ આકાંક્ષા કે પ્રયત્ન કરતાં ધર્મસંસ્થાઓના બોધ અને નિર્ધાર ને જ પ્રમુખ માનવામાં આવે છે.

[3]ભક્તિમાર્ગીય વ્યક્તિસ્વાતંત્ર્ય : સામાન્ય બોલચાલની ભાષામાં ભક્તિને ધર્મના રૂપે જ લેવામાં આવે છે. તેથી ધાર્મિક સ્વાતંત્ર્ય અને ભક્તિમાર્ગીય સ્વાતંત્ર્ય ને નોખા પાડીને વિચારવાના ન હોય. ધર્મની, પરંતુ, શાસ્ત્રીય પરિભાષા કે સ્વરૂપ નો વિચાર જો ગંભીરતાથી કરવામાં આવે તો ભક્તિને ધર્મ તરીકે ખપાવી શકાતી નથી. જુદા-જુદા સમુદાયોદ્વારા સમાદત શાસ્ત્રોમાં ઉપદિષ્ટ વિધિ-નિષેધોને કારણે જે કૃત્ય=વ્યવહાર વાણી કે વિચાર આપણામાટે સ્વીકરણીય કે અસ્વીકરણીય હોય તેને ધર્મ કે અધર્મ માનવામાં આવે છે. તેમ હોવા છતાં કોઈ પણ શાસ્ત્ર પોતાની સમગ્ર દિવ્યતા કે શ્રેષ્ઠતા ઉપરાંત ક્યારેય પોતાના આદેશમાત્રથી કોઈ પણ માણસની ભીતર કોઈ પણ કર્માનુષ્ઠાન આચરણ વિચાર કે ભાવના કે આરાધ્ય વસ્તુ કે વ્યક્તિ ના માટે સ્નેહ ઉત્પન્ન કરવા સક્ષમ બની શકતું નથી. અન્યથા શાસ્ત્રના પરાણે કરાવેલ પારાયણમાત્રથી લોકોની ધારણા કે ભાવના માં નાસ્તિકતા નિવારી શકાતી હોત! એટલે પરાણે કોઈ વાત કોઈને સમજાવી શકાય પરંતુ પરાણે કોઈની ભીતર લાગણી પેદા કરી શકાતી નથી. તેથી ક્યારેક કોઈકથી પરાણે આદર પણ પ્રાપ્ત કરી શકાતો હોય

પરંતુ કોઈકની હાર્દિક ભક્તિના ભાજન કેવળ આદેશ કે ઉપદેશ ના આધારે બની જવું શક્ય નથી જ. લાગણી ઉપર પોતે લાગણીશીલ માણસનો પણ ક્યારેક વશ ચાલતો નથી તો બીજાનો વટહુકમ તો ક્યાંથી ચાલી શકે! તેથી ધાર્મિક સ્વાતંત્ર્ય કરતાં ભક્તિમાર્ગીય સ્વાતંત્ર્ય નોખો વિચાર માગી લે છે.

ભક્તિસાધના વિશ્વનાં લગભગ બધા જ ધર્મોમાં ઉપલબ્ધ થતી વૈશ્વિક મનોવૃત્તિ છે. પરંતુ સીધી કે આડકતરી રીતે બધા જ ભક્તિસંપ્રદાયો પોતાનાં એક કે એકથી વધારે ઇષ્ટદેવ કે ઇષ્ટદેવો સિવાય બીજા દેવોની ભક્તિને ક્યારેક અનાવશ્યક, તો ક્યારેક અનુચિત વળગણ, તો ક્યારેક પાપ પણ ગણતા હોય છે. આપણે ત્યાં તેથી જ **"અન્યાશ્રયો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ"** કહેવામાં આવ્યું છે. જોકે આધુનિક યુગમાં ધાર્મિક સંપ્રદાયોથી બંધાઈને ન રહેવાના ધર્મનિરપેક્ષવાદના વાયરાને કારણે ઘણા બધા ધર્મસંપ્રદાયોનાં અનુગામીઓએ વણમાગેલી છૂટ આ બાબતમાં લઈને બધા જ દેવમંદિરોમાં પૂજા-દર્શનભક્તિનો નવો વાડો ઉભો કર્યો છે. તેનો ઉપાય જોકે શાસ્ત્ર કે તેના ઉપદેશકો પાસે નથી જ. હકીકતમાં, પરંતુ, આમાં આધુનિક યુગને કારણે દિવસે-દિવસે વકરતો સ્વધર્મનિષ્ઠાક્ષય જ હેતુ છે, સર્વધર્મનિષ્ઠા નહીં. તેમાંય વળી પ્રમુખ કારણ બધા જ ધર્મો વચ્ચે નિરંતર ચાલતી ચડસાચડસી જ છે. આને કારણે પોતપોતાના ધર્મમાટે અધિકારિતાનો વિવેક વાપર્યા વિના દરેક ધર્મોપદેશકોમાં પોતાના ચેલા મૂંડવાની પ્રક્રિયાએ માઝા મૂકી તે છે. આને કારણે દરેક ધર્મસંપ્રદાયોમાં તેમને સંનિષ્ઠાપૂર્વક અનુસરી શકે તેવા અનુગામીઓનું અલ્પસંખ્યક બની જવું પણ હેતુ બને છે. અન્યથા કોઈ પણ ધર્મસંપ્રદાય પોતાનાં મૂળ ઉપદેશને વફાદાર રહીને ભક્તિસ્વાતંત્ર્ય વ્યક્તિને આપતું હોય તેવું જણાતું નથી. એટલે વૈયક્તિક પારિવારિક કે સામાજિક સહજતાને કારણે પોતપોતાના આરાધ્યમાટે લાગણી હોવી તેને માન્ય કરવા છતાં બીજા આરાધ્ય રૂપો પ્રત્યે લાગણીમાં ભક્તિસંપ્રદાયો



વ્યભિચાર જેવું કાંઈક ગણતા હોય છે. એટલે અનન્યભક્તિભાવ પોતે મોટે ભાગે લગ્નસંસ્થાની માફક જ ભાંગી રહ્યો છે.

જેમ લગ્નસંસ્થાની બાબતમાં સમાજશાસ્ત્રીઓ ત્રણ પ્રકાર વર્ણવે છે : [1]પિતૃપ્રધાન સમાજમાં બહુપત્નીવાદ [2]માતૃપ્રધાન સમાજમાં બહુપતિવાદ અને [3]ઉભયપ્રધાન સમાજમાં એકપતિપત્નીવાદ. તે મુજબ [1]આરાધ્ય-પ્રધાન એકાંતિક ભક્તિસંપ્રદાયોમાં એક આરાધ્યનાં આરાધક તરીકે અનેકવિધ સમાજો માનવામાં આવતા હતા. રામાનુજ માધ્વ વાલ્લભ શૈવ શાક્ત વિ. સંપ્રદાયોને આ શ્રેણીમાં ગણવા. આરાધ્યના ચયનમાં આવા સંપ્રદાયો વ્યક્તિનું સ્વાતંત્ર્ય માન્ય રાખતા હોવા છતાં નિજારાધ્યથી ઈતર આરાધ્યની ભક્તિનું સ્વાતંત્ર્ય વ્યક્તિનું માન્ય રાખતા નથી. [2]આરાધક-પ્રધાન ભક્તિસંપ્રદાયોમાં એક આરાધકનાં અનેક આરાધ્યો હોવાની બીનાને નિર્દોષ માનવામાં આવતી હતી. હકીકતમાં, પરંતુ, આવા સ્માર્ત કે ઉપાસનાવાદીઓના મત મુજબ ભક્તિ લક્ષ્ય ન હોઈ લક્ષ્ય સુધી પહોંચવાનું ફક્ત એક સુગમ માર્ગ તરીકે માનવામાં આવી છે. [3]ઉભય-પ્રધાન ભક્તિસંપ્રદાયો મોટા ભાગે વન્યજાતિઓમાં જોવામાં આવે છે જ્યાં તે-તે જાતિઓનાં જુદા-જુદા આરાધ્ય દેવતાઓ હોય. આપણે ત્યાં પણ તેવાં ગ્રામદેવતા કે કુળદેવતા નોખા-નોખા માનવામાં આવતા હતા. [4]તદુપરાંત આપણી વર્ણાશ્રમવ્યવસ્થામાં કર્મદેવતા ઉત્સવદેવતા અને સ્થાનદેવતા ની ધારણા પણ ઉપદેશાયેલી હતી. તે મુજબ જે કર્મ કે જે પ્રસંગે કે જે સ્થાનમાં જે દેવતાના પૂજનનું વિધાન હોય તેના કરતા જુદા દેવતાનાં પૂજન-ભજનની મનાઈ હતી. [5]હવે પાંચમી ભાત આધુનિક ફેશનની અવિવાહિત સહજીવન જેવી ભક્તિભાવમાં પણ ચાલી પડી છે. આમાં વ્યક્તિને સંપૂર્ણ સ્વાતંત્ર્ય બક્ષવામાં આવ્યું છે કે પોતાના આરાધ્યને કે બીજાના આરાધ્યને ભજવા કે ન ભજવા. મોટા ભાગનાં રાજનીતિજ્ઞોને આ મનોવૃત્તિ વધારે માફક આવતી હોય છે, સમાજના દરેક વર્ગના વૉટ્ મેળવવામાટે. હકીકતમાં આ પ્રકારમાં ભક્તિભાવ કેટલો અને દેખાડો કે દેખાદેખી

કેટલી તે તો શાંત ચિત્તે વિચારવાનું રહ્યું!

**વ્યક્તિસ્વાતંત્ર્ય લીલાત્મિકા ક્રિયારૂપે બ્રહ્માંડની ઉત્પત્તિના સંદર્ભમાં :**

પોતાની સ્વાર્થસિદ્ધિમાટે કે બીજાને છેતરવામાટે આચરવામાં આવતા દાંભિક કે કપટપૂર્ણ નિષ્ઠુર વ્યવહારોથી જુદી, તેમજ રસાનુભૂતિમાટે ભજવાતા વ્યાવસાયિક નાટકોથી પણ જુદી, અથવા તો બે પ્રણયિયુગલ વચ્ચે પ્રણયભાવને મજબૂત કરવામાટે મિથ્યા પ્રણયવચન કે પ્રણયક્રીડા થી પણ જુદી કોઇક હકીકત લીલાભાવની હોય છે.

આ લીલાની હકીકતના પ્રમુખ તો બે પણ એક ગૌણ પણ, એમ ત્રણ પ્રકાર સંભવે : [1]રસાનુભવાર્થ [2]રસાનુભાવનાર્થ અને [3]ભગવદ્ગીતોક્ત સ્થિતપ્રજ્ઞતા.

[1]પ્રથમ પ્રકારના લોકસિદ્ધ ઉદાહરણ તરીકે બાલ્યાવસ્થા કે કિશોરાવસ્થા માં રમવામાં આવતી ચોર-સિપાહી કે તેવી બીજી ક્રીડાઓને ગણી શકાય. આવી ક્રીડાઓમાં નથી કોઇ કોઇને છેતરવા માગતું કે નથી હોતો રમત-ગંમતદ્વારા રસાનુભૂતિ મેળવવા સિવાય બીજો કોઇ ગંભીર હેતુ. જે બાળક ચોર બને તેની ચોર હોવાની અહંતા જેમ લીલાત્મિકા હોય છે તેમ તેવા અહંબોધને કારણે રમવામાં ચોરી કરવાની ઇચ્છા પણ લીલાત્મિકા હોય છે. અને તેવી લીલાત્મિકા ઇચ્છાને કારણે રમવામાં ચોરી કરવાની ચતુરાઇ પણ લીલાત્મિકા જ હોય છે. સામે પક્ષે જે બાળક સિપાહી બને છે તેની અહંતા "હું સિપાહી છું; અને મારે ચોરને પકડી પાડવો જોઇએ" આવા આત્મબોધ અને ઇચ્છા બંને લીલાત્મક જ હોય છે. તેને કારણે પ્રકટ તથો પુરુષાર્થ પણ લીલાત્મક જ હોય છે.

આપણે ત્યાં જ્યારે આ સૃષ્ટિને ભગવલ્લીલા તરીકે બિરદાવીએ છીએ તેમાં બ્રહ્મને પણ પોતાની એકમેવાદ્વિતીયતામાંથી અનેક



નામ-રૂપ-કર્મોનાં દ્વૈત પ્રકટ કરવા પાછળ આવા લીલાભાવ સિવાય બીજા કોઇ ગંભીર હેતુને નકારવાનો જ છે : "**ન પ્રયોજનવત્ત્વાત્ લોકવત્તુ લીલાકૈવલ્યમ્**" (બ્રહ્મસૂત્ર : ૨।૧।૩૨-૩૩). એટલે જ ભાષ્યકાર પણ ખુલાસો કરતા કહે છે "'**સવૈ નૈવ રેમે તસ્માદ્ એકાકી ન રમતે. સ દ્વિતીયમ્ ઐચ્છત્. સ હ એતાવાન્ આસ**' ઇત્યાદિશ્રુતિભિઃ, '**એષ ઉ એવ**' ઇતિ શ્રુતેઃ ચ તાનિ-તાનિ સાધનાનિ કારયિત્વા તાનિ-તાનિ ફલાનિ દદદ્ ભગવાન્ સ્વક્રીડાર્થમેવ જગદ્રૂપેણ આવિર્ભૂય ક્રીડતિ ઇતિ વૈદિકૈઃ નિર્ણીયતે" (અણુભાષ્ય : ૧।૧।૧૧). આ વાત બ્રહ્મના સ્વરૂપને અનુલક્ષીને કહેવામાં આવી. ભગવલ્લીલાના સંદર્ભમાં આ જ વાત થોડો વળાંક લે છે તે પણ જોઇ લેવું જોઇએ–

> **"ઇદમેવ વિનિશ્ચિત્ય કૃષ્ણો હ્યર્જુનમ્ અબ્રવીત્, 'મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે' 'એવ'કારેણ સર્વેષામ્ અનુપાયત્વમ્ આહ હિ, જ્ઞાનાદીનાં હિ સર્વેષાં તદધીનત્વતઃ સદા, વિશ્વાસં સર્વતઃ ત્યક્ત્વા કૃષ્ણમેવ ભજેદ્ બુધઃ, આપાતતસ્તુ સર્વેષામ્ ઉપાયત્વં મયોદિતં, વિષ્ણોઃ કૃપાવિશિષ્ટાનાં તત્ ફલં નાન્યથા ભવેત્, યે અસ્માભિઃ જ્ઞાનાદયઃ ઉપાયત્વેન ઉક્તાઃ તે લોકાનાં પ્રરોચનાર્થં નિરૂપિતાઃ તથાપિ ન બાધિતાર્થત્વં, કૃપાયુક્તત્વે તેષામપિ ફલસાધકત્વાત્. વચનન્તુ પ્રરોચનાર્થં વસ્તુતસ્તુ કૃપૈવ સાધનમ્... અન્યેષામ્ અસાધનત્વેન પ્રમાણમ્ આહ 'યન્ન યોગેન સાંખ્યેન દાનવ્રતતપોઽધ્વરૈઃ, વ્યાખ્યાસ્વાધ્યાયસંન્યાસૈઃ પ્રાપ્નુયાદ્ યત્નવાનપિ, તસ્માત્ ત્વમ્ ઉદ્ધવોત્સૃજ્ય ચોદનાં પ્રતિચોદનાં, પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ શ્રોતવ્યં શ્રુતમેવ ચ, મામેકમેવ શરણમ્ આત્માનં સર્વદેહિનાં યાહિ સર્વાત્મભાવેન, યાસ્યસે હ્યકુતોઽભયમ્' ઇતિ એકાદશસર્વસ્વં ભગવાન્ સ્વયમ્ ઉક્તવાન્ આત્માનં હિ સ્વયં વેદ તસ્માદ્ અન્યવચો મૃષા. કર્મયોગાદયઃ સર્વે કૃષ્ણોદ્ગમનહેતવઃ ઉદાસીનતયા ઉદ્ભેદાત્ નહિ સર્વાત્મના**

**ફલં... ભગવાન્ સ્વવાક્યસત્યત્વાય કર્મયોગાદિષ્વપિ પ્રકટો ભવતિ પરં નિર્બન્ધેન...**

(ત.દી.નિ.પ્ર.૨।૩૦૪-૩૧૨).

હવે આ સિદ્ધાંત જેને ન ગમતો હોય તે વ્યક્તિ આનું પ્રત્યાખ્યાન કરી શકે. પરંતુ જે સંભવ નથી તે તો આ જ કે લીલાવાદ સ્વીકાર્યા પછી જીવના વ્યક્તિસ્વાતંત્ર્યની મનોભ્રમણા. કેમકે પ્રત્યેક જીવાત્મા અંતે તો પરમાત્માએ ધારણ કરેલ રૂપાંતર જ છે. તેથી તેવા રૂપાંતરમાં જે પોતાનું સ્વતંત્ર્ય જણાઇ રહ્યું છે તેને વાસ્તવિક અનુભૂતિ ત્યારે જ માની શકાય કે જ્યારે અનુભવકર્તાને પોતાની સત્તામાં પરમાત્મા પણ અનુભવાતો હોય. અન્યથા તો જે કાંઇ સ્વાતંત્ર્ય અનુભવાઇ રહ્યું છે તે તેવા લીલાર્થ પરિગૃહીત સ્વરૂપને તેવા સ્વરૂપની મર્યાદામાં બક્ષવામાં આવેલ સ્વાતંત્ર્ય જ છે. આ વ્યક્તિસ્વાતંત્ર્યની સીમા તે-તે વ્યક્તિના બોધ આકાંક્ષા પ્રયત્ન કે ફલપ્રાપ્તિ ની સીમાઓ બાંધી આપે છે. લીલાર્થ સૃષ્ટિમાં કોઇ પણ એક વ્યક્તિની બોધક્ષમતા ઇચ્છાક્ષમતા કે કૃતિક્ષમતા અથવા તો વસ્તુની ક્રિયાકારક કે ફલપ્રાપક સાધનક્ષમતા ભગવન્નિર્ધારિત સીમિત જ હોઇ શકે છે. સંખ્યાકીય દૃષ્ટિએ પચીસ કે પચાસ માં તે કેમ ન ગણાતી હોય! એટલે દરેક વ્યક્તિ કે વસ્તુ પોતાના પરિસીમિત સામર્થ્ય મુજબ કાંઇક કે ઘણું બધું કરવા સમર્થ હોવા છતાં આત્યંતિક સ્વતંત્રતા કે ક્ષમતા મેળવી નથી શકતી.

[2]લીલાનો બીજો પ્રકાર લોકસિદ્ધ ઉદાહરણમાં જોવો-જાણવો હોય તો જુના જમાનામાં તે-તે દેવતાઓના ભક્તોદ્વારા કરવામાં આવતું પોતપોતાના આરાધ્યદેવોના ચરિત્રોનું લીલાનુકરણ ગણી શકાય. પોતાના આરાધ્યદેવના રૂપ ગુણ કે ચરિત્રો માં રહેલી રસાત્મકતાનો અનુભવ એક-બીજાને કરવા-કરાવવાના હેતુથી જ ભક્તો પરસ્પર મળીને લીલાનુકરણ કરતા હતા. તેથીજ ભગવાન્ ગીતામાં કહે છે



**"અહં સર્વસ્ય પ્રભવઃ મત્તઃ સર્વં પ્રવર્તતે ઇતિ મત્વા ભજન્તે માં બુધાઃ ભાવસમન્વિતાઃ, મચ્ચિત્તાઃ મદ્ગતપ્રાણાઃ બોધયન્તઃ પરસ્પરં કથયન્તઃ ચ માં નિત્યં તુષ્યન્તિ ચ રમન્તિ ચ, તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપૂર્વકં દદામિ બુદ્ધિયોગં તં યેન મામ્ ઉપયાન્તિ તે, તેષામેવ અનુકમ્પાર્થમ્ અહમ્ અજ્ઞાનજં તમઃ નાશયામિ આત્મભાવસ્થો જ્ઞાનદીપેન ભાસ્વતા"** (ભગવદ્ગીતા : ૧૦।૮-૧૧). અહીં ભગવાન્‌ને સર્વકારણ અને સર્વપ્રવર્તક માનીને ભાવપૂર્વક ભજન કરનારાઓના અજ્ઞાનનો નાશ કરીને જીવને ભગવત્પ્રાપ્તિ કરાવનાર બુદ્ધિયોગ પણ ભગવાન્ પોતે આપે છે, એટલું જ ફક્ત માનીને કોઇક વિશેષ અપવાદની વાત કરે તો આ કથા તેટલી નથી. કેમકે આની પહેલાં પોતે ભગવાને એ ખુલાસો કરી રાખ્યો છે કે **"બુદ્ધિઃ જ્ઞાનમ્ અસંમોહઃ ક્ષમા સત્યં દમઃ શમઃ સુખં દુઃખં ભવો અભાવઃ ભયં ચ અભયમેવ ચ અહિંસા સમતા તુષ્ટિઃ તપો દાનં યશો અયશો ભવન્તિ ભાવાઃ ભૂતાનાં મત્તએવ પૃથગ્વિધાઃ"**(ભગવદ્ગીતા : ૧૦।૪-૫) એટલે ભક્ત કે અભક્ત બધાની ભીતર નાનાવિધ ભાવો ભગવાન્ જ પેદા કરતા હોય છે નિરપવાદરૂપે. આપણી ભક્તિમાર્ગીય સાધનાનાં મૂળિયાં આ રસાનુભાવનાની મનોવૃત્તિમાં જ રહેલાં છે. તેથી જ ભાગવતમાં પણ **"ઉપગાયન્ ગૃણન્ નૃત્યન્ કર્માણિ અભિનયન્ મમ મત્કથાઃ શ્રાવયન્ શૃણ્વન્..."** (ભાગવત : ૧૧।૨૭।૪૪) આ વિધિ દેખાડવામાં આવી છે.

આધુનિક યુગમાં દરેક પ્રકારના લોકો દરેક સંપ્રદાયમાં ઘુસી ગયા હોવાથી તે રસાનુભાવનાનો હેતુ ગૌણ બની ગયો. આજે તો વ્યાવસાયિક નીતિમત્તાની મર્યાદા પણ ઓળંગીને પોતાનું પેટીયું રળવામાટે છલપ્રપંચ રૂપે ભક્તિસાધના એક જાહેર ધંધાકીય ભવાડાનો રૂપ લઇ સમાજમાં વકરી ગઇ છે! આવા ભક્તિભાવવિહોણા લોકો ભક્તિસંપ્રદાયમાં પ્રકટી(!?) કે પેસી ગયા હોવાને કારણે તેમના હૃદયમાં લીલાનુભાવનનો મનોભાવ તો હોતો નથી. તેથી જ તો નાગાઇપર ઉતરીને પારિવારિક ધંધાના રૂપમાં ભગવત્સેવા અને ભગવત્કથા

થકી પોતાનું પેટીયું રળે છે. બીજા ચાલાક એવા લોકો ભગવત્સેવાની ભંડોળી ઝાંખીઓ અને ભંડોળી ભાગવતસપ્તાહો જનસેવા કે સંપ્રદાયપ્રચાર ના ચોગા પહેરીને કરતાં હોય છે! આ પુષ્ટિમાર્ગમાં પેસેલા પ્રવાહી જીવાત્માઓની કથા નોખી છે! આપણે આનો વિચાર નથી કરવાનો મૂળ આદર્શનો જ વિચાર કરવાનો છે.

તેથી લીલાના પ્રથમ પ્રકારમાં પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ના સ્વરૂપાદ્વૈતમાં નિગૂઢ અનંતવિધ નામ-રૂપ-કર્મોના લીલાત્મક દ્વૈતનો જો રસાનુભવ હેતુ હોય તો, લીલાના આ બીજા પ્રકારમાં તે ભગવલ્લીલાને માટે પ્રકટ થયેલ પુષ્ટિજીવોનો પ્રતિભાવ કે ભક્તિરસાનુભાવ છે. અંતે ''બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે'' ની હકીકત ક્યારેય ભૂલવી જોઇએ નહિ. તેથી લીલાત્મક સ્વાતંત્ર્ય હોવા છતાં સ્વરૂપાત્મક સ્વાતંત્ર્ય કલ્પી શકાતો નથી.

[3]લીલાના ત્રીજા પ્રકાર તરીકે ભગવદ્ગીતામાં વર્ણવેલ સ્થિતપ્રજ્ઞતા આપણે જોઇ. મૂળમાં તેનો સાર એટલો જ કે **''વિહાય કામાન્ યઃ સર્વાન્ પુમાન્ ચરતિ નિઃસ્પૃહઃ નિર્મમો નિરહંકારઃ સ શાન્તિમ્ અધિગચ્છતિ''** (ભગવદ્ગીતા : ૨।૭૧). હવે થોડીક ધીરજ રાખીને જો વિચાર કરીશું તો સમજવામાં લેશમાત્ર ક્લેશ નહિ થાય કે આપણી ચેતના જો ખરેખર અહંતા-મમતા વિનાની વિકસિત થઇ જાય તો તેમાં સ્વાતંત્ર્ય જેવું કાંઇ બચી કેવી રીતે શકે? કેમકે જો ''સ્વ=અહં'' તો ''નિરહંકાર=નિઃસ્વ'' કબૂલ રાખ્યા સિવાય છૂટકો જ નથી. હવે વિચારો કે ચેતનામાં સ્વનો ભાસ ન થતો હોય તો સ્વતંત્રતાનો ભાસ કેવી રીતે થઇ શકે? ત્યારે પ્રશ્ન ઉભો થાય કે સ્થિતપ્રજ્ઞની ચેતના ત્યારે સુષુપ્તિમાં ફેંકાઇ જતી હશે? ના! ભગવાન્ પોતે આનો ફોડ પાડતા કહે છે **''એષા બ્રાહ્મી સ્થિતિઃ... સ્થિત્વા અસ્યામ્ અન્તકાલેઽપિ બ્રહ્મનિર્વાણમ્ ઋચ્છતિ''** (ભગવદ્ગીતા : ૨।૭૨). હવે આ જો બ્રાહ્મી સ્થિતિ હોય તો શું



**''યે ચૈવ સાત્વિકાઃ ભાવાઃ રાજસાઃ તામસાઃ ચ યે મત્તએવ ઇતિ તાન્ વિદ્ધિ...ત્રિભિઃ ગુણમયૈઃ ભાવૈઃ એભિઃ સર્વમ્ ઇદં જગત્ મોહિતં નાભિજાનાતિ મામ્ એભ્યઃ પરમ્ અવ્યયં, દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે''** (ભગવદ્ગીતા : ૭।૧૨-૧૪) એ ભગવચ્છરણાગતિ, જેને કારણે ભગવાન્ પોતે ત્રિગુણાત્મિકા માયાથી અતીત થવાનું આશ્વાસન આપે છે, તે શું બ્રાહ્મી સ્થિતિ વિના સંભવી શકે? અને જો શરણાગતિની સાધનાવસ્થામાં અશક્યતા જણાતી હોય તો સ્થિતપ્રજ્ઞને માટે પણ અંતકાળ પછી જ ભગવાન્ બ્રહ્મનિર્વાણની ફલશ્રુતિ જણાવી રહ્યા છે. એટલે વાત ત્યાંની ત્યાં જ ઉભી રહે છે.

તેથી નિષ્કર્ષરૂપે આપણે કહી શકીએ છીએ કે તે એક પરમતત્ત્વના બ્રહ્મ હોવાના પાસાને અનુરૂપ જે જ્ઞાનમાર્ગ છે તેમાં શરણાગતિને સ્થાને સ્થિતપ્રજ્ઞતાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. તે જ બ્રહ્મના ભગવાન્ હોવાના પાસાને અનુરૂપ સ્થિતપ્રજ્ઞતાને ઠેકાણે શરણાગતિનો ઉપદેશ આપવામાં આવ્યો છે. આત્મભાવસ્થિત ભગવાન્ જેને કર્મયોગાનુરૂપા બુદ્ધિ આપે છે તેને તે (ભગવાન્) કર્મરૂપે પ્રાપ્ત થવા માગે છે કે મળે છે. જેને જ્ઞાનયોગાનુરૂપા બુદ્ધિ આપે તેને તે જ્ઞેય બ્રહ્મરૂપે પ્રાપ્ત થવા માગે છે કે મળે છે. જેને ભક્તિયોગાનુરૂપા બુદ્ધિ આપે તેને તે ભજનીય પરમાત્મારૂપે પ્રાપ્ત થવા માગે છે કે મળે છે. જેને શરણાગતિ પ્રદાન કરવા માગે છે તેની પાસે કોઇ પણ સાધન કે સાધના ની અપેક્ષા રાખ્યા વિના તે તેને પ્રાપ્ત થવા માગે છે કે મળે છે. તેથી ભાષ્યકાર કહે છે કે કોઇકને સુખી તો કોઇકને દુઃખી બનાવનાર ભગવાન્ અંતે આ સૃષ્ટિનો ક્યારેક પ્રલય પણ કરતા હોવા છતાં વિષમ કે નિષ્ઠુર નથી બનતા કેમકે લીલામાં કર્મને અનુસાર બધા ફલો આપી રહ્યા છે બાકી સ્વરૂપદષ્ટિએ તો પોતે લીધેલા અનેકવિધ રૂપો સાથે પોતાના આનંદને પોતે જ માણી રહ્યા છે (અણુભાષ્ય : ૨।૧।૩૦-૩૭).

આ તૃતીય પ્રકારને ગૌણ કહેવાનો હેતુ એટલો જ કે ભક્તિના બે પાસાઓ માન્ય રાખ્યા છે: [1]માહાત્મ્યજ્ઞાન અને [2]સુદઢ-સર્વતોધિક સ્નેહ. આ બંને પાસાઓ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્‌ના સ્વરૂપગત અદ્વૈત અને લીલાર્થ પ્રકટ નામ-રૂપ-કર્મોના દ્વૈત એમ બંને માટે સંપૂર્ણ યોગ્ય પ્રતિભાવો છે. જ્યારે કે બેમાંથી એક પાસાની બાદબાકી થતાં કાં તો તે પરમતત્ત્વના સ્વરૂપને માટે અથવા તો તેમાં પ્રકટેલ લીલાને માટે સાંગોપાંગ પ્રતિભાવને ઠેકાણે અડધો-પડધો પ્રતિભાવ જ પ્રકટ થાય છે. તે જ્ઞાનમાર્ગીયને લીલાની મજા માણવા કનડગત ઉભી કરતો હોય છે તો ભક્તિમાર્ગીય સાધકને તે પરમતત્ત્વના સ્વરૂપાનંદને માણવામાં કનડગત ઉભી કરે છે. તેમજ શરણાગતિમાર્ગીયને ભગવત્સ્વરૂપના માહાત્મ્યની સામે ફક્ત દૈન્ય પ્રકટાવવામાં સફળ થાય છે પણ સ્નેહ પ્રકટાવવામાં સફળ થતો નથી. આમ પૂરેપૂરો પ્રતિભાવ પ્રકટ કરવા માટે સફળ ન થવાને કારણે ઉપરોક્ત તૃતીય પ્રકારને ગૌણ કહેવામાં આવે છે.

તેથી જ્યાં સુધી ભક્તિ વિકસિત થતી નથી ત્યાં સુધી ભક્તિમાર્ગના અંગ તરીકે શરણાગતિને એક અનુકલ્પ તરીકે સ્વીકારાઇ છે. કોઈક કારણસર જીવ કર્મ જ્ઞાન કે ભક્તિ માટે અધિકારી ન પણ હોય તેના માટે પણ વિકલ્પરૂપે શરણાગતિનો માર્ગ તો સર્વદા સહાયક થતો જ હોય છે.

<u>ઉપસંહાર</u> :

તેથી પ્રશ્નમાં (પૃષ્ઠક્ર.૩૯-૪૦)જે કહેવામાં આવ્યું છે કે [1]"શુદ્ધાદ્વૈતવાદ મુજબ શરણાગતિના ઉપદેશમાં નિઃસાધનતાની ભાવનાનો ઉપદેશ માણસને અકર્મણ્ય બનાવતો લાગે છે". તેના ખુલાસા રૂપે આમ કહી શકાય કે શરણાગતિના ઉપદેશથકી જેની ભીતર અકર્મણ્ય થવાનો મનોભાવ પેદા થાય તેનાથકી ભગવાન્ કોઈ કર્મ કરાવવા નહિ માગતા હોય. નહિ તો ભગવાન્ પોતે કહે છે **"અથ ચેત્ ત્વમ્ અહંકારાત્ ન શ્રોષ્યસિ વિનઙ્ક્ષ્યસિ યદ્ અહંકારમ્ આશ્રિત્ય ન યોત્સ્યે ઇતિ મન્યસે મિથ્યૈષ વ્યવસાયઃ તે પ્રકૃતિઃ ત્વાં નિયોક્ષ્યતિ, સ્વભાવજેન કૌન્તેય નિબદ્ધઃ સ્વેન કર્મણા કર્તું નેચ્છસિ યન્ મોહાત્ કરિષ્યસિ અવશોઽપિ તત્"** (ભગવદ્ગીતા:૧૮।૫૮-૫૯).

બીજી આશંકા [2]"પરમેશ્વરને કર્તા-કારયિતા અને સમગ્ર બ્રહ્માંડને લીલારૂપ પ્રસ્તુત કરનાર આવા સિદ્ધાંતને કારણે જીવાત્માને પોતાના પુરુષાર્થમાં વિશ્વાસ ખોવાનો વારો આવ્યા વિના ન રહે" એમ જે દરસાવવામાં આવી તેના અનુસંધાનમાં જણાવવાનું કે જ્યારે ભગવાને અર્જુનને **"મયૈવ એતે નિહતાઃ પૂર્વમેવ નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્!"—"ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશે અર્જુન! તિષ્ઠતિ ભ્રામયન્ સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત!"** (ભગવદ્ગીતા:૧૧।૩૩—૧૮।૬૧-૬૨) ત્યારે આ પ્રસંગમાં ભગવાને વિરાટસ્વરૂપમાં મહાભારતની લીલાનો સાક્ષાત્કાર કરાવ્યો અને પોતાનું કર્તા-કારયિતા હોવું પણ સમજાવ્યું. તે છતાં અર્જુને વિશ્વાસ ખોવાને ઠેકાણે વધુ ઉમદા વિશ્વાસ કેળવીને કહ્યું કે **"નષ્ટો મોહઃ સ્મૃતિઃ લબ્ધા ત્વત્પ્રસાદાદ્ મયા અચ્યુત! સ્થિતોઽસ્મિ ગતસન્દેહઃ કરિષ્યે વચનં તવ"** (ભગવદ્ગીતા:૧૮।૭૩). એટલે જે લીલાર્થ સૃષ્ટિના સિદ્ધાંતને અને ભગવાન્‌ના કર્તા-કારયિતા હોવાના સિદ્ધાંતને શ્રવણ કરવાનો અધિકારી હશે તેનો તો કદી પોતાના પુરુષાર્થમાં વિશ્વાસ ખોવાનો વારો આવશે નહીં જ. જેને આવતો હશે તેનો અધિકાર આસુરી જીવ હોવાનો ભગવાને નિર્ધાર્યો હશે. તો તેને માટે પણ ભગવાને કહી જ રાખ્યું છે કે **"ઇદમ્ અદ્ય મયા લબ્ધમ્ ઇમં પ્રાપ્સ્યે મનોરથમ્ ઇદમ્ અસ્તિ ઇદમપિ મે ભવિષ્યતિ પુનઃ ધનં... સિદ્ધોઽહં બલવાન્ સુખી... યક્ષ્યે દાસ્યામિ મોદિષ્યે ઇતિ અજ્ઞાનવિમોહિતાઃ"** (ભગવદ્ગીતા:૧૬।૧૩-૧૫). તેથી આવા આસુરી જીવોની બાબતમાં ભગવાને જે ગતિ નિર્ધારિત કરી રાખી હોય તેમાં આપણે નનુ-નચ કરવાની ન હોય.

તે પછી જે [3]"શુદ્ધાદ્વૈતવાદ કૃત કર્મોના પ્રત્યે ઉત્તરદાયિત્વની ભાવના ખતમ કરનારી વિચારધારા લાગે છે" આક્ષેપ કરવામાં આવ્યો તે બાબતમાં જણાવવાનું કે શુદ્ધાદ્વૈતવાદ જ એક એવો વાદ છે કે જે **"અહં કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયઃ તથા"—"ભૂતભાવોદ્ભવકરો વિસર્ગઃ 'કર્મ'સંજ્ઞિતઃ"** (ભગવદ્ગીતા:૭।૬ - ૮।૩) આ બંને વચનોની એકવાક્યતાના અનુરોધે કર્મને ભગવત્સ્વરૂપ જ માને છે. તેથી ભગવલ્લીલાથી જેમ વિરક્ત ન થવાય તેમ કર્મથી પણ તે ઉદાસીન થતો નથી.

તે પછી આવે છે [4]"કર્મ પ્રત્યે ઉત્તરદાયિત્વને ગૌણ બનાવવા જતાં તેની બાબતમાં સદસદ્વિવેક વાપરવાની શક્તિના પ્રયોગની પ્રેરણા પણ રુંધાઇ જતી લાગે છે". આ આક્ષેપના સમાધાનરૂપે જણાવવાનું કે કર્તાનું ત્રૈવિધ્ય ભગવાને સમજાવ્યું છે તે પૈકી **"મુક્તસંગો અનહંવાદી ધૃત્યુત્સાહસમન્વિતઃ સિદ્ધ્યસિદ્ધ્યોઃ નિર્વિકારઃ કર્તા સાત્ત્વિકઃ ઉચ્યતે"** (ભગવદ્ગીતા:૧૮।૨૬) વચનમુજબ જે કર્મમાટે લીલાભાવ રાખીને કર્માચરણમાં પ્રવૃત્ત થાય છે તે જ સાત્ત્વિક હોય છે. બીજા કાં તો રાજસ કે તામસ જ હોય છે. એટલે કર્મ પ્રત્યેના ઉત્તરદાયિત્વને તાણીને કર્મકર્તાની ભીતર રાજસ કે તામસ ભાવો જગાડવામાં શુદ્ધાદ્વૈતવાદ માનતો નથી. કેમકે **"સર્વભૂતેષુ યેન એકં ભાવમ્ અવ્યયમ્ ઈક્ષતે અવિભક્તં વિભક્તેષુ તજ્ જ્ઞાનં વિદ્ધિ સાત્ત્વિકમ્"** આદર્શને અનુરૂપ શુદ્ધાદ્વૈતવાદ પોતાના વિભક્ત કર્તૃત્વમાં તે પરમાત્માના અવિભક્ત કર્તૃત્વને જોવા માટે ભગવદાજ્ઞાથી બંધાયેલો છે.

તેથી જ [5]"બોધસ્વાતંત્ર્ય ઇચ્છાસ્વાતંત્ર્ય અને પ્રયત્નસ્વાતંત્ર્ય જો જીવાત્માની ભીતર સ્વીકારવામાં ન આવે તો ધર્માધર્મનો વિભાગ પણ જાળવી નહિ શકાય" આ આક્ષેપની બાબતમાં પણ વાલ્લભ દર્શનનો સુસ્પષ્ટ અભિપ્રાય આ જ છે કે જે ભગવાને **"બુદ્ધિઃ બુદ્ધિમતામ્ અસ્મિ... યે ચૈવ સાત્ત્વિકાઃ ભાવાઃ રાજસાઃ તામસાઃ



ચ યે મત્તએવ ઇતિ તાન્ વિદ્ધિ"** (ભગવદ્ગીતા:૭।૧૦-૧૨) કહીને બધાં જ બૌદ્ધિક ઐચ્છિક કે કાર્મિક ભાવોના પ્રવર્તક તરીકે પોતાને બિરદાવ્યા છે. તેથી ભગવાન્થી અપરાધીન જીવાત્માનું બોધસ્વાતંત્ર્ય ઇચ્છાસ્વાતંત્ર્ય પ્રયત્નસ્વાતંત્ર્ય સંભવી શકતું નથી. તેથી શુદ્ધાદ્વૈતવાદ-પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત તો ભગવાને દિવ્યદૃષ્ટિથકી કરાવેલ પોતાના વિરાટ્ સ્વરૂપના તાત્ત્વિક સાક્ષાત્કારનો શાબ્દિક સાક્ષાત્કાર સમો સિદ્ધાંત છે. તેથી નિમિત્તમાત્ર બનવામાં પુષ્ટિમાર્ગીયને કદી નાનપની પીડા સતાવતી નથી.

અંતે [6]"પરિણામે પુષ્ટિસંપ્રદાયના પણ વિધિ-નિષેધો અંતે અર્થહીન સાબિત થશે" આ વિધાન ઐતિહાસિક મૂલ્યાંકન રૂપે હોય તો કહેવાનું રહ્યું કે એ જો સત્ય હોત તો આ સંપ્રદાય પાંચ-પાંચ સદીના લાંબા ગાળામાં જીવી ન શક્યો હોત. જો ભવિષ્યવાણીરૂપે હોય તો હાલ તબક્કે જ્યારે એવું દેખાતું ન હોય તો ભવિષ્યની ચિંતા છોડીને હાલમાં તો પુષ્ટિમાર્ગને તેના સાચા સ્વરૂપમાં પોતે સમજ્યા પછી જ બીજાની સામે કાંઇક વિધાન પ્રકટ કરવાની હિંમત દાખવવી જોઇએ. જો વર્તમાનમાં પુષ્ટિમાર્ગને તેના વિધિ-નિષેધોને વફાદાર રહીને અનુગામી જનતા અનુસરી નથી રહી તેવો આરોપ લગાડવાનો હેતુ હોય તો સહુથી પહેલાં તો આવો આરોપ કોણ લગાડી રહ્યો છે? પુષ્ટિમાર્ગી કે અપુષ્ટિમાર્ગી? જો પુષ્ટિમાર્ગી તો આપણાં સિદ્ધાંત પ્રત્યે તેને અણગમો હોઇ નથી શકતો. કેમકે મહાપ્રભુજીએ પોતે આ બાબતમાં ખુલાસો કરી રાખ્યો છે **"પ્રવર્તકત્વં કૃષ્ણસ્ય ન વિધ્યર્થસ્ય કર્હિચિત્ કાર્યતાદિપરિજ્ઞાનમ્ ઉત્પાદ્યૈવ પ્રવર્તયેત્"—"સાધનં ચ ફલં ચૈવ હરિઃ વેદે નિરૂપ્યતે તદભિવ્યક્તિતઃ સર્વે પુરુષાર્થસ્વરૂપતઃ. સાધનં ચ ફલં ચૈવ ઇતિ ઉભયાત્મકો હરિઃ વેદે નિરૂપ્યતે તતશ્ચ વેદાનુસારેણ તદભિવ્યક્તૌ સત્યાં સર્વએવ પુરુષાર્થઃ સિદ્ધ્યતિ. યતો ભગવાન્ સર્વપુરુષાર્થરૂપઃ"** (ત.દી.નિ.પ્ર.૨।૧૭૭—૧૭). અને આવો આરોપ જો અપુષ્ટિમાર્ગી લગાડી રહ્યો છે તો કયા ધર્મ કે સંપ્રદાય માં

તેના અનુગામીઓ પોતપોતાના ધાર્મિક સિદ્ધાંતોને સંપૂર્ણ સંનિષ્ઠાથી વળગીને રહ્યા છે કે ફક્ત પુષ્ટિમાર્ગમાટે વિશેષ ચિંતા કરવાનો પ્રસંગ ઉભો થઈ રહ્યો છે ?

તેથી આ મુદ્દો શુદ્ધાદ્વૈતવાદ-પુષ્ટિમાર્ગની ગંભીર વિચારણા કર્યા વિના ઉપસ્થાપિત થયેલ લાગે છે. જો મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણે અને તેમના આત્મજ શ્રીપ્રભુચરણે વિરચિત ગ્રંથોનું ગંભીર અધ્યયન કોઇ કરે તો આવા મુદ્દા ઉપસ્થિત થઇ શકતાં નથી.

**બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ !**



॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

# શ ર ણા ગ તિ

**શ્રીવલ્લભાચાર્યટ્રસ્ટ(માંડવી)દ્વારા આયોજિત વિચારગોષ્ઠીમાં પૂરકપ્રશ્નોત્તરી**

(પ્રશ્નકર્તા : શ્રીરસિક શાહ — ઉત્તરદાતા : ગો.શ્યા.મ.)

## (ક)કર્મસિદ્ધાંતના સંદર્ભમાં

**રસિક શાહ :** માહાત્મ્યજ્ઞાન અને કર્તૃત્વાભિમાનરહિત નિઃસાધનતા આ બે શરણાગતિના અતિમહત્ત્વના અંગો છે. માહાત્મ્યજ્ઞાન એટલે પ્રભુનું સર્વપ્રકારથી સર્વસમર્થ હોવું અને પ્રભુએ પોતાના રમણમાટે સૃષ્ટિની રચના કરી છે એવું જ્ઞાન. ટૂંકમાં કહેવું હોય તો કહી શકાય કે માહાત્મ્યજ્ઞાન=લીલાબોધ. આ વિષયમાં સમસ્યા એ છે કે જ્યારે ભગવલ્લીલાનો સિદ્ધાંત સમજવાનો પ્રયાસ કરીએ ત્યારે કર્મનો સિદ્ધાંત જે ગીતાજીના ૧૫મા અધ્યાયમાં પણ નિર્દેશિત છે તેની શી ગતિ એવો પ્રશ્ન આવે છે.

**ગો.શ્યા.મ. :** પંદરમા અધ્યાયમાં **"કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે"—"યતન્તો યોગિનશ્ચૈનં પશ્યન્તિ આત્મનિ અવસ્થિતં યતન્તોऽપિ અકૃતાત્માનો નૈનં પશ્યન્તિ અચેતસઃ"** (ગી.૧૫।૧,૧૦) આ શ્લોકોમાં બોધસ્વાતંત્ર્ય અને પ્રયત્નસ્વાતંત્ર્ય ના ઉપર કર્માનુબંધિતા અવલંબન કરતી હોય એવું ધ્વનિત થાય છે. પરંતુ અંતે **"સર્વસ્ય ચાહં હૃદિ સંનિવિષ્ટો મત્તઃ સ્મૃતિઃ જ્ઞાનમ્ અપોહનં ચ"** (ગી.૧૫।૧૫) વચનમાં ફરીથી ભગવદ્ગીતા સાચા બોધ અને સાચા કર્મના

પ્રયત્ન માટે અપેક્ષિત સ્મૃતિ જ્ઞાન કે અજ્ઞાન એ ત્રણેય બાબતમાં જીવાત્માને સ્વાવલંબી માનવાને ઠેકાણે પરમેશ્વરાવલંબી આલેખે છે. તેથી કર્માનુબંધિતાને નકાર્યા વિના તે કર્માનુબંધિતાને પણ લીલાત્મક જ ભગવદ્ગીતા ગણી રહી હોય એવું મને તો લાગે છે.

**રસિક શાહ :** જો એમ ઉત્તર આપીએ કે કર્મનો સિદ્ધાંત સાર્વજનિક છે પરંતુ ભગવાન્ જ એ નિયમ બનાવનાર હોવાથી તે તેનાથી બંધાતા નથી તો સામે પ્રશ્ન પૂછી શકાય કે ભગવાને જે નિયમ બનાવ્યો છે તેને તે ખુદ તો ગમે ત્યારે તોડે તો નહીંજ. અપવાદરૂપે જ પોતાનો વીટો વાપરે.

**ગો.શ્યા.મ. :** અહીંયા પોતે ઘડેલ નિયમોને ભગવાન્ તોડે કે ન તોડે એ પ્રશ્નના ઉંડાણમાં જવું જરૂરી લાગે છે : [ક]એક હેતુ તેમાં એમ વિચારી શકાય કે તોડવા હોય તેવા નિયમો ઘડવા જ નહોતા જોઈતા. [ખ]અથવા તો સર્વસમર્થ ભગવાને ઘડેલા નિયમો ઘડાયા પછી અકાટ્ય બની જતા માની લેવા જોઈએ. [ગ]ત્રીજી વાત નિયમો ઘડીને તોડવા પડતા હોય તો તેવા નિયમો ઘડનાર ભગવાન્‌ની સર્વજ્ઞતા કેટલે અંશે કાયમ રહી શકે?

[ક]કલ્પના ઉત્તરરૂપે સામે એક પ્રશ્ન આ વિચારવા જેવો લાગે છે કે તો ભગવાને જીવાત્માનું ઘડતર એવું કેમ રાખ્યું કે સાંસારિક બંધનમાં તે ફસાઈ જાય? જો જીવાત્માને તેનું સાચું લક્ષ્ય સાંસારિક બંધનોથી મુક્ત થવાનું ભગવાન્ યોગ્ય ધારતાં હોય અથવા તેને મોક્ષદાયક સાધનાપ્રણાલી સમજાવવી ઉચિત ગણતાં હોય તો નિત્યમુક્ત કે બંધનમાં ન ફસાય તેવા સક્ષમ જીવાત્માનું સૃજન



ભગવાન્ કેમ નથી કરતા? શામાટે સંસારમાં ફસાઈ જાય તેવા અક્ષમ જીવાત્માને પ્રકટ કરીને પછી તેને મુક્તિના સાધનોનો ઉપદેશ કરે છે? એટલે કાં તો જીવસૃષ્ટિને પરમાત્માની માફક સનાતન માનો અન્યથા તો અક્ષમસૃષ્ટિનો આરોપ નિવારી શકાય તેમ નથી. હવે જીવાત્માનો સનાતન સ્વભાવ જો બદ્ધ માનીએ તો મોક્ષસાધનોપદેશ વ્યર્થ બની જાય છે. જો આ સ્વભાવને અનાદિ-સાન્ત માનીએ તો એ બંધનકારી સ્વભાવને ખતમ કરનાર કર્મ જ્ઞાન કે ભક્તિ ના નિયમો સ્વાભાવિક માનવા કે પરમેશ્વરે ઘડેલા? જો સ્વાભાવિક તો પરમેશ્વરની સર્વનિયામકતા બાધિત થાય છે. જો પરમેશ્વરે ઘડેલા માનીએ તો તે પરમેશ્વર એવો કોઈક નિયમ કેમ ઘડી નથી કાઢતો કે કોઈ પણ જીવાત્મા બંધનમાં બંધાય જ નહીં?

[ખ]કલ્પમાં સર્વસમર્થ ભગવાને ઘડેલાં નિયમો અકાટ્ય બની જતા હોય તો ભગવાને કાં તો પોતાના સર્વસમર્થ હોવાનો ગુણધર્મ ખોવો પડશે કાં તો નિયમોની અકાટ્ય હોવાની બીના ગૌણ બની જશે.

[ગ]ત્રીજા કલ્પમાં જો લીલાનો સિદ્ધાંત ન સ્વીકારીએ તો સર્વજ્ઞતાની સામે પ્રશ્નચિન્હ ચોક્કસ લાગે પરંતુ કર્મના નિયમોના લીલાત્મક વિધાન અને લીલાત્મક ઉલ્લંઘન માં સર્વજ્ઞતામાં કોઈ ખામી હોય તેવું જણાતું તો નથી. અન્યથા તો સૃષ્ટિના સર્જન-પાલન-સંહાર રૂપી કર્મો ભગવાન્‌ને પણ કાં તો કોઈક કર્મનિયમ અથવા તો સ્વબાહ્ય એવા માયા કે અજ્ઞાન જેવા તત્ત્વોને આધીન હોવાથી સ્વીકારવાં પડે એમ કબૂલ કરવું પડશે. આથી તો અંતે ભગવાન્‌નું સર્વસમર્થ હોવું પણ નિરસ્તપ્રાય થશે. રહી

વાત અપવાદરૂપે વીટો વાપરવાની તો કર્મમાર્ગ જ્ઞાનમાર્ગ કે મર્યાદાભક્તિમાર્ગ ના ઉદાહરણોમાં એમ વિચારી શકાય કે ભગવાન્ પોતાનો વીટો પાવર વાપરતા નહિ હોય પરન્તુ શરણાગતિ કે પુષ્ટિભક્તિમાર્ગ ના ઉદાહરણોને અપવાદરૂપે સ્વીકારીને આ માર્ગોમાં ભગવાન્નો વીટો પાવર કામ કરી રહ્યો હશે એમ સ્વીકારવામાં વાંધો આવતો નથી. કોઈ પણ સંજોગમાં વીટો પાવર વાપરવાના પ્રસંગમાં ભગવાન્નો કોઈ જાતનો પક્ષપાત તો પ્રકટ થશે જ. તેથી ભગવાન્ની પણ વીટો પાવર વાપરવાની સત્તા સ્વીકારવી કે નહીં સ્વીકારવી એ જ મુદ્દો અગત્યનો બની જાય છે.

**રસિક શાહ:** હવે પ્રશ્ન એ છે કે માણસની મતિ તેને અલગ-અલગ કર્મો કરવા પ્રેરે અને તે મુજબ તેને ફળ ભોગવવા પડે તો મતિમાં અને તેની પ્રેરણાથી થતી કૃતિમાં માણસ-માણસમાં વિશેષતા કેવી રીતે આવે છે?

**ગો.શ્યા.મ.:** આ બાબતમાં ગીતોક્ત વિચારો તો આપણે **"મત્તઃ સ્મૃતિઃ જ્ઞાનમ્ અપોહનં ચ"** વચનમાં જોઈ ગયા. હવે ગીતોક્ત આવા પરમેશ્વરના અસ્તિત્વને જ માન્ય ન રાખીએ ત્યારે ભૌગોલિક વિષમતા, આનુવંશિક વિલક્ષણતા, સામાજિક/આર્થિક/રાજનૈતિક પરિસ્થિતિઓની વિવિધતા જેવા પરિબળોને જવાબદાર માનવા પડશે. ત્યારે ફરીથી એ મુદ્દો જાગી જશે કે આ પરિબળોને કારણે કેટલાક જીવાત્માઓનો ઉત્કર્ષ અને કેટલાક જીવાત્માઓની ખાનાખરાબી થતી હોવાના સંદર્ભમાં આ પરિબળોની સરખામણીમાં પરમેશ્વર જો નિરંજન નિષ્ક્રિય નિર્વિશેષ સર્વસામાન્ય અધિષ્ઠાનરૂપ હોય તો તે સાક્ષિચેતના જેવા તત્ત્વને જીવાત્માથી ભિન્ન માનવું કે અભિન્ન? જો ભિન્ન



હોય તો કર્મમાર્ગ જ્ઞાનમાર્ગ ભક્તિમાર્ગ અથવા તો શરણાગતિમાર્ગ જેવા અન્ય પણ બધા જ માર્ગો સાવ નકામાં ઠરે છે. કેમકે જીવાત્મા અને પરમાત્મા બંને વિરોધાભાસી સ્વભાવ ધરાવતા હોવાથી એક-બીજાને કાંઈ પણ કામ આવી શકે એવા રહી નથી જતાં. જો, પરંતુ, અભિન્ન હોય તો જીવાત્માની મતિ કૃતિ સ્વતંત્રતા અને ફલભોગિતા સર્વથા મિથ્યા સ્વપ્નની માફક મૂલ્યવિહીન સિદ્ધ થતી હોવાથી આ સમગ્ર મુદ્દાનો જ છેદ ઉડી જતો હોય છે. તે કારણે પરમેશ્વરને સર્વજ્ઞ સર્વકર્તા સર્વફલદાતા પરંતુ સર્વથી નિરપેક્ષ માનીએ તો જગત્ની કેટલી બધી ખાનાખરાબીમાં અવિચલિત રહેનાર પરમેશ્વરને શુભશક્તિ તરીકે સ્વીકારવા કરતા અશુભશક્તિ તરીકે જ માનવું પડશે કે નહિ તે વિચારવાનું રહ્યું! હકીકતમાં તો આવા એક પરમેશ્વરાસ્તિત્વના સિદ્ધાંતમાં અને બીજા કર્મસિદ્ધાંતમાં આમ બેવડી શ્રદ્ધા રાખવા કરતા ફકત એક કર્મસિદ્ધાંતમાં જ શ્રદ્ધા રાખવી વધારે યુક્તિસંગત લાગે છે.

તેથી પરમેશ્વરને સર્વજ્ઞ સર્વસમર્થ સર્વશુભકર્તા સર્વફલદાતા સ્વીકારવા ઉપરાંત સર્વહિતૈષી કે સર્વાનુકંપી પણ જો સ્વીકારવો હોય તો સદસત્ સુંદરાસુંદર કે શુભાશુભ જેવા બધા દ્વંદ્વોને લીલાત્મક માન્યા વિના કોઈ વૈચારિક દિશા આગળ વધવામાટે રહી જતી નથી.

### (ખ)લીલાબોધના સંદર્ભમાં

**રસિક શાહ:** લીલાબોધને ગીતાજીના વાક્ય **"મયૈવૈતે નિહતાઃ પૂર્વમેવ નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્!"** જોડીને વિચારીએ ત્યારે એવો અર્થ નિકળે છે કે ભગવાને બધું પહેલેથી જ

નિર્ધારિત કરી રાખ્યું છે. અહીં પ્રશ્ન ઉઠે છે : [1]માણસના પુરુષાર્થનો scope કેટલો? અને જો કાંઈ જ સ્કોપ્ ન હોય તો તેની સાહસોત્કંઠા ખતમ થઈ જશે. [2]આ સિદ્ધાંતના ઓઠા નીચે માણસની ભાગેડુ વૃત્તિ કે પલાયનવાદ વિકસિત થાય છે. [3]ઇચ્છાસ્વાતંત્ર્ય રહેતું નથી.

**ગો.શ્યા.મ.:** [1]આ બાબતમાં સહુથી પહેલાં આપણે આ વિચારવું જોઈએ કે માણસના પુરુષાર્થનો સ્કોપ્ શેનાથી ખંડિત થાય છે? માણસ કે વ્યક્તિ ની બાહર રહેલી આધિદૈવિકશક્તિને કારણે ઉદ્ભવેલી લાચારીને કારણે? તો જાણી રાખવું સારું કે ભગવદ્ગીતા પરમેશ્વરને ભીતર-બાહર બધે જ વિદ્યમાન શક્તિ માને છે, ફક્ત બાહર નહિ **"મયા તતમ્ ઈદં સર્વં જગદ્ અવ્યક્તમૂર્તિના"— "ક્ષેત્રક્ષેત્રજ્ઞયોઃ જ્ઞાનં યત્ તત્ જ્ઞાનં મતં મમ"—"સર્વસ્ય ચાહં હૃદિ સંનિવિષ્ટો"** .

જો કહેવામાં આવે કે આવા ઉપદેશો માણસની ભીતર લાચારીનું ભાન ભરી દેતા હોય છે તો આ વાત પણ અસ્થાને લાગે છે. કેમકે કોઈ પણ સિદ્ધાંતનો શાબ્દિક બોધ ક્યારેય માનવસમુદાયમાં એટલો પ્રબળ થતો જોવામાં આવ્યો નથી! માનવીય હકીકત જો આટલી સરળ હોત તો દરેક ધર્મના અનુગામીઓ પોતપોતાનાં ધર્મોને શતપ્રતિશત અનુસરનારા મળત. ધાર્મિક સિદ્ધાંતોની વાતને જવા દઈએ દારુ કે સિગરેટ્ સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે તેનું સંપૂર્ણ ભાન હોવા છતાંય તેના વ્યસનઉપર માનવી કાબૂ મેળવી શકતો નથી. જેઓએ અર્થશુચિતાના સિદ્ધાંતનાં નગારાં વગાડ્યાં તેઓ તે સિદ્ધાંતને વળગીને ક્યાં રહી શક્યા? જેઓ ત્યાગ-વૈરાગ્ય-સંયમનાં સિદ્ધાંતો કે આદર્શ



ના પ્રેરક બની સમાજ સામે આવ્યા તેઓ પણ વ્યક્તિજીવનમાં તેને સફલતાપૂર્વક નભાવી શક્યા નહિ. પુષ્ટિમાર્ગના નામે પેસેલા સડાનો વિરોધ કરવા જે પંથો આગળ આવ્યા તેઓ પણ પોતે તેવી જાતના સડાનો શિકાર બસ્સો વર્ષોની ભીતર જ બની ગયાં! એટલે સૈદ્ધાંતિક ભાનની અમલબજાવણીમાં સામાન્ય માણસની સીમાઓ છતી થતી હોવાથી કોઈ પણ સિદ્ધાંતની આટલી બધી અસર માની લેવી જોઈએ નહિ. કોઈક અસામાન્ય અધિકારીમાં જ સર્વાંશે માન્ય સિદ્ધાંતની આવી અસર ક્યારેક પ્રકટ થતી હોય તો તેવાઓની ટકાવારી કેટલી અને તે થકી સામાન્ય માણસોના સમુદાયમાં તેમની અસરકારકતા કેટલી હોઈ શકે? તદુપરાંત એવો અસામાન્ય માણસ જો ગાંડો હોય તો કોઈના ઉપર તેની અસર પડી શકતી નથી. જો મહાન્ સંત કે ભક્ત વ્યક્તિ હોય તો તેઓ ટકાવારીમાં વધુ હોઈ શકતાં નથી. તેવાઓને વળી દુન્યવી ફુટપટ્ટીથી માપવા તે ક્યાં સુધી તેમનું યોગ્ય મૂલ્યાંકન કહેવાય!

એટલે ભાન નહીં પણ લાચારીની લાગણી આવા સિદ્ધાંતો જગાડતાં હોય છે તેમ કહેવા જતાં પણ ભાનની બાબતની દલીલ જ લાગુ કરીને મૂલ્યાંકન કરવું જોઈએ.

હવે જો આવા સિદ્ધાંતોને કારણે વ્યવહારમાં કાંઈ વાંધાજનક ન લાગતું હોવા છતાંય એક આદર્શ તરીકે આવા સિદ્ધાંતો લાચારીના પ્રેરક હોવાથી યોગ્ય આદર્શ તરીકે માન્ય રાખી નથી શકાતાં, આવી દલીલ કરવા જઈશું તો વિચારવાનું રહ્યું કે આદર્શોની અનેકવિધ ભાત હોઈ શકે દા.ત. : ૧.કોઈક આદર્શ શિવ-સુંદર હોય

પણ સત્ય ન હોય. ૨.કોઇ આદર્શ સત્ય-સુંદર હોય પણ શિવ ન હોય. ૩.કોઇ આદર્શ સત્ય-શિવ હોય પણ સુંદર ન લાગતો હોય. અહીં આટલું તો સ્પષ્ટ જ છે કે સત્ય-શિવ-સુંદર આદર્શને તો સર્વોત્કૃષ્ટ માનવો જોઇએ. પરંતુ તેના પછી વરીયતાના ક્રમમાં ૧/૨/૩ પૈકી કેવા આદર્શને સ્થાન આપવું? કોઇ પણ સંજોગમાં અસત્ય આદર્શ કરતાં સત્ય આદર્શ, તે અસુંદર કે અશિવ જે પણ કાંઇ હોય, ભ્રમણામાં જીવનયાપન કરવાને ઠેકાણે સત્યને ઓળખીને તે મુજબ પોતાના જીવનનું ઘડતર વધારે શ્રેયસ્કર માનવું જોઇએ. હવે જો આપણે ભગવદ્ગીતાને જ સત્યપ્રતિપાદક શાસ્ત્ર ન ગણતા હોઇએ તો તો વિચારસંદર્ભનો ત્યાગ કર્યો કહેવાશે; અને તેમ કરતાં કર્મસિદ્ધાંતની વકાલત પણ આવશ્યક રહી જશે નહીં.

[૨]લીલાકર્તા હોવાથી જીવાત્માના કર્મોનો કર્તા પણ મૂલમાં તો પરમેશ્વર જ હોય છે આ સિદ્ધાંતના ઓઠા નીચે પલાયનવાદને પ્રોત્સાહન મળતું હોય છે, આવી દલીલના સંદર્ભમાં કહેવું જરૂરી લાગે છે કે જો લીલાવાદ ન સ્વીકારવો હોય તો કેટલીક સંભાવનાઓ આમ ગણાવી શકાય : ૧.અનેકજન્માર્જિતકર્મફલવાદ, ૨.પ્રકૃતજન્માનુષ્ઠિતકર્મનો મરણોત્તરફલનિયતિવાદ, ૩.યદચ્છાવાદ. આ પૈકી અનેકજન્માર્જિતકર્મફલવાદને સ્વીકારતાં પ્રકૃત જન્મમાં અનુભવાતાં સુખદુઃખાત્મક ફળ, મતિ, રુચિ, શુભાશુભ કર્મો કરવાની વાસના પૂર્વજન્મના કૃતકર્મોને આધારે ઘડાતી હોવાથી આપણાં બોધસ્વાતંત્ર્ય ઇચ્છાસ્વાતંત્ર્ય અને પ્રયત્નસ્વાતંત્ર્ય ને પણ પ્રભાવિત કરતા હોય છે. એટલે આ જન્મમાં સાહસોત્કંઠાનો અભાવ પૂર્વજન્મની કર્મવાસનાનો દુષ્પરિણામ હોવાથી લીલાવાદની માફક જ



માણસને નિયતિવાદી બનાવી દેતો હોય છે. તેથી વિપરીત ૨.કલ્પમાં દરેક કર્મ આપણો નૂતનારંભ હોઇ સંપૂર્ણરૂપે ત્રિવિધ સ્વાતંત્ર્યમૂલક હોવા છતાંય અતિશય કઠોર નિયમ હોવાથી માણસને કાં તો નિરાશાવાદી કાં તો પાખંડી બનાવી દેતો હોય છે. આ દ્વંદ્વથી જ બચવામાટે યહુદી-ઈસાઈ-મુસ્લિમ મતોને કર્મનો આવો સિદ્ધાંત સ્વીકારીને પણ અંતે પરમેશ્વરની શરણાગતિની ધારણાને સ્વીકૃતિ આપવી પડી. ૩.યદચ્છાવાદ તો કર્મના સિદ્ધાંતને ફગાવી જ દેવા માગે છે.

[૩]એટલે જે મતોમાં ઇચ્છાસ્વાતંત્ર્ય છે તે મતોમાં કૃતકર્મોની જવાબદારી આટલી બધી ગંભીર બની જતી હોવાથી માણસમાં અપરાધનો ભાવ નિરાશા કુંઠા વિદ્રોહ અને ઝનૂન નો અતિરેક ભરી દે છે. આથી વિપરીત યદચ્છાવાદ માણસને સ્વચ્છંદી બનાવે છે તો અનેકજન્માર્જિતકર્મવાદમાં વર્તમાન જન્મની ઇચ્છા યત્ન અને ફળ ને પૂર્વજન્મકૃત કર્મોની નિયતિ સૂર્યને ગ્રહણની માફક ઢાંકી દેતી હોય છે.

**રસિક શાહ:** ઇચ્છાસ્વાતંત્ર્ય વિષે એમ કહેવામાં આવે છે કે જીવ ભગવાન્નો અંશ છે તેથી અંશમાં અંશીના ગુણ આવે તે નિયમ પ્રમાણે ભગવાન્ના ઇચ્છાસ્વાતંત્ર્યનો અંશ તેટલા પ્રમાણમાં જીવમાં આવે છે. અત્રે જિજ્ઞાસા થાય છે કે અંશતયા ઇચ્છાસ્વાતંત્ર્ય એટલે શું સમજવું? : [ક]બ્રહ્મસત્યસંકલ્પ છે તેવા સત્યસંકલ્પવાળું ઇચ્છાસ્વાતંત્ર્ય જીવમાં આવે છે? [ખ]ખીલાથી બંધાયેલ બળદની જેમ અમુક દાયરામાં તેનું ઇચ્છાસ્વાતંત્ર્ય કામ કરે છે? [ગ]જીવમાં રહેલું ઇચ્છાસ્વાતંત્ર્ય અને પુરુષાર્થ

ભગવાને નિર્ધારિત કરી રાખેલ ઘટનાઓને બદલી શકે એવો સંભવ ભગવાને રાખ્યો છે? [ઘ]બ્રહ્મની ઈચ્છાની ચોખટમાં રહીને જ ઈચ્છા કરી શકે છે કે તેની વિરુદ્ધ પણ કરી શકે છે? [ઙ]આનંદાંશ તિરોહિત થવાથી ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય જેવા અનેક ગુણધર્મો જીવમાં તિરોહિત થઈ જાય છે તેમ ઈચ્છાસ્વાતંત્ર્ય પણ તિરોહિત થઈ જાય છે અને આનંદાંશ પ્રકટ થવાથી ફરીથી પ્રકટ થાય છે? [ચ]એમ પણ કહેવામાં આવ્યું છે કે લૌકિક સમસ્યાઓનો ઉકેલ લૌકિક બુદ્ધિથી કાઢવો જોઈએ. તો શું લૌકિક અને અલૌકિક એવા બે વિભાગો લીલાબોધમાં પાડવા જોઈએ? [છ]અથવા અંતમાં એવો અર્થ કરી શકાય કે ભગવાન્ માણસને કઠપૂતળીની જેમ નચાવી રહ્યો છે. [જ] માણસની અંદર અહંતા-મમતાનો એવો મસાલો ભરી દીધો છે કે તે પોતાને કર્તા માની ભ્રમણામાં જીવન વિતાવે છે?

**ગો.શ્યા.મ. :** આંશિક ઈચ્છાસ્વાતંત્ર્યનો મતલબ આજ છે કે જો જીવાત્મા અને પરમાત્મા ના વચ્ચે અંશ અને અંશી હોવાનો સંબંધ હોય તો જીવાત્માની ઈચ્છા અને પરમાત્માની ઈચ્છા વચ્ચે પણ અંશાંશિભાવ સ્વીકારવો જ પડશે. અન્યથા જીવાત્મા અને પરમાત્મા વચ્ચે પણ અંશાંશિભાવનો પ્રત્યાખ્યાન થયા વિના નહિ રહે. હવે જો તેઓ અંશ-અંશી ન હોય તો તે ગીતોક્ત અંશાંશિભાવ પણ મિથ્યાભાસરૂપે સ્વીકારવો પડશે. અંતે મિથ્યા ઠરશે ભગવાન્ના પોતાના વચન.

[ક]પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે 'સત્યસંકલ્પ'પદનો અર્થ એમ થાય કે પરમેશ્વર જે કાંઈ સંકલ્પ કરે તે



અસત્ય ન હોઈ શકે. હવે જીવાત્મા પરમેશ્વરનો અંશ હોવાને કારણે એનામાં પણ આંશિક સત્યસંકલ્પ હોવાનું સામર્થ્ય તો સિદ્ધ થાય જ છે. પરન્તુ 'આંશિક સત્ય'પદનો અર્થ કરતા જ આ હકીકત સ્પષ્ટ થઈ જાય છે કે જીવાત્માએ સંકલ્પેલ વસ્તુ કે કાર્ય અંશતઃ જો સત્ય હોય તો અંશતઃ મિથ્યા પણ હોઈ શકે. તેથી જ તો પુષ્ટિજીવો પણ સર્વસ્વસમર્પણનો સંકલ્પ કર્યા પછી પણ ભગવત્સેવાને ભક્તિમયી ગરિમાથી નભાવવાને ઠેકાણે ધંધાકીય પ્રદર્શન તરીકે અંશતઃ સત્ય અને અંશતઃ મિથ્યા રૂપે જ નભાવી રહ્યા છે. આ કાંઈ પુષ્ટિમાર્ગીયોની જ કથા છે એવું નથી પણ જ્ઞાન-વૈરાગ્યમાર્ગીઓની કે કર્મમાર્ગીઓની, આસ્તિકોની કે નાસ્તિકોની, પ્રજાતંત્રવાદીઓની અથવા તો સામ્યવાદીઓની, ધર્મવાદીઓની કે ધર્મનિરપેક્ષવાદીઓની બધાની બાબતમાં એટલી જ સાચી હકીકત રૂપે અનુભવાય છે. તેથી ઈચ્છાસ્વાતંત્ર્ય આપણી ભીતર જે જણાય છે તે કેટલું પોકળ છે તેની પણ પોલ ખુલી જાય છે.

[ખ]તેથી ખીલાથી બંધાયેલ બળદના સ્વાતંત્ર્ય જેવું સમજી શકાય છે.

[ગ-ઘ]પ્રશ્નોની બાબતમાં જણાવવાનું કે દક્ષિણથી ઉત્તર જતી રાજધાની જેવી ટ્રેઈનના ડબ્બાઓમાં તે દિશાથી વિરુદ્ધ એટલે કે ઉત્તરથી દક્ષિણ દિશામાં જઈ શકાય છે.

[ઙ]ઐશ્વર્યાદિ ષડ્ગુણોની બાબતમાં પણ તેથી કહી શકાય કે મનુષ્યની વાત છોડો માનવેતર યોનિઓમાં પણ આંશિક

ષડ્ગુણો સંભવે છે. 'આંશિક ઈચ્છાસ્વાતંત્ર્ય' એટલે આંશિક ઈચ્છાપારતંત્ર્ય. પણ તેથી જ તે નથી સર્વાંશમાં અવિદ્યમાન=તિરોહિત કે નથી સર્વાંશમાં વિદ્યમાન= આવિર્ભૂત.

[ચ]પરમેશ્વર સર્વવ્યાપી સર્વજ્ઞ સર્વદૃષ્ટા હોવાથી એની સામે બધું જ પ્રકટ જ હોય પરંતુ અંશ હોવાને કારણે જીવાત્માની સામે કંઈક પ્રકટ હોય છે તો કંઈક અપ્રકટ પણ. તેથી જ બધા જ સદંશો કે બધા જ ચિદંશો પણ એક જીવાત્મા સામે પ્રકટ નથી હોતા તો અંશી તો પ્રકટ ન અનુભવાતો હોય તેમાં કહેવાપણું રહી જતું નથી. તેથી બધી લીલા પણ જીવાત્મા સામે જો પ્રકટ ન થતી હોય તો તેવા બે વિભાગો હોય તેમાં પણ કહેવા જેવું કશું રહી જતું નથી. તેથી આ સૃષ્ટિમાં જ્યારે કોઈક જીવાત્માને ભગવદ્બોધ કે કોઈ વસ્તુ-વ્યક્તિ-ક્રિયાકલાપોનો ભગવદર્થતાબોધ કે ભગવચ્છાસ્ત્રોની આજ્ઞાઓનો બોધ થતો હોય છે તો તે સિવાય જે કાંઈ બોધ થાય છે તે લૌકિક બોધ હોય છે. તેવો લૌકિક બોધ લૌકિક સમસ્યાઓના નિરાકરણમાટે મોટે ભાગે પર્યાપ્ત હોવા છતાંય અલૌકિક પદાર્થ કે ક્રિયા માટે સર્વથા અપર્યાપ્ત જ હોય છે.

જે હકીકત બોધના સંદર્ભમાં સ્વીકારી તેને ઈચ્છા પ્રયત્ન અને ફળ ના સંદર્ભમાં પણ સ્વીકારી લેવી જોઈએ.

[છ]કઠપૂતળી ક્યારેક તેને નચાવનારની ઈચ્છાથી વિપરીત ખંડિત થતાં ન પણ નચાવી શકાતી હોય. તેવું સત્યસંકલ્પ પરમેશ્વરની બાબતમાં સંભવતું નથી.



[જ]અહંતા-મમતાને ભગવાન્ પોતે ગીતાના **"મનો બુદ્ધિરેવ ચ અહંકાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિઃ"** વચનમાં પોતે જીવાત્માની ભીતર મસાલા રૂપે ભરાયેલા છે તેવું સ્પષ્ટ જણાવે છે. હવે ઈચ્છા હોય કે સાહસોત્કંઠા કે પ્રયત્ન હોય કે કર્મફળ હોય અંતે તો તે જીવાત્માની ભીતર ભરાયેલ મનો-બુદ્ધિ-અહંકાર વિના તો ઉદ્ભવી શકતા નથી. અને તે જો ભગવાને લીધેલા રૂપ હોય તો તેમને પોતાનું સામર્થ્ય માની લેવું તો ભ્રમણા જ હોઈ શકે. અંતે ભગવદ્રૂપ હોવાને કારણે મનોબુદ્ધિઅહંકારને ભગવદધીન માનવામાં ભ્રમણા લાગતી હોય તો ભગવદ્ગીતાના ઉપદેશને પણ ભ્રાંતિપૂર્ણ માન્યા સિવાય તે ન સંભવી શકે.

### (ગ)વૈષમ્યનૈર્ઘૃણ્યના સંદર્ભમાં

**રસિક શાહ:** વૈષમ્યનૈર્ઘૃણ્યનો તાત્ત્વિક ઉત્તર તો આપણે આપી શકીએ છીએ. અવયવ-અવયવીનું દૃષ્ટાંત પણ આપી શકીએ છીએ. પરંતુ અચેતન અવયવ અને ચેતન મનુષ્ય ની પરિસ્થિતિ ભિન્ન છે. પોતાનો ભાઈ ખૂબ હોશિયાર હોય અને પોતાની જ બહેન બહુ રૂપાળી હોય અને તેના કારણે જીવનમાં આવેલ ન્યૂનતાગ્રંથિ અને લોકોના વ્યવહારમાં આવતી ઉપેક્ષાવૃત્તિ ને કેવી રીતે સહન કરી શકાય?

**ગો.શ્યા.મ.:** આ મુદ્દો શરણાગતિના મુદ્દા સાથે સીધો સંબંધ ધરાવતો નથી પણ શરણાગતિની પશ્ચાદ્ભૂમિ તરીકે રહેલ શુદ્ધાદ્વૈતવાદની વ્યાવહારિકતાને લાગતો-વળગતો મુદ્દો છે. એટલે શરણાગતિની ભાવના અથવા તો તે ભાવનાવિહોણી કર્તૃત્વાભિમાનરહિત ફલાકાંક્ષારહિત કર્મનિર્વાહની ભાવના તે બંને ઉપર સમાનન્યાયેન લાગુ થશે. શુદ્ધાદ્વૈતવાદ

શ્રુતિસ્મૃતિસૂત્રપુરાણસિદ્ધ છે કે નહિ તે ચર્ચા તેથી અહીંયા અપ્રાસંગિક છે. છતાંય એટલું ચોક્કસપણે કહી શકાય કે જગત્‌ને ઈશ્વરનિર્મિત માનનારા કોઈ પણ વાદ પછી તે કેવલાદ્વૈતવાદ હોય દ્વૈતવાદ હોય કે વિશિષ્ટાદ્વૈતવાદ હોય કે અચિન્ત્યદ્વૈતાદ્વૈતવાદ હોય દરેકમાટે આ વિચારણીય મુદ્દો તો છે જ. અલબત્ત શુદ્ધાદ્વૈતવાદના દૃષ્ટિકોણથી એટલું અવશ્ય કહી શકાય કે પરમેશ્વરની સત્તા અસ્વીકારીને કર્મસિદ્ધાંત કે યદચ્છાવાદી સિદ્ધાંત કે આધુનિક કોઈ વૈજ્ઞાનિક અભિગમ થકી પણ આ પ્રશ્નનું સમાધાન શોધવા જતાં શું કોઈ નક્કર નિરાકરણ મળી રહે છે? નહીં જ. તે પરિસ્થિતિમાં શુદ્ધાદ્વૈતવાદની દૃષ્ટિએ સર્વ વસ્તુ કે વ્યક્તિ સાથે જો બૌદ્ધિક વાચનિક અને અંતે વ્યાવહારિક બ્રહ્મતાદાત્મ્યભાવ કેળવાય તો ન્યૂનતાગ્રંથિ અને ઉપેક્ષાવૃત્તિ ને સાંખી શકવા લેશતઃ પણ કોઈ સમર્થ અવશ્ય બની શકે છે. અન્યથા પ્રાણવાયુને ભીતર લઈ કાર્બનવાયુને બાહર કાઢનારી સ્વતઃસંચાલિત અને જીવનને ટકાવી રાખનારી શ્વાસોચ્છ્વાસપ્રણાલીની શરણાગતિ શા માટે સ્વીકારવી? શા માટે આપણા ઈચ્છાસ્વાતંત્ર્ય અને પ્રયત્નસ્વાતંત્ર્ય ઉપર સ્વાવલંબી થવા પ્રાણાયામવાળી યોગપ્રણાલી ન અપનાવવી? કાચબા-દેડકા જેવા કેટલાક પ્રાણિઓ *હાયબર્નેશન્* માં તો જાય જ છે. તો આવી દલીલ કેટલા માણસો માટે કારગત થઈ શકે? તે સિવાય હાથપગ વિ. સ્થૂળ અંગોને પોતાની અહંતા-મમતા નથી હોતી પણ તે અંગોના મસ્તિષ્કની ભીતર રહેલા કેંદ્ર અને તે-તે અંગોના ઘટક જૈવિક કોષોને હોય છે તે આધુનિક વિજ્ઞાનનો નિષ્કર્ષ પણ ધ્યાન રાખવા જેવો છે.

**રસિક શાહ:** આ વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય વ્યવહારમાં કેમ કરીને સાંખી



શકાય? ઉપાય તરીકે વિશેષ પ્રયત્ન કરવાની અને સફળ થવાની આવશ્યકતા રહેશે કે નહિ? શાસ્ત્રો તથા લૌકિક વિષયોનું જ્ઞાન આવશ્યક/યથાર્થ રહેશે કે નહિ? સંસારમાં અનુભવાતા વૈષમ્ય-નૈર્ઘૃણ્યની હકીકત કેવી રીતે નકારી શકાશે?

**ગો.શ્યા.મ.:** પરમેશ્વરની શરણાગતિની વાતને ભૂલી જાઓ! પરમેશ્વરના અસ્તિત્વને જ નકારી કાઢો તો પણ પોતે જડ પ્રકૃતિને કારણ માનવા જતાંય વૈષમ્ય-નૈર્ઘૃણ્યની હકીકતનો અસ્વીકાર થઈ શકે નહિ. તદુપરાંત આધુનિક વિજ્ઞાનને અભિમત *સર્વાઈવલ્ ઑફ્ ફિટેસ્ટ્* ના સિદ્ધાંત મુજબ તો વૈષમ્ય-નૈર્ઘૃણ્ય અતિશય વિકરાલતા લઈને સામે આવે છે જ્યારે કે શુદ્ધાદ્વૈતવાદ કદાચ વધુમાં વધુ શાહમૃગની માફક વૈષમ્ય કે નૈર્ઘૃણ્ય ની હકીકતની સામે જગત્‌માં જણાતી દરેક વિષમતા કે નિષ્ઠુરતા ને લીલાત્મક માનીને જગત્કારણ તત્ત્વમાં રહેલ મૌલિક તાદાત્મ્યની અનુભૂતિ કેળવવાનું જે જણાવે છે તે મુજબ જો માનસિકતા ઘડાય તો શું માનસિક સ્વાસ્થ્ય ન જળવાય?

### (ઘ)"સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ"
### અને
### નિઃસાધનતાભાવ ના સંદર્ભમાં

**રસિક શાહ:** આ વચનોના જે પ્રત્યાઘાત અથવા પ્રભાવ વૈષ્ણવ જનતામાં પડ્યા છે તે વિચાર કરવા યોગ્ય છે. વૈષ્ણવોના મોઢેથી વારંવાર સાંભળવા મળે છે કે જીવનું શું સામર્થ્ય છે, જીવ તો દુષ્ટ છે. ઈશ્વરેચ્છાથી જે થયું તે ઠીક જ છે. આપણે શું કરી શકીએ? જે થવાનું છે તે થવાનું જ છે. આવા વિચારોને કારણે વૈષ્ણવોની

ધીરે-ધીરે અકર્મણ્યતામાં અને પરિણામે નિરાશાવાદમાં ધકેલાઈ જવાની સંભાવના રહે છે.

**ગો.શ્યા.મ.:** પુષ્ટિમાર્ગીય ગ્રામીણ જનતા ખેતીવાડી કે વેપાર માં; તેમજ પુષ્ટિમાર્ગીય શહેરી જનતા આધુનિક શિક્ષાર્જન દ્વારા ડૉક્ટરી વકીલાત વિ. ઉદ્યોગધંધામાં કે વિદેશવાસી બનીને ત્યાં નોકરી-ધંધામાં પણ બીજા કોઈ ધાર્મિક સમુદાય કરતા વિશેષ પછાત હોય એવું લાગતું તો નથી. સહજ સંભવ છે કે નવી પેઢી આપણા "નિજેચ્છાતઃ કરિષ્યતિ"ના સિદ્ધાંતથી નાવાકેફ હોવાથી આગળ આવી હોય, તેમ માની લઈએ પરંતુ નવી પેઢીના દાદા-પરદાદાઓ પણ પોતાનાં સમયમાં નિરુદ્યમી હતા એવું પુષ્ટિમાર્ગના ભૂતકાળમાં ડોકિયું કરતાં પણ જણાતું તો નથી. એટલે **"પુષ્ટિમાર્ગીઓ જો કૃષ્ણના ભક્ત હોય તો એમના મોઢાં રોતી શિકલ જેવા કેમ છે?"** એવા જાહેર વિધાનો વારંવાર કરી-કરીને એક નોખો ચોકો પોતાનો ઊભો કરવા માટે કેટલાક પ્રવચનકારોએ ઊભી કરેલી નિષેધાત્મક છબિને કારણે આપણે પણ આપણી જાતને નિંદાત્મક દષ્ટિકોણથી તો ક્યાંક નથી જોઈ રહ્યા! આ વિચારી લેવું જોઈએ. ખરેખર જો આપણે ભગવદ્ગીતાનો સ્વાધ્યાય કરતા હોઈશું તો **"ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશે અર્જુન! તિષ્ઠતિ ભ્રામયન્ સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત!"** ભગવદ્ગીતાનો આ ઉપદેશ આપણને આપણા આધિદૈવિક કે આધ્યાત્મિક પુરુષાર્થની બાબતમાં કઠપૂતળીને નચાવનારની આંગળિઓ મુજબ નાચવાની કે શરણાગતિ લેવાની પ્રેરણા જ આપી રહ્યો છે. છતાંય આ ઉપદેશના ચોખટામાં પોતાના આધિભૌતિક પુરુષાર્થ કે પ્રયત્ન ને મઢનારો કાં તો ગાંડો પુષ્ટિમાર્ગીય હશે કાં તો અત્યુચ્ચ



કક્ષાનો કોઈક ભગવદીય જ હશે! સાધારણ પુષ્ટિમાર્ગી તો નહીં જ. આત્યંતિક દ્વૈતવાદમાં નિષ્ઠા રાખનાર ઈસ્લામ ધર્મીઓ પણ દરેક કાર્યના પ્રારંભમાં 'બિસ્મિલ્લાહ', કોઈ પણ વાયદો આપતાં પહેલાં 'ઈન્શાઅલ્લાહ', કોઈની પણ પ્રશંસા કરવી હોય તો 'માશાઅલ્લાહ', કોઈ વસ્તુ આપણને ગમતી હોય તો 'સુબ્હાનઅલ્લાહ' આમ દરેકેદરેક નજીવી વાતોમાં પણ અલ્લાહની શરણાગતિની ભાવના કરવાથી મુસલમાનો અકર્મણ્ય કે નિરાશાવાદી બન્યા હોય એવું દેખાતું તો નથી. એટલે આ આક્ષેપ અતિરંજના ભરેલો લાગે છે.

**રસિક શાહ:** વળી નિઃસાધનતાભાવ એટલે સાધન કરવાનું સામર્થ્ય છે, સાધન કરી રહ્યો છે પણ એ માન્યતા સાથે કે જે સાધનાચરણ કરી રહ્યો છે તેના ફળ આપવાની ક્ષમતા સાધનોમાં નથી પરંતુ ભગવાન્માં જ છે. અહીંયા ધ્યાનમાં રાખવા જેવી વાત આ છે કે [1]સાધનો ફળ આપવા સક્ષમ છે એ વાત આપણે નકારી શકતા નથી. શાક સુધારવા ચાકુ જ જોઈએ ચમચો કામ ન લાગે, ગમે તેટલા પ્રયત્નો કરીએ તો પણ. તો પછી સાધનોમાં ફળક્ષમતાબુદ્ધિ ન રાખી ફળ આપવાનું સામર્થ્ય તો ભગવાન્માં જ માનવું ક્યાં સુધી યોગ્ય ગણાય? [2]તેથી જીવે તો શાસ્ત્રાજ્ઞા મુજબ કે કર્તવ્યબુદ્ધિથી જ કાર્યો કરવા જોઈએ આ વાત ગળે કેવી રીતે ઉતરી શકે? [3]એના અવેજમાં જો એમ માનવામાં આવે કે સાધનોમાં પણ ઈશ્વરે બક્ષેલ ક્ષમતા છે. [4]દવા ડાક્ટર અને ભગવાન્ ત્રણેમાં એકત્ર મળીને ફળ આપવાની ક્ષમતા છે. એમ સમજીને કાર્યો કરવાં વધારે ઉચિત નથી લાગતું? [5]અલબત્ત ભગવાન્ની અનિવાર્યતા ભૂલવી

ન જોઈએ. [6]પૂર આવ્યા પછી ભગવાને મોકલાવેલ માણસ, નાવ, હેલીકૉપ્ટર્ વગેરેનો ઉપયોગ ન કરનાર ડૂબી જનાર વ્યક્તિનું દૃષ્ટાંત પણ અત્રે સુસંગત થાય છે.

**ગો.શ્યા.મ. :** [1]"સાધનો ફળ આપવા સક્ષમ છે" આ વાત એકંદરે સાચી હોવા છતાંય સર્વાંશે સાચી હોય એમ લાગતું નથી. કેમકે અંજીર કે કેળા જેવા ફળો ચમચાથી પણ સુધારી શકાય અને સૂકા નારિયેળમાંથી કોપરું કાઢવા કે સોપારી માટે ચાકુ કામ ન પણ આવે! માણસ જાતના પ્રાણીને ઊભા થવા માટે પગ અને કરોડરજ્જુ માં રહેલ જૈવિક સામર્થ્યને એકંદરે સક્ષમ સાધન માનવામાં આવે છે. હકીકતમાં તો આ પૃથ્વીના ગુરુત્વાકર્ષણ સાથે જૈવિક પ્રક્રિયાએ સાધેલ કેવલ તાલમેલ જ છે. જો ગુરુના ગ્રહ ઉપર માણસ જાતના પ્રાણીને છોડવામાં આવે તો પગ કે કરોડરજ્જુ ની જૈવિક શક્તિ ત્યાં કામ નહિ લાગે. તેમજ પૃથ્વી કરતાં દશાંશ ગુરુત્વાકર્ષણ ધરાવતા કોઈક ગ્રહપિંડ ઉપર માણસ જાતને દોડવાનું કહેવામાં આવે તો પોતાની ફકત જૈવિક શક્તિના આધારે તે દોડી નહીં જ શકે. આપણી પાસે સાંભળવા માટે સાધન કર્ણેંદ્રિય છે પણ સાપ પોતાના પેટ ઉપર ત્વચાના આવરણથકી જ સાંભળતો હોય છે. હાથી પોતાના કાન ઉપરાંત પગોથી પણ સાંભળી શકે છે. આપણાં હાથ ફકત કર્મેન્દ્રિય રૂપે કાર્યકારી હોય છે. પણ હાથીની નાક એટલે સૂંઢ ગંધ સૂંઘવા માટે જ્ઞાનેંદ્રિય તરીકે અને વસ્તુને પકડવા ઉચકવા કે ફગાવવા માટે કર્મેંદ્રિય તરીકે પણ કામ આવતી હોય છે. એટલે શ્રીમહાપ્રભુજીના શરણીય ભગવાન્‌ને ન સ્વીકારવા હોય તો પણ જડ પ્રકૃતિમાં પણ **"અસાધનમપિ સાધનં કરોતિ"** જેવું સામર્થ્ય



સ્વીકાર્યા સિવાય છૂટકો નથી. શ્રીમહાપ્રભુજી કહેશે કે પ્રકૃતિમાં આ સામર્થ્ય પરમેશ્વરનું અનુગત થાય છે. કેમકે બ્રહ્મ પોતે પ્રકૃતિ રૂપે બ્રહ્માંડમાં પ્રકટ્યો છે તેથી કોઈ પણ વસ્તુની કોઈ પણ જાતના સાધન થવાની ક્ષમતા ફકત તે વસ્તુના સ્વરૂપ ઉપર અવલંબિત ન હોઈ ઘણી બધી હેતુસામગ્રીઓ ઉપર અવલંબિત થતી હોય છે. એટલે સહિયારા ઉદ્યમનું શ્રેય કોઈક એક વસ્તુ કે વ્યક્તિ ને આપવું તે વાસ્તવિકતાની સામે આંખ આડા કાન કરવા જેવી બિના લાગે છે. તેથી આપણાં શાસ્ત્રો આપણને **"અધિષ્ઠાનં તથા કર્તા કરણં ચ પૃથગ્વિધં વિવિધાઃ ચ પૃથક્ ચેષ્ટા દૈવં ચૈવાત્ર પઞ્ચમં, શરીરવાઙ્મનોભિઃ યત્ કર્મ પ્રારભતે નરઃ ન્યાય્યં વા વિપરીતં વા પઞ્ચ એતે કર્મહેતવઃ, તત્રૈવં સતિ કર્તારમ્ આત્મનં કેવલસ્તુ યઃ પશ્યતિ અકૃતબુદ્ધિત્વાત્ ન સ પશ્યતિ દુર્મતિઃ"** એટલે આ પંચક પૈકી કોઈ પણ એક વસ્તુ કે સાધન ની સ્વતઃસિદ્ધ ક્ષમતા તો નથી જ પણ હેતુસામગ્રીના ઘડતરમાં અન્યતમ ઘટક તરીકે બધા જ પોતપોતાનો રોલ બજાવતા હોય છે. અહીં મને એમ નથી લાગતું કે આ હકીકત શુદ્ધાદ્વૈતવાદ કે શરણાગતિના ભાવ માં નકારવામાં આવી હોય.

[2]એટલે શાસ્ત્રાજ્ઞા ગળે ન ઉતારવી હોય તો ન ઉતારો પણ આને એક કડવી હકીકત રૂપે તો સ્વીકારવી જ પડશે.

[3]એટલે સાધનોને ઈશ્વરે બક્ષેલ સક્ષમતા સંપૂર્ણ ક્ષમતા ન હોઈ અત્યલ્પ એક-પંચમાંશ ક્ષમતા જ હોય છે તે વાત શરણાગતિની ભાવનામાં ઉપદેશ્ય છે.

[4]દવા અને ડાક્ટર માં માંદગી મટાડવાની ક્ષમતા ઈશ્વરનિરપેક્ષ માનવી કે ઈશ્વરસ્થાપિત ? જો ઈશ્વરનિરપેક્ષ હોય તો ઈશ્વરાસ્તિત્વ નકામું બની જાય છે અને જો ઈશ્વરસ્થાપિત હોય તો સ્થાપિત સામર્થ્ય, સ્થાપકનું જ હોવાથી, તેના વિકલ્પ તરીકે સ્થાપકની જ સામે ન આવી શકે. તે તો તેના અંગ તરીકે જ સામે આવે.

[5]તેથી કાં તો લીલાને માણવામાટે પરમેશ્વરની શરણાગતિ સ્વીકારીને તે ઈશ્વરદ્વારા સ્થાપિત સાધનોની સ્વરૂપગત અક્ષમતાનો કે લીલાર્થ સ્થાપિત આંશિક ક્ષમતાનો જ સ્વીકાર યોગ્ય ગણાય. અન્યથા ઈશ્વર પોતે અનિવાર્ય રહી જતો નથી.

નિષ્કર્ષરૂપે [6]પૂરમાં ડૂબી જનારના ઉદાહરણમાં હકીકતમાં તો ડૂબનાર માણસે **"વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ"—"પ્રતીકારો યદચ્છાતઃ સિદ્ધ્ઃ ચેત્ ન આગ્રહી ભવેત્"—"પ્રાપ્તં સેવેત નિર્મમ"** આમ વિવેક ધૈર્ય અને આશ્રય ત્રણેય છોડ્યા તેને કારણે ડૂબવું પડ્યું મને તો કથાસાર એમ વર્તાઇ રહ્યો છે.

### (ક)મધ્યમાર્ગ

**રસિક શાહ :** એક વચગાળાના માર્ગ તરીકે જીવ જો એમ વિચારે કે ભગવાને મને બુદ્ધિ અને સામર્થ્ય આપ્યાં છે તો આ કામ મારે જ કરવું જોઇએ. હું જ શક્તિશાળી છું. શ્રેષ્ઠ ઉપયોગ મારે જ કરવો જોઇએ. હું જ કરીશ અને પાર પાડીશ. આ પ્રકારનું કર્તૃત્વાભિમાન રાખે તો તેને કાર્ય કરવાની ધગશ રહે, સંપૂર્ણપણે તન અને મન લગાવી શકે. તેને એક ચેલેંજ્-કસોટી લાગે.



પરિણામે તેની ક્ષમતા પણ વધે અને કાર્ય કરવાનો અને ફળલાભ નો આનંદ માણી શકે. આ શું વધારે યોગ્ય નથી? લૌકિક સમસ્યાઓનું સમાધાન લૌકિક યુક્તિથી/બુદ્ધિથી લાવવું સુસંગત લાગે છે.

**ગો.શ્યા.મ. :** પરમેશ્વરે આત્મસંમોહનમાં સ્થાપિત કરેલ સામર્થ્યથકી ન કેવલ માનસિક બલ્કે શારીરિક રોગો ઉપર પણ કાબૂ મેળવી શકાય છે. આત્મવિશ્વાસ વિહોણા માનસિક રોગીઓમાં આત્મસંમોહન ચિકિત્સાની અસરકારકતા મહદંશે આજે માન્યતા પામી છે. તેથી આત્મસંમોહનની એક ચિકિત્સારૂપે આ વાતને સ્વીકારી લેવામાં કોઇ જાતનો વાંધો મને પણ લાગતો નથી. પરંતુ આ ચિકિત્સાપ્રણાલીને 'આત્મસંમોહન' કહેવાનું રહસ્ય જ આ છે કે હકીકત સાથે આને કોઇ જાતની નિસ્બત નથી. કેમકે ભગવાને આપેલી બુદ્ધિ અને સામર્થ્ય પરમેશ્વરથી નિરપેક્ષ બની કારગર થતી હોય તો માણસ ક્યારેય વિફલ થવો ન જોઇએ. જો માણસને બીજા પ્રાકૃતિક ભૌગોલિક સામાજિક રાજનૈતિક આર્થિક પારિવારિક જેવા પરિબળોની અપેક્ષા, પોતાને મળેલ બુદ્ધિ અને સામર્થ્ય ઉપરાંત, રહેતી હોય જ તો ઈશ્વરની શરણાગતિમાં શામાટે નાનપ માનવી જોઇએ. પરમેશ્વરની બાબતમાં મને તો આવી અર્ધદગ્ધ અબૌદ્ધિક શ્રદ્ધા કરતા અશ્રદ્ધા વધારે બૌદ્ધિક અને યોગ્ય પ્રતિભાવ લાગે છે. કેમકે પરમેશ્વરે આપેલું સામર્થ્ય જો અસ્વાભાવિક હોય તો આત્મસંમોહનચિકિત્સાથી વધારે મૂલ્યાંકન આવી મનોવૃત્તિ કે મનોભાવના નું શક્ય નથી. જો સ્વાભાવિક હોય તો તેને અંશાત્મક માનવું કે અનંશાત્મક ? જો અંશાત્મક તો વાત ત્યાંની ત્યાં જ ટકી રહી. પરંતુ જો અનંશાત્મક માનીએ તો સફલ થનાર જેમ ઈશ્વરનો

આભારી બનશે તેમ પોતાના પ્રયાસોમાં વિફલ થનાર ઈશ્વરે સ્થાપિત અલ્પસામર્થ્યને ગુનેગાર ઠરાવીને અથવા તો નિરાશા અને કુંઠા ના મનોભાવોમાં ગ્રસ્ત થતાં પરમેશ્વર પ્રત્યે ધિક્કાર અને વિદ્રોહ ની લાગણીમાં ઘેરાઈને આત્મઘાત સુધી આગળ વધી શકે છે; અથવા તો અનીશ્વરવાદી બની જશે. બે વિશ્વયુદ્ધો વચ્ચે યૂરોપીઅન ચિંતન જેમ Existentialism એટલે કે પ્રયોજનરહિત અસ્તિત્વની કેદમાં જકડાઈ જવાની નિરાશામાં સંડોવાઈ ગયું હતું તેમ!

**રસિક શાહ:** ઈશ્વરમાં, એકલામાં, પણ ફળ આપવા, ન આપવા અથવા વિપરીત ફળ આપવા ની ક્ષમતા હોઈ શકે. પરંતુ સાધન અને સાધના માં અશ્રદ્ધા રાખીને કોઈ કાર્ય કરવા કરતાં શ્રદ્ધા રાખીને કાર્ય કરવું વધારે ઉપકારક થઈ શકે. આસુરી ભાવો કે ભક્તિ/પ્રપત્તિમાં બિનજરૂરી ભાવોને કાબૂમાં લાવવા અને રાખવા આધિદૈવિક સાધનોની સાથે લૌકિક અને વૈદિક સાધનોનો શ્રદ્ધાપૂર્વક ઉપયોગ કરવામાં શું હાનિ થઈ શકે? સોનામાં સુગંધ ભળશે. અલબત્ત આ બધી પ્રક્રિયા પાછળ ઈશ્વરેચ્છા પ્રધાન અને અનિવાર્ય માનીને પણ કેમ ચાલી ન શકાય?

**ગો.શ્યા.મ.:** આવી જાતની વિચારસરણી અમેરિકામાં પ્રકટેલ ઉપયોગિતાવાદી (to be is to be useful) દર્શન જેવી ધારણા લાગે છે. આમાં પરંતુ વિચારણીય આ છે કે એકને કોઈક માન્યતા ઉપકારક કે ઉપયોગી લાગતી હોય તે બીજાને માટે ઉપયોગી હોય તેવું જરૂરી હોતું નથી. કેમકે કોને ઉપયોગી લાગતી ધારણાને પ્રામાણિક ગણવી? વ્યક્તિની? સમાજની બહુમતીની? સમાજમાં



ઉપરી તબક્કાપર બિરાજમાન શિક્ષાવિદો ન્યાયવિદો ધર્મવિદો સમાજશાસ્ત્રીઓ કે માનસશાસ્ત્રીઓની? અથવા તો બહુમતીથી ચૂંટાયેલ રાષ્ટ્રપતિ/પ્રધાનમંત્રી જેવા શાસકોની? વ્યક્તિની સ્વીકારતાં અરાજકતા વધશે. સામાજિક બહુમતીની ધારણાને પ્રામાણિક માનવાની શ્રદ્ધાને કારણે માનવસમુદાયે નાઝીવાદ જેવા દુષ્પરિણામ ક્યાં નથી વેઠ્યા? સમાજના ઉપરી તબક્કા ઉપર બિરાજમાનોમાં એકમતિ કે પરસ્પર સહમતિ ક્યાં પ્રકટતી હોય છે. ચૂંટાયેલા શાસકો તો મોટે ભાગે પ્રામાણિક ધારણાને સ્વીકારવા કરતાં લોકપ્રિય ધારણાઓને જ પોતાનું શાસન ટકાવી રાખવા ઉપયોગી માનતા હોય છે.

### (ચ)મૂળજિજ્ઞાસા

**રસિક શાહ:** મૂળ જિજ્ઞાસા આ છે કે ૨૦-૨૫ વર્ષની ઉમરનાં યુવાન-યુવતી, જે ભણી-પરવારી ગૃહસ્થાશ્રમમાં પગલાં પાડી રહ્યા હોય, તેમને લીલાબોધ : **"વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ"** — **"ત્રિદુઃખસહનં ધૈર્યં"** — **"પ્રાપ્તં સેવેત નિર્મમ"** અને વિશેષમાં **"કલૌ ભક્ત્યાદિમાર્ગાઃ હિ દુઃસાધ્યાઃ"** એવો શરણાગતિનો ઉપદેશ આપવો તે અયુક્ત અપ્રાસંગિક અને અધિકારવિવેક વિના અપાતો ઉપદેશ હોય એવું નથી લાગતું? યુવાવર્ગ, બુદ્ધિશાળી વર્ગ, કળાકાર (talented) વર્ગ ની માનસિકતા કે મહત્ત્વાકાંક્ષા કાંઈ કરી બતાવવાની હોય છે. તેથી તેમની તમન્ના કે સ્વાભાવિક તરવરાટ માં વિઘ્નકારી કે વિરોધી ઉપદેશ વિકલ્પરૂપા શરણાગતિનો લાગે છે.

**ગો.શ્યા.મ.:** યુવાન બુદ્ધિશાળી કલાકાર વિ. વર્ગોની તમન્ના કે તરવરાટ ની સામે એક નહિ તો બીજી રીતે ફક્ત પુષ્ટિમાર્ગીય

ધાર્મિક સિદ્ધાંતો જ નહિ બલ્કે વિશ્વનાં તમામ ધર્મોનાં સિદ્ધાંત રસ્તાને રોકી રાખનાર અવરોધક ભેખડની જેમ વર્ત્યા છે. પ્રશ્નમાં "કાંઇ કરી બતાવવાની માનસિકતા" નો ઉલ્લેખ સામાન્ય અને અમૂર્ત રૂપે કર્યો છે પરંતુ હકીકતમાં સામાન્ય અને અમૂર્ત રૂપે તે માનસિકતાને જોવાને ઠેકાણે મૂર્ત અને વિશેષ રૂપે જો જોવાની હિંમત આપણે દાખવીએ તો મારો કહેવાનો મુદ્દો સ્પષ્ટ સમજી શકાશે. યુવકોની યૌવનસુલભ મહત્ત્વાકાંક્ષા પોતાની પ્રેયસી કે પ્રિયતમા ના રૂપ-લાવણ્ય અને પ્રણય ના શોધની હોય છે. તેમાં કામવાસનાને સાથે બાપમાર્યાનો વેર રાખનારા, ભગવાન્ રજનીશના એક અપવાદ સિવાય, બધાજ ધર્મો આડખીલી કરતાં રહ્યાં છે.

બુદ્ધિશાળી માણસો દરેક યુગમાં બૌદ્ધિક સ્વાતંત્ર્ય માટે આત્મબલિદાન કરતા આવ્યા છે. જ્યારેકે દરેકેદરેક ધર્મોએ બુદ્ધિ-અનુકૂલ ધર્મ કે ધર્માનુકૂલા બુદ્ધિ ના વિકલ્પમાં કોઇ એક કલ્પને ચૂંટી કાઢવાના મુદ્દે સ્વસ્વધર્મગ્રંથોએ ઉપદેશેલ ધર્મોને અનુકૂલ બુદ્ધિના પ્રયોગનો જ પક્ષપાત કર્યો છે.

ટેલેંટેડ્ કલાકારોનો અનુભવ પણ ધર્મસંપ્રદાયની બાબતમાં સુખરૂપ રહ્યો હોય એવું માનવેતિહાસને ગોત્યું જડતું નથી. કેમકે આ વર્ગ દરેક યુગોમાં અભિવ્યક્તિના સ્વાતંત્ર્યને માટે ઝઝૂમતો રહ્યો છે. જ્યારે કે ધર્મસંપ્રદાયો ધર્મસિદ્ધાંતવિરોધી કે ધર્મસંસ્થાવિરોધી કે ધર્મભાવનાવિરોધી અભિવ્યક્તિના સ્વાતંત્ર્યને અંકુશમાં રાખવામાટે સંઘર્ષ કરતા રહ્યા છે. એટલે પુષ્ટિમાર્ગ પણ આ દ્વંદ્વાત્મક વિકાસમાં અપવાદરૂપ ન હોય તો ન હોય તેથી શું? હકીકતમાં



તો અમેરિકા અને સોવિયેત રશિયા જેવા દેશોમાં આસ્તિક ઉપભોક્તાવાદી સંસ્કૃતિ કે નાસ્તિક સામ્યવાદી સંસ્કૃતિ ને કારણે સામાજિક કે કાનૂની દબાણો સામે યુવા બુદ્ધિશાળી કળાકાર વર્ગો બાથ ભીડતાં જ રહ્યા છે. જેમ દરેક યૌવનનું અંતિમ પરિપાક વાર્ધક્યમાં થાય તેમ બૌદ્ધિકતા અંતે રૂઢિમાં જ ફેરવાઇ જતી હોય છે. દરેક કલાભિવ્યક્તિઓ પણ અંતે તો ચીલાચાલુ ફેશન બની મરી-પરવારતી હોય છે.

માનવસમુદાયના વિકાસનો બીજભાવ અહીંયા જ વાવેલો છે કે ધર્મ સમાજ રાજ્ય અને સંસ્થાઓ સ્થાપિતવ્યવસ્થાવાદી હોય જ્યારે કે યુવાવર્ગ બુદ્ધિશાળીવર્ગ અને કળાકારો જો તે સ્થાપિત વ્યવસ્થા સામે બગાવત કે વિદ્રોહી ચેતના ન ધરાવતા હોય તો તેઓની જુવાની બુદ્ધિ અને કળા અલ્લડ વિકાસોન્મુખી હોવાને ઠેકાણે રુગ્ણ પ્રતિગામી કે પ્રતિક્રાન્તિ ચેતના હોય છે! તે છતાંય માનવીય સત્ય, માનવીય સૌંદર્ય, અને માનવકલ્યાણ નો માર્ગ, મોટાભાગે, આવા સ્થાપિતવ્યવસ્થાવાદી અને વિદ્રોહવાદી એવા બંને અતિવાદોની વચ્ચે ક્યાંક પથરાયેલો જ મળ્યો હતો અને મળતો રહેશે!

આ સામાન્ય મુદ્દા પછી હવે આવીએ પુષ્ટિમાર્ગીય ઉપદેશોની ઉપયોગિતા કે અનુપયોગિતા ની ચકાસણીના મુદ્દા ઉપર.

૧.<u>"વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ"</u> આ તો વિવેકની ટોચનું વર્ણન છે. સાથોસાથ મહાપ્રભુજીએ એની તળેટી તરીકે વર્ણવેલ [1]પ્રાર્થનાત્યાગ [2]અભિમાનત્યાગ

[3]હઠત્યાગ અને [4]ધર્માધર્મના વિવેકની જાળવણીની ભૂમિકા જે દેખાડી છે તેની બાદબાકી કરીને વિવેકની ચકાસણી કરવા જતા ઉપદેશની અવ્યાવહારિકતા પુરુષાર્થ-અપ્રેરકતા અને અપ્રાસંગિકતા તો ચોકકસ જણાશે જ. એટલે પુષ્ટિમાર્ગીય વિવેક તેની અમલબજવણીના સ્તર ઉપર પ્રચંડ સાહસ અને પુરુષાર્થ ની વૃત્તિની કેળવણી છે તો ટોચ ઉપર જઈને તે જીવનને તેની સમગ્રતામાં સ્વીકારવાનો અભિગમ બની જતો હોય છે. મને તો એવું લાગે છે. આ સિવાય બીજી એક હકીકત આ બાબતમાં ધ્યાનમાં રાખવાની આ લાગે છે કે **"સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ"** વિધાનમાં પ્રયુકત 'સર્વ'પદ **"સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમ્ ઈતિ સ્થિતિઃ"** ન્યાયે સમુદાયાર્થક લેવો જોઈએ નહિ કે પ્રત્યેકાર્થક એટલે સર્વ પ્રભુકૃત હોય છે. પ્રત્યેક વસ્તુ કે ઘટના પ્રભુકૃત હોતી નથી. અર્થઘટનમાં તેવો ઉપદેશભાર લેતાં પોતાના જ્ઞાન ઈચ્છા અને પ્રયત્ન પણ અંતે અંશીના પરિમાણમાં જોતાં પ્રભુકૃત લાગશે અને અંશના પરિમાણમાં જોવા જતાં પ્રત્યેક વસ્તુ કે ઘટના સ્વકૃત કે પરકૃત લાગશે. અંતે આવા દષ્ટિભેદથી જોવાના ઉપદેશની પાછળ પ્રયોજન તો આ જ છે કે પોતાના જ્ઞાન ઈચ્છા અને પ્રયત્ન દ્વારા સંપન્ન કાર્યની સફલતા આપણને ક્યાંક અહંકારી ન બનાવી દે માટે સર્વ પ્રભુકૃત છે તેમ માનીને પોતાના અહંકારનુ ક્ષાલન સફળતાના સંજોગમાં કરી શકાય. જો આપણા જ્ઞાન ઈચ્છા અને પ્રયત્નો ને વિફલતા સાંપડી હોય તો તેવા જ્ઞાન ઈચ્છા કે પ્રયત્ન માટે ધિક્કારની લાગણી કેળવીને કુંઠા કે નિરાશા માં ન સંડોવાઈ જવું. તેથી ભગવદ્દભકૃતિ કે ભગવદાશ્રય ના નિર્વાહમાં માનસિક ઉદ્વેગોને પ્રતિબંધક બનતા રોકવા માટે સર્વ પ્રભુકૃત માનીને નિષેધાત્મક મનોવૃત્તિની રુગ્ણતાથી



બાહર આવી જવું. અંતે પોતાને સ્વસ્થ કેમ રાખવું તેમાં તાત્પર્ય રહેલું છે. એટલે વિફળ 'મમ'કારના ક્ષાલનની આ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે. બાકી તો હજી વિસ્તારપૂર્વક આના જમા-ઉધાર બંને પાસાઓની ચકાસણી આ મુદ્દો માગે છે એમાં બેમત ન હોઈ શકે.

૨.**"ત્રિદુઃખસહનં ધૈર્યમ્"** વિધાનમાં પણ ટોચની સ્થિતિ અને તેના અમલબજાવણીની તળેટીમાં રહેલ [1]સહજ પ્રતીકાર દુઃખોનો શકય હોય તો દુઃખ જ પામવાની આત્મપીડનની વૃત્તિ નહિ રાખવી, [2]પોતાના વિરોધી માની લેવાની મનોવૃત્તિ રાખી પોતાના સગાં-વ્હાલાંઓને રંજાડવા નહિ બલ્કે તેમના દ્વારા થતા પોતાના રંજાડને સાંખી લેવો, [3]જાણીજોઈને પોતાની કાયિકી વાચિકી કે માનસિકી ક્રિયાઓને એવી રીતે પાર નહિ પાડવી કે જેથી પરિવાર કે સમાજ માં પોતાની ભગવદ્દભકૃતિ કે ભગવત્પ્રપત્તિ માં ખલેલ પાડનાર ઘર્ષણ ઉત્પન્ન થાય; અને [4]તે કાળજી લેવા છતાંય ઘર્ષણ ઉત્પન્ન થતું જ હોય તો પોતે પ્રતીકારસમર્થ હોવા છતાંય પોતાના અસામર્થ્યની ભાવના કરીને ઘર્ષણને ટાળવું, આવા ધૈર્ય રાખવાના ઉપદેશમાં મને કાંઈ પણ અજુગતું લાગતું નથી. કેમકે આપણો પુષ્ટિધર્મ આપણા પ્રભુસાથે કે પ્રભુ પ્રત્યેના આપણા ભાવોની મસ્તીને જીવવા માટે છે. તે પરિવાર કે ગામ સાથે કજિયો કરવા માટે નથી. મને લાગે છે પ્રત્યેક ધર્મ-સંપ્રદાયો પોતાના અનુયાયીઓને જો આવો ઉપદેશ આપતા હોત તો આજે સમાજમાં અશાંતિ ફેલાવનારા વર્ગોમાં પ્રમુખ વર્ગ તરીકે ધર્મ-સંપ્રદાયો બદનામ ન થાત.

અંતે આ વિવેક અને ધૈર્ય જે ભગવદાશ્રય કે ભગવદ્દભકૃતિ

ને કેળવવામાટે ઉપદેશાયા છે તેઓને તે સંદર્ભથી તેમને છૂટા પાડીને ફક્ત પારિવારિક સામાજિક વ્યાવસાયિક રાજનૈતિક કે રાષ્ટ્રીય-અંતર્રાષ્ટ્રીય સંદર્ભમાં જોવા જતાં વિસંગતિઓ જણાશે જ. આમાં પરંતુ ઉપદેશનો દોષ ન હોઇ આપણી અપૂરતી સમજનો દોષ સ્વીકારવો જોઇએ.

૩.**"પ્રાપ્તં સેવેત નિર્મમ"** આ વિધાનમાં ઉપદેશેલ જીવનધોરણ જો ગમતું ન હોય તો તેના વિકલ્પ રૂપે બીજા સાત કલ્પો આવે છે : [૧]પ્રાપ્તનું સેવન મમતાને મમળાવવા માટે કરવું. તે તો સંસારાસક્ત પ્રત્યેક માણસને સહજ ઉપલબ્ધ સામર્થ્ય હોવાથી તેમાં ઉપદેશાર્હ કોઇ આદર્શ પ્રકટ થતો નથી. [૨]પોતાની મમતાઉપર કાબૂ પામીને પ્રાપ્ત થાય તેનો પણ ત્યાગ કરવો. હવે ઘણાં બધા ધર્મસંપ્રદાયો આવી સાધનાનો ઉપદેશ કરવા લાગ્યા છે. પરંતુ સામાન્ય માનવી કે તે-તે ધર્મસંપ્રદાયોના પણ ઉપદેશકોની બહુમતી આવા આદર્શને તેના સાચા સ્વરૂપમાં અમલમાં મૂકવામાં કેટલી હદ સુધી સંસ્થાકીય રીતે સફળ થઇ તે વિચારવાનું રહ્યું! [૩]પોતાને પ્રાપ્ત થયું હોય તેનું સેવન ન કરવું પણ સાથોસાથ તેમાં રહેલી આપણી મમતાને તરછોડવી નહિ. આ તો નર્યા પાખંડ સિવાય બીજું શું હોઇ શકે? [૪]જે પ્રાપ્ત જ નથી તેમાં મમતા રાખ્યા વિના તેનું સેવન કરવું એ તો વદતોવ્યઘાત વિધાન છે. [૫]તેમજ જે પોતાને પ્રાપ્ત ન હોય તેવી વસ્તુમાં મમતા રાખીને તેના સેવનના દિવાસ્વપ્નો જોતા રહેવા તે કિશોરાવસ્થાની લાક્ષણિક માનસિકતાવાળું વળગણ હોય છે કિશોરાવસ્થા કે યુવાવસ્થા પછી પણ તે સતત સતાવતું રહે તો તેવી વ્યક્તિ કાં તો શેખચલ્લી અથવા તો જીવનની વાસ્તવિકતાને નકારનાર કલ્પનાજગત્માં કે



ભ્રમણામાં જીવનયાપન કરનારી બની જતી હોય છે. [૬]જે અપ્રાપ્ત હોય તેનું સેવન શક્ય ન હોવાથી તેમાં મમતા પણ ન રાખવી. એવું જો વ્યક્તિનું દારિદ્રચ હોય તો સહાનુભૂતિ માગે છે અને સંતોષ હોય તો વાંધાભરેલી કોઇ વાત નથી. [૭]જે આપણને પ્રાપ્ત ન હોય તેનું સેવન તો શક્ય ન જ હોય છતાંય તેમાં રહેલી મમતા આપણો છેડો મૂકતી ન હોય તો કાં તો તેને મેળવવા માટે પુરુષાર્થ કરી છૂટવાનું તે પ્રેરકબળ બનશે અથવા તો અંતે આપણી ભીતર કુંઠા અને નિરાશા ભરી દેશે. એટલે આને એક સમયમર્યાદાની ભીતર યોગ્ય નીતિ ગણી શકાતી હોવા છતાંય સનાતન આદર્શ તરીકે કેમ સ્વીકારી શકાય? એટલે મૂલમાં તો ભગવદ્ભક્તિ કે ભગવદાશ્રય જાળવવા માટે આપવામાં આવેલ આ માર્ગદર્શનને સમાજિક વ્યાવસાયિક રાજનૈતિક કે એવા બીજા લૌકિક સંદર્ભોમાં આદર્શ તરીકે લાગુ કરવું જ ન જોઇએ. તે છતાંય લાગુ કરવું હોય તો તે ગંભીર વિચાર માગી લે છે. તથાકથિત યુવાવર્ગ બુદ્ધિશાળીવર્ગ કે કલાકારવર્ગ જેવી વ્યક્તિઓએ શું અપ્રાપ્તનું સેવન ન કરી શકવાને કારણે અને તેમાં રહેલી પોતાની થનગનતી મમતાને કારણે પોતાની મમતાસ્પદ વસ્તુ કે સિદ્ધિ ને સેવન કરનારાઓની સાથે વૈયક્તિક કે સામાજિક સ્પર્ધાનો ભાવ રાખવો? આના માટે પ્રચંડ પુરુષાર્થ આદરવો? અંતે તે પરસ્પર સ્પર્ધા વૈરભાવ અને પોતાના પ્રતિસ્પર્ધીને ખતમ કરી નાખવાના માત્સર્ય સુધી પણ આગળ ન વધી જાય તેની કાળજી માટે કયા આદર્શ કે ઉપદેશ ને અપનાવવો? શું આ તબક્કે **"પ્રાપ્તં સેવેત નિર્મમ:"** કારગર નહિ થાય? આવા સ્પર્ધાશીલ વ્યક્તિ કે સમાજ નો વિકાસ ઝડપથી થાય છે તે જમા પાસાને સ્વીકારવા

છતાંય આવા સ્પર્ધાશીલ સમાજમાં વિફલ થનારાઓની વેદના કે કુંઠા નું નિરાકરણ કેવી રીતે કરવું? પ્રતિસ્પર્ધા ક્યાંક પ્રતિશોધના છેવાડા સુધી ન પહોંચે તેની કાળજી કેવી રીતે લેવી? પ્રતિસ્પર્ધાશીલ વ્યક્તિ કે સમાજ નો વિકાસ ઝડપી હોય છે તેમાં બેમત ન હોઇ શકે પરંતુ બીજાને ભોગે થતો વિકાસ અંતે પ્રતિસ્પર્ધાને પ્રતિશોધની આગમાં પ્રજ્વલિત તો કરતો જ હોય છે. વિફળ થનારની પીડા પ્રત્યે સહાનુભૂતિ રાખનારાઓએ તેથી સ્પર્ધાશીલ સમાજ કરતાં સહયોગશીલ સમાજના નિર્માણની ઝંખના સેવી હતી. ઈતિહાસે પરંતુ એક હકીકત ઉઘાડી પાડી દીધી છે કે પરસ્પરસ્પર્ધારહિત સહયોગપ્રધાન સમાજની સહૂથી મોટી વિટંબણા વ્યક્તિને ઝડપી વિકાસમાટે અપ્રેરક સામાજિક પરોપજીવી વ્યક્તિ ઘડતી હોય છે. તેથી સમાજવાદ અને સામ્યવાદ સફળ થઇ શક્યા નથી. એટલે આપણા ઉપનિષદોએ **"સહ નાવવતુ સહ નૌ ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ તેજસ્વિનાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ"** નો આદર્શ પ્રસ્તુત કર્યો હતો! તેના જ નિષ્કર્ષરૂપે શ્રીમહાપ્રભુજી સફળતામાં પોતાના અહંકારને પોષવા કરતાં **"કર્તા કારયિતા હરિઃ"** નો આદર્શ રજુ કરે છે. આ આદર્શ સબળ-સફળ વ્યક્તિના અહંકારના, તો નિર્બળ-નિષ્ફળ વ્યક્તિના મમકારના, અતિરેકને કારણે ઉદ્ભવતી અસૂયા કે પ્રતિશોધ ની માનસિકતાના ક્ષાલનનું કારણ બની શકે છે, જો તેવી સાચી શ્રદ્ધા, તેવો સાચો વિશ્વાસ અને તેવી નિષ્ઠા કેળવવા પુષ્ટિસંપ્રદાય સમર્થ થયો હોત તો. એટલે કે સફળતામાં વિવેક અને વિફળતામાં ધૈર્ય પુષ્ટિમાર્ગીય વ્યક્તિનું જીવનધોરણ હોવું જોઇએ.

૪. <u>**"કલૌ ભક્ત્યાદિમાર્ગાઃ હિ દુઃસાધ્યાઃ"**</u> આ વચનમાં



શ્રીમહાપ્રભુજી ભક્તિને દુઃસાધ્ય તરીકે પ્રતિપાદિત કરતાં પહેલા **"અશક્યે હરિરેવાસ્તિ સર્વમ્ આશ્રયતો ભવેત્...અલૌકિકમનઃસિદ્ધૌ સર્વથા શરણં હરિઃ...યથાકથઞ્ચિત્ કાર્યાણિ <u>કુર્યાદ્</u> ઉચ્ચાવચાન્યપિ કિંવા પ્રોક્તેન બહુના શરણં ભાવયેદ્ હરિમ્"** પણ કહેવાનું ભૂલ્યા તો નથી. તેથી ભક્તિની સાધનામાં સફળ ન થનારી વ્યક્તિને પુષ્ટિમાર્ગમાં સાવ ભાંગી નાખવી કે ભગવદાશ્રયની હૂંફ આપીને એની ભક્તિમાર્ગીય જીજિવિષાને ટકાવી રાખવી એ બાબતનું પૃથક્કરણ જરૂરી લાગે છે. તેથી આ ઉપદેશોમાં અકર્મણ્યતાના ઉપદેશના સ્વરો જે સંભળાતા હોય તો તે શ્રીમહાપ્રભુજીની વાણીને યોગ્ય પ્રતિભાવ આપી શકે તેવા ભાષા-અપરિચયને આભારી લાગે છે. મૂળમાં તો આ ઉપદેશો શું સર્વજનોને અધિકારી માનીને કરવામાં આવેલ ઉપદેશો છે અથવા તો દૈવી જીવોને? અથવા તો દૈવી જીવોની ભીતર જે પુષ્ટિજીવો હોય તેમને ભક્તિભાવ કે શરણાગતિભાવ ને મેળવવા કે જાળવવા માટે પ્રકટ થયેલ ઉપદેશો છે તેનું પૃથક્કરણ કરવાની તાતી જરૂરીયાત છે. નવવિવાહિત યુગલના સંદર્ભમાં પણ આ પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હોવાથી ખુલાસો આપવાની છૂટ લઉં છું કે તેમને દાંપત્યસુખ મેળવવાની છૂટને ઠેકાણે ભગવદ્ભક્તિનો ઉપદેશ શું અત્યાચાર નહિ કહેવાય? આના કરતાં તેમને એમ જણાવવું કે ભક્તિ કલિયુગમાં શક્ય અશક્ય કે દુષ્કર હોય, હમણાં તમે ભક્તિની ધાંધલ નહિ કરો, એ શું વધારે યોગ્ય માર્ગદર્શન નથી? આ છૂટ મળ્યા ઉપરાંત જેઓનો દૃઢ મનોભાવ ભગવદ્ભક્તિને જીવવાનો હોય તેમને માટે ભક્તિ ક્યારેય દુઃસાધ્ય નહિ રહી જાય બલ્કે બમણા ઉમંગનો હેતુ બની જશે.

**રસિક શાહ :** કોણ પુષ્ટિજીવ છે કે કોણ મર્યાદાજીવ અથવા તો કોણ પ્રવાહિજીવ તેનો નિર્ધાર તો સહેલાઈથી ન થતો હોવાથી વિચારણીય મુદ્દો આ લાગે છે કે સમાજના આ મહત્ત્વના વર્ગને માર્ગદર્શન આપવા તેમને પ્રેરણા આપવા તેમની શક્તિઓના વિકાસમાં સહાયક થવા પુષ્ટિમાર્ગમાં શું કોઈ પ્રોગ્રામ નથી? હોય તો પુષ્ટિમાર્ગ શાંત કેમ છે? અને જો પ્રોગ્રામ કથિત ન હોય તો **"યાવદ્ દેહાભિમાનઃ તાવદ્ વર્ણાશ્રમધર્મએવ સ્વધર્મો અન્યઃ પરધર્મઃ, ભગવદ્ધર્મોઽપિ પરધર્મો વિધર્મો વા"** અને **"ધર્મશાસ્ત્રાણિ નીતિઃ ચ કામશાસ્ત્રાણિ ચ ક્રમાત્ ત્રિવર્ગસાધકાનીતિ ન તન્નિર્ણય ઉચ્યતે"** તહેત્ કોઈ પ્રોગ્રામનું પેકેજ ન આપી શકાય?

**ગો.શ્યા.મ. :** જેમ રોગલક્ષણના આધારે પ્રાથમિક તબક્કામાં રોગનું નિદાન કરવામાં આવતું હોય છે. તેમ માર્ગરુચિને આધારે પ્રાથમિક તબક્કે તે-તે માર્ગોમાં જીવની અધિકારિતાનું નિદાન કરવાનો અભિગમ જો ન દાખવવામાં આવે તો કાં તો પુષ્ટિમાર્ગથી પણ બાહર જઈને પુષ્ટિમાર્ગીય ઉપદેશકોએ સમગ્ર વિશ્વના કે પ્રાણિમાત્રના ઉદ્ધારનો ઠેકો લઈ લીધો કે મેળવ્યો હોય એવી આત્મશ્લાઘા ભરેલી ભ્રમણાને પંપાળવી પડશે! આજની તારીખની આ હકીકત છે કે જગત્માં ધર્મને કારણે જ્યાં પણ પ્રતિસ્પર્ધા સંઘર્ષ કે મનોમાલિન્ય વધી રહ્યાં છે. તેમાં પોતાની જાતને ગામના ઉદ્ધારક માની લેવાની પિશાચી મહત્ત્વાકાંક્ષાએ વધૂ પડતો ભાગ ભજવ્યો છે. પોતપોતાના ધર્મોને પોતે નિષ્ઠાથી જીવવાને ઠેકાણે પોતાને ગામના ઉદ્ધારક માની લેવાનું ભૂત જ્યાં સુધી મનમાંથી કાઢી નાખવામાં નહિ આવે ત્યાં સુધી પુષ્ટિમાર્ગની વાત જવા દો કોઈ પણ



ધર્મને સરખી રીતે જીવી શકવા માનવ સક્ષમ નહિ થાય! કેમ કોઈ આંખની હૉસ્પિટલ્ હૃદયરોગના દર્દીને એડ્મિટ્ કરીને તેના હૃદયની ચીરફાડ નથી કરતી? કેમકે વિવિધ ધર્મસંપ્રદાયોની માફક તેમને બધાને પોતે જ સાજા કરી શકે તેવી આત્મસંમોહવાળી ભ્રમણાનું ભૂત ભરાયું નથી! એટલે મહત્ત્વના કે અમહત્ત્વના દરેક સામાજિક વર્ગો માટે પુષ્ટિમાર્ગ પાસે કોઈ માર્ગદર્શન આપવાની પૅકેજ-ડીલ્ ન પણ હોય તો તેમાં હું કોઈ જાતની ખામી જોતો નથી. કાલે તો કોઈ એવી માગણી પણ કરી શકે લુચ્ચા-લફંગા રાજકારણીઓ સમાજમાં અતિશય અગત્યનો ભાગ ભજવે છે, તેમના માટે પુષ્ટિમાર્ગમાં કોઈ પ્રોગ્રામ કેમ નથી? તે એટલા માટે નથી; કેમકે પુષ્ટિમાર્ગ લોકસિદ્ધ કે શાસ્ત્રસિદ્ધ ધર્મોને, તેમની પ્રમાણમર્યાદામાં સ્વીકારે છે. જેમકે આંખના કોઈ રોગીના મોતિયાબિંદુનું ઑપરેશન કરતા પહેલા તે રોગીને ડાયાબીટિજ છે કે નહિ તે બાબત આંખનો ડૉક્ટર્ કે હૉસ્પિટલ્ પોતે નિર્ધાર કર્યા વિના પેથોલોજિકલ લેબોરેટરીના રિપોર્ટ્ ઉપર નિર્ભર થતાં હોય છે. તેમજ લોકસિદ્ધ કે શાસ્ત્રસિદ્ધ અર્થપુરુષાર્થની બાબતમાં પણ પુષ્ટિમાર્ગ તે-તે લૌકિક શાસ્ત્રો કે આર્ષ શાસ્ત્રો ની મહત્તાને જેમ માન્ય રાખશે તેમજ પોતાની ક્ષેત્રમર્યાદાના ભાનને ભૂલવા નહિ જ માગે. કાલે તો સામાજિક સાતત્યના હેતુ અતિમહત્ત્વપૂર્ણ એવા નવપરિણીત દંપતીઓના વર્ગને માર્ગદર્શન આપવા, તેમને પ્રેરણા આપવા, તેમની જાતીય શક્તિઓના વિકાસમાં સહાયક થવા, શા માટે પુષ્ટિમાર્ગ પાસે કોઈ પ્રોગ્રામ્ નથી? અને હોય તો શાંત કેમ છે? આવા પ્રશ્નોના કઠોડે પુષ્ટિમાર્ગને કોઈ ચડાવી દે તો પુષ્ટિમાર્ગે જગત્માં ક્યાં જઈને બચવું! કહેવાનો મુદ્દો એટલો જ કે આવી

જાણકારી મેળવવા પુષ્ટિમાર્ગનો નંબર્ જોડવો તે રોંગ નંબર્‌ની ડાયલિંગ્ છે! તેથી નિષ્કર્ષરૂપે આટલું કહી શકાય કે ત્રૈવર્ગિક આયાસ-પ્રયાસોમાં અટવાયેલા પુષ્ટિભક્તોએ પુષ્ટિભક્તિ કે પુષ્ટિપ્રપત્તિ કેમ મેળવવી કે કેમ જાળવવી તે બાબતમાં પુષ્ટિમાર્ગ માર્ગદર્શન આપી શકે અને ચોક્કસ આચાર્યવચનોમાં તે માર્ગદર્શન મળે પણ છે જ. પરંતુ પુષ્ટિમાર્ગીઓને લોકસિદ્ધ કે શાસ્ત્રસિદ્ધ ધર્મપુરુષાર્થ અર્થપુરુષાર્થ કામપુરુષાર્થ કે મોક્ષપુરુષાર્થ સંબંધી જીવનમાં અપેક્ષિત કે અનિવાર્ય સિદ્ધિઓ કેમ મેળવવી કે જાળવવી તે બાબતમાં પુષ્ટિમાર્ગ મૌનધારણ જ કરવા માગશે. જેમ મોતિયાબિંદુના ઑપરેશન કે કિડનીની ડાયલૅસિસ્ કે હાર્ટની બાયપાસસર્જરી કેમ કરવી તે બાબતમાં માર્ગદર્શન આપી નહીં જ શકે. જૂના કોઇ જમાનામાં ધર્મ દરેક વાતની કાળજી લેતો હતો. તેનું કારણ કે ત્યારે ધાર્મિક વિવિધતા નહોતી. આજે સમાજમાં પ્રતિષ્ઠિત અનેક ધર્મસંપ્રદાયોની વચ્ચે કોઇ પણ ધર્મસંપ્રદાય પોતાની મર્યાદાને ઓળંગીને જો સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં દખલગીરી કરવા મંડે તો તેના પરિણામો ભયંકર નીવડશે!

**રસિક શાહ :** આજના કાળમાં બધો જ પુષ્ટિમાર્ગનો ક્ષમતાશીલવર્ગ માર્ગદર્શનની અપેક્ષાએ ભૂલભૂલામણીમાં ભમી રહ્યો છે. આ વાત વૈષ્ણવ અનુયાયિવર્ગને માટે જેટલી ઉપકારક છે તેટલી જ ઉપકારક આચાર્યવર્ગમાટે પણ છે એવું ધ્યાનપૂર્વક વિચારવાથી અને ચર્ચાવિચારણાથી સમજમાં આવી રહ્યું છે. તો આજે ભૌતિકવાદની હરિફાઈમાં દોડતા રહીને પણ પોતાના ગંતવ્યની દિશા જાળવી શકે અને આડા ફંટાઇ ન જાય તેવો કાર્યક્રમ આપવો અત્યંત આવશ્યક છે.



**ગો.શ્યા.મ. :** ભૂતકાળમાં પણ પુષ્ટિમાર્ગીય આચાર્યોએ પોતાની અનુગામી જનતાનાં પારિવારિક વિવાદો કે આર્થિક કાવાદાવાઓ માં લવાદી બનીને ફેસલા આપવા શરુ કર્યા. તે વખતે શ્રદ્ધાલુ જનતા તો તેવા નિર્ણયોને શિરોધાર્ય કરીને ગો.બા.ઓની હિંમત વધારતી રહી! અંતે અશ્રદ્ધાળુ અનુગામીઓને તેના વિરુદ્ધ બંડ પોકારવું પડ્યું હતું. ત્યારે અંગ્રેજોના શાસનકાળમાં મોટી વિટંબણાઓ સરજાણી હતી, ગોસ્વામી મહારાજોની નામોશીની. તેથી દરેક તજ્જ્ઞો પોતપોતાની ક્ષેત્રમર્યાદાનું ભાન રાખીને પોતપોતાના ક્ષેત્રોમાં કાર્યનિષ્ઠ રહે તે વધુ વાંછનીય લાગે છે.

૧.તેથી વ્યક્તિની ભીતર ભરેલી વિવિધ કામનાઓ જ્યાંથી પૂર્ણ થતી હોય ત્યાં તે વ્યક્તિનું પ્રેમ બંધાય છે. તેવા પ્રેમને કારણે એક વ્યક્તિ બીજી વસ્તુ વ્યક્તિ કે પરિસ્થિતિઓ નું સાહચર્ય કે સાંનિધ્ય નિરંતર મેળવવા મથામણ કરતી હોય છે. અને તે મળી જતાં તે પોતાને સુરક્ષિત માનતી હોવાથી ત્યાં કે તેના ઉપર નિર્ભર થઇ જાય છે. આવી શરણાગતિને આપણે વૈયક્તિક કે સાધનરૂપા શરણાગતિ સમજી શકીએ લૌકિક સંદર્ભમાં.

૨.જો એક વ્યક્તિ જે પરિસ્થિતિ કે સમાનજાતીય વ્યક્તિઓના સમાજમાં જનમેલી હોય ત્યાં તે વ્યક્તિનો સંબંધ તો પૂર્વસિદ્ધ હોવાથી સુરક્ષા એને જન્મજાત મળી જતી હોય છે. તેથી પ્રેમ પણ ઉમરની સાથે ત્યાં તે વ્યક્તિનો વધી જતો હોય છે. તેવા પ્રેમને કારણે તે વ્યક્તિ પોતાની કામનાઓની પૂર્તિ તે સમાજ કે તેવાં સગા-સંબંધીઓથી પૂર્ણ થઇ જતી હોવાને કારણે

ત્યાં તેમના ઉપર નિર્ભર બની જતી હોય છે. આવી સહજસિદ્ધ નિર્ભરતાને આપણે પ્રમાણરૂપા શરણાગતિ માની શકીએ, સામાજિક સંદર્ભમાં.

૩.ક્યારેક કોઇક વસ્તુ / વ્યક્તિ / પરિસ્થિતિનું પોતીકું આકર્ષણ એવું અનેરું હોય કે તેને જોનારી કે અનુભવનારી વ્યક્તિને તેમાં હઠાત્ પ્રેમ બંધાઇ જતું હોય છે. તે પ્રેમભાવ તેના સાહચર્ય માટે વ્યક્તિને બાધિત કરતો હોય છે. તેથી તેવા પ્રેમભાવપૂર્ણ સાહચર્યને કારણે તે વ્યક્તિની કામનાઓ પણ ત્યાંથી જ પૂર્ણ થવા મંડે ત્યારે એક જાતની નિર્ભરતા તે પ્રેમાળ વ્યક્તિમાં પ્રકટ થઇ જતી હોય છે. આવી નિર્ભરતાને, લૌકિક સંદર્ભમાં, આપણે પ્રમેયરૂપા શરણાગતિ તરીકે બિરદાવી શકીએ.

૪.પ્રમેયરૂપા શરણાગતિની માફક ફલરૂપા શરણાગતિ પણ મૂળમાં તો પ્રેમને કારણે જ ઉદ્ભવેલી હોય પરંતુ ફરક તેમાં એટલો પાડી શકાય કે પ્રેમ-સંબંધ-કામનાપૂર્તિના ક્રમે પ્રકટેલ પ્રમેયનિર્ભરતાના ભાવની માફક પ્રેમ-કામનાપૂર્તિ-સંબંધના ક્રમે પ્રકટેલ ફલનિર્ભરતાનો ભાવ જેને કારણે આપણે ત્યાં **"અન્યસમ્બન્ધગન્ધોઽપિ કન્ધરામેવ બાધતે"** કહેવામાં આવ્યું છે. એટલે પોતાના પ્રિય સિવાય બીજે કશેથી ન તો કામનાપૂર્તિની ગરજ કે ન બીજા સાથે સંબંધ નભાવવાની દરકાર અહીંયા રહી જતી હોય છે. આમ કોઇક એકમાત્રની સાથે સંબંધ નભાવવાનો અનન્યનિર્ભરતાનો ભાવ કે અનન્યાશ્રય તેને, લૌકિક સંદર્ભમાં, ફલરૂપા શરણાગતિ તરીકે પિછાણી શકાય.

એટલે લૌકિક સંદર્ભમાં પણ આમ પ્રમેયરૂપા કે ફલરૂપા



શરણાગતિની પરિભાષામાં જ પ્રકટ થઇ જતી આ બારીકીને જો લક્ષ્યમાં રાખીએ તો આવા ઘણાં બધાં પ્રશ્નો આપણને પરેશાન ન કરી શકે.

સાધનરૂપા શરણાગતિના ઉપર જણાવેલ લૌકિક પાસાનું ઉદાત્તીકરણ પુષ્ટિમાર્ગમાં કામનાપૂર્તિને ભગવત્કામના તરીકે લઇને અને પ્રેમને ભક્તિ તરીકે લઇને ભગવાન્ ઉપર નિર્ભર થવાનો જે જીવનો ભાવ તેવા સંબંધમાટે તે સંબંધ જોડવા કે નભાવવા માટે કરવામાં આવતી જે શરણાગતિ તે પુષ્ટિમાર્ગીય સાધનરૂપા શરણાગતિ હોય છે. અન્યથા સાધનરૂપા શરણાગતિ પુષ્ટિમાર્ગવિરોધી મનોભાવ તરીકે સમજી શકાય છે.

પ્રમેયરૂપા શરણાગતિ પ્રત્યેક વ્યક્તિ અને તે જે સમાજની સદસ્ય હોય તેમની વચ્ચે સહજસિદ્ધ હોય છે. આમાં સમાજને ઠેકાણે અંશી બ્રહ્મ પરમાત્મા ભગવાન્‌ને મૂકીને જીવ પોતાને અંશ હોવાથી પોતાને તેની ભીતર રહેલ એક સદસ્ય કે અંશ તરીકે જો પોતાને જોઇ શકે તો એટલી જ સહજ લાગશે. અર્થાત્ વ્યક્તિને જેમ સમાજ ઉપર નિર્ભર થવામાં પોતાના પુરુષાર્થનો અહં ઘવાતો જણાતો નથી. તેમજ ભગવચ્છરણાગતિમાં પોતાને પુરુષાર્થી બનાવી રાખવાની ભાવના કે સાહસોત્કંઠા કે બોધસ્વાતંત્ર્ય ઇચ્છાસ્વાતંત્ર્ય કે પ્રયત્નસ્વાતંત્ર્ય માં કોઇ ખામી જણાશે નહિ. અને જો અહીંયા જણાતી હોય તો પછી વ્યક્તિએ પોતાની સમાજનિર્ભરતાનો પણ ત્યાગ કરવાનો પુરુષાર્થ દેખાડવો પડશે. પરંતુ તે તો વાનપ્રસ્થાશ્રમમાં પણ શક્ય નથી તો ગૃહસ્થાશ્રમ કે બ્રહ્મચર્યાશ્રમ ની વાત તો જવા જ દઇએ તેમાં જ સાર છે.

સૃષ્ટિની રચનામાં એવું વાતાવરણ કે સંભાવના પ્રકટેલી નથી કે કોઇ પણ પ્રાણી કે વ્યકૃતિ બીજા પર નિર્ભર થયા વિના એકાકિતયા આત્મનિર્ભર બનીને જીવી શકે! તેમાં માનવવ્યકૃતિ તો અતિશય સામાજિક પશુ હોવાથી બીજાઓ ઉપર અનિર્ભર રહીને ન જીવી કે ન પુરુષાર્થ આચરી શકે. ઈશ્વરની સત્તાને ન પણ સ્વીકારતાં હોઇએ તેવી સ્થિતિમાં પણ ભૌતિક પ્રકૃતિના વાતાવરણમાં અથવા તો માનવીય સામાજિક વાતાવરણમાં પણ એક વ્યકૃતિને પોતાના બોધસ્વાતંત્ર્ય ઇચ્છાસ્વાતંત્ર્ય કે પ્રયત્નસ્વાતંત્ર્ય જો પ્રકટ કરવા કે નભાવવા હોય તો પણ કેટલા બધા પરિબળો ઉપર નિર્ભર થવું પડે છે! તેમાં જો વાંધો આવતો ન હોય તો આ બધાની સમષ્ટિ એવા બ્રહ્મની શરણાગતિમાં શેનો વાંધો આવવો જોઇએ?

### (છ)ઉપસંહાર

તેથી ઉપસંહારરૂપે આ સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ મુદ્દો મને એમ લાગે છે કે આચાર્યોપદિષ્ટ સિદ્ધાંતો આવી જાતના પ્રશ્નોની પશ્ચાદ્ભૂમિમાં રહેલી માનસિકતાને સંતોષકારક નીવડતા ન હોય તો [૧]શું આચાર્યોપદેશોમાં ફેરફાર કરવો? [૨]શું આચાર્યોપદેશને આધુનિક માનસિકતાના મનગમતા બીબામાં ઢાળવાનું દુઃસાહસ કરવું? [૩]શું આ માર્ગને સંકેલીને કોઇક નવા માર્ગનું પ્રવર્તન કરવું? [૪]અથવા તો સાંપ્રદાયિકતાનો દુરાગ્રહ ત્યજીને જે સંપ્રદાય આવા પ્રશ્નોના સંતોષકારી સમાધાન અને કાર્યક્રમ ઉપદેશવા કે તેને અમલમાં મૂકવા સમર્થ હોય તેવા ધર્મસંપ્રદાયનો અંગીકાર કરવો? [૫]અથવા કોઇ બાબતમાં સાચા પરંતુ સર્વાંગીણ સમાધાન ન ધરાવતા સિદ્ધાંતોને લોકહિતની ભાવના રાખીને પ્રચારિત કે પ્રસારિત કરવાનું બંધ કરવું?



અથવા તો આચાર્યોપદિષ્ટ સિદ્ધાંત કે આદર્શો ને તેમની પૂર્ણતામાં સ્વીકારીને સંનિષ્ઠ બની જીવવા અને આધુનિક પડકારોને ઝીલવા?

કોઇ પણ સમાધાન આપણે સ્વીકારીએ પરંતુ આવા જ્વલંત પ્રશ્નો તરફ પુષ્ટિમાર્ગનું ધ્યાન આકૃષ્ટ કરવા બદલ પ્રશ્નકર્તાને ધન્યવાદ આભારપ્રદર્શન કર્યા વિના આ પ્રશ્નોત્તરીનો ઉપસંહાર ન જ કરી શકાય!

श्रीकृष्णाय नमः
श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः॥

# વિવેક, ધૈર્ય અને આશ્રય

(શુદ્ધાદ્વૈતવાદાશ્રિત જીવનદષ્ટિ)

**ગોસ્વામી શ્યામ મનોહર**

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણદ્વારા ઉપદિષ્ટ શુદ્ધાદ્વૈતવાદ વિવિધ ઉપનિષદોનું એક પ્રાણભૂત રહસ્ય છે.

જો કે જુદા - જુદા આચાર્યોએ ઉપનિષદોનું અર્થઘટન જુદી - જુદી રીતે કર્યું છે, છતાંય નિષ્પક્ષપાત એક વાત જે સ્વીકારવા યોગ્ય છે તે આ કે ઉપનિષદોમાં દ્વૈત અને અદ્વૈત બન્ને જાતના સ્વરૂપ અને સમ્બન્ધ જડ-જીવ અને બ્રહ્મની વચ્ચે વર્ણવાયા છે. દાખલા તરીકે:

૧. એકમેવાદ્વિતીયમ્ + નેહ નાનાસ્તિ કિઞ્ચન
(પારમાર્થિક અદ્વૈત) + (માયિક દ્વૈત) = **શાઙ્કર કેવલાદ્વૈતવાદ**

૨. એકમેવાદ્વિતીયમ્ + યઃ પૃથિવ્યાં તિષ્ઠન્
(વિશિષ્ટ અદ્વૈત) + (વિશેષણવિશેષ્ય દ્વૈત) = **રામાનુજ વિશિષ્ટાદ્વૈતવાદ**

૩. એકમેવાદ્વિતીયમ્ + જ્ઞાજ્ઞૌ દ્વાવજાવીશાનીશૌ
(ઔપચારિક અદ્વૈત) + (પારમાર્થિક દ્વૈત) = **માધ્વકેવલદ્વૈતવાદ**

૪. એકમેવાદ્વિતીયમ્, તદૈક્ષત બહુસ્યાં પ્રજાયેય
(સ્વાભાવિક અદ્વૈત, ઐચ્છિક દ્વૈત) = **વાલ્લભશુદ્ધાદ્વૈતવાદ**

આ સમીકરણોનું નિરીક્ષણ કરવાથી એક તથ્ય પ્રકટ થાય



છે કે દરેક આચાર્યને કોઈકને કોઈક પ્રકારનું અદ્વૈત તેમજ કોઈકને કોઈક પ્રકારનું દ્વૈત સ્વીકારવું જ પડે છે. એટલે વિચારણીય વિષય દ્વૈત કે અદ્વૈત નથી રહી જતા; પરન્તુ તે - તે 'દ્વૈત' કે 'અદ્વૈત' પદોની સાથે જોડવામાં આવતા વિશેષણો જ વિચારણીય બનીને વેદાન્તના જુદા - જુદા સમ્પ્રદાયોની નોખી - નોખી ભાંત પાડે છે.

તે પૈકી શુદ્ધાદ્વૈતવાદના સમીકરણમાં આપણે જોઈ શકીએ છીએ કે 'અદ્વૈત' પદની સાથે 'સ્વાભાવિક' તેમજ 'દ્વૈત' પદની સાથે 'ઐચ્છિક' વિશેષણોનો પ્રયોગ કરવામાં આવેલ છે. સ્વાભાવિક અદ્વૈત એટલે કે સ્વાભાવિક રીતે બ્રહ્મ એકમાત્ર તત્ત્વ છે, પરન્તુ બ્રહ્મનું આ સ્વાભાવિક એકત્વ કે અદ્વિતીયત્વ તેને બન્ધનરૂપ ન હોવાથી તે જ્યારે ધારે ત્યારે અનેક પણ બની શકે છે. તેથી જગતમાં અનુભવાતી અનેકતા, વિવિધતા અથવા તો દ્વૈત અન્તે તો સર્વભવનસમર્થ અને સત્યસઙ્કલ્પ એવા એક જ બ્રહ્મમાં અનેક બનવાની ઈચ્છાને કારણે પ્રકટ થયેલ પારમાર્થિક નામ - રૂપોની વિવિધતા હોવાથી દ્વૈતને ઐચ્છિક કહેવામાં આવે છે. આ નિરૂપણશૈલીમાં કેવલાદ્વૈતવાદે, વિશિષ્ટાદ્વૈતવાદે અથવા તો કેવલદ્વૈતવાદે વાપરેલા વિશેષણોના ભાવોને વહન કરવા છતાંય તેવો સંકુચિત ભાવ રહી જતો નથી.

આમ ઐચ્છિક અનેકતામાં રહેલી સ્વાભાવિક એકતાને જાણવામાટે જ્ઞાનમાર્ગીય સાધના પ્રવૃત્ત થાય છે. સ્વાભાવિક એકતામાં પ્રકટ થયેલ ઐચ્છિક અનેકતાને માણવામાટે ભક્તિમાર્ગીય સાધના પ્રવૃત્ત થાય છે.

પ્રકાર જ્ઞાનમાર્ગીય હોય કે ભક્તિમાર્ગીય, અન્તે જે જાણવાનું છે તે બ્રહ્મસ્વરૂપ અને જે માણવાનું છે તે ભગવલ્લીલા. ભગવલ્લીલાને માણ્યા વિના બ્રહ્મને જાણવાની મથામણ કે બ્રહ્મને જાણ્યા વિના ભગવલ્લીલાને માણવાની મહેલામણ સાધનાઓની અપૂર્ણતાનું પ્રમાણ બની રહે છે, તેથી શુદ્ધાદ્વૈતવાદી જ્ઞાનસાધનામાં અથવા તો પુષ્ટિમાર્ગીય

ભક્તિસાધનામાં સાધકને પોતાની વિકૃત અહન્તા - મમતાને અવિકૃત સ્વસ્થ બનાવવામાટે શ્રીમહાપ્રભુજી પ્રારમ્ભિક કક્ષા ઉપર ત્રણ ઉપદેશ આપે છે:

૧. **વિવેક** - વિવેકસ્તુ હરિ: સર્વં નિજેચ્છાત: કરિષ્યતિ.
૨. **ધૈર્ય** - ત્રિદુ:ખસહનં ધૈર્યમ્ આમૃતે: સર્વત: સદા.
૩. **આશ્રય** - ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિ:.

જ્ઞાનમાર્ગીય સાધનામાં વિવેક - ધૈર્ય પર્યાપ્ત હોય છે પરન્તુ ભક્તિમાર્ગીય સાધનામાં વિવેક - ધૈર્યના પ્રારમ્ભિક સોપાનથી આગળ વધીને દ્રઢ અનન્યાશ્રયના સોપાન ઉપર પણ આરોહણ કરવું અભિપ્રેત હોય છે.

વિવેક - ધૈર્ય અને આશ્રયનો સમ્બન્ધ ખૂબજ જટિલ છે. તેઓ અન્યોન્યાશ્રિત છે; એટલે કે વિવેક - ધૈર્ય થકી આશ્રય દઢ થાય છે અને અનન્યાશ્રય થકી વિવેક - ધૈર્ય જાળવી શકાય છે. વિવેક - ધૈર્યના અભાવે ભગવદાશ્રય દઢ અનન્યાશ્રયમાં ખીલી શકતો નથી. તેમજ દઢ ભગવદાશ્રય વિના કેવળ વિવેક - ધૈર્યને લાંબા ગાળા સુધી અખણ્ડિત રાખી શકાતા નથી.

એક બીજા દષ્ટિકોણથી જોતાં બાલબોધમાં જેમ સ્વતોમોક્ષ( = સાંખ્ય - યોગ )ના ઉપાય તેમજ પરતોમોક્ષ( =શૈવ - વૈષ્ણવ ભક્તિ - પ્રપત્તિ )ના ઉપાય વર્ણવાયા છે તેમ વિવેક - ધૈર્ય સ્વત:સાધના - અર્થાત્ પુષ્ટિમાર્ગીય ભક્તિ - પ્રપત્તિની સાધના છે. તેથી ભક્તિમાર્ગીય આશ્રય અને પ્રપત્તિમાર્ગીય આશ્રયમાં કાંઈક વિલક્ષણતા અભિપ્રેત છે. રામાનુજ સમ્પ્રદાયમાં 'મર્કટી - માર્જારીન્યાય' કહેવામાં આવે છે. વાંદરી પોતાની પીઠ કે પેટ ને પકડી રાખનાર પોતાના બાળકને લઈને એક વૃક્ષ પરથી બીજા વૃક્ષ પર કૂદકા લગાવે છે જ્યારે બિલાડી પોતના બાળકને



પોતે મુખમાં રાખીને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જતી હોય છે. મર્કટશાવકના પોતાના પણ પ્રયત્ન હોય છે જ્યારે માર્જારશાવકના પોતાના કાંઈ પણ પ્રયત્ન હોતા નથી. ભક્તિમાર્ગીય આશ્રય મર્કટન્યાયે તેમજ પ્રપત્તિમાર્ગીય આશ્રય માર્જારન્યાયે એકબીજાથી વિલક્ષણ છે.

પુષ્ટિમાર્ગમાં પ્રપત્તિ કે શરણાગતિ આપણી સાધનાભિમાનવાળી અહન્તાને સુધારવાનો પ્રક્રમ છે. આ ભાવની દીક્ષા આપણે ત્યાં અષ્ટાક્ષરમન્ત્રવડે આપવામાં આવે છે. તેથી જ કૃષ્ણાશ્રયમાં શ્રીમહાપ્રભુજી કહે છે. **"વિવેકધૈર્યભક્ત્યાદિરહિતસ્ય વિશેષત:, પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્મમ"**. તેમજ પુષ્ટિમાર્ગમાં ભક્તિ આપણી ઐહિક કે પારલૌકિક સાધનો કે સાધ્ય વિષયો પ્રત્યે રહેલી મમતાને સુધારવાનો પ્રક્રમ છે. આ ભાવની દીક્ષા આપણે ત્યાં ગદ્ય - પઞ્ચાક્ષરમન્ત્રવડે આપવામાં આવે છે. તેથી જ શિક્ષાશ્લોકીમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. **"ભાવસ્તત્રાપ્યસ્મદીય: સર્વસ્વશ્ચૈહિકશ્ચ સ:, પરલોકશ્ચ તેનાયં સર્વભાવેન સર્વથા"**. આ સિદ્ધકક્ષાનો ઉપદેશ છે જ્યારે કે સાધનકક્ષાના ઉપદેશમાં અહીંયા 'વિવેકધૈર્યાશ્રય'ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજી એમ આજ્ઞા કરે છે કે **"ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિ:"**.

નિબન્ધમાં શાસ્ત્રાર્થપ્રકરણમાં શ્રીમહાપ્રભુજીએ અવિદ્યાનાં પાંચ પર્વો [૧]અન્ત:કરણાધ્યાસ [૨]પ્રાણાધ્યાસ [૩]ઇન્દ્રિયાધ્યાસ [૪]દેહાધ્યાસ [૫]સ્વરૂપવિસ્મૃતિ ના ઉપચારરૂપે વિદ્યાના પાંચ પર્વો [ક]વૈરાગ્ય [ખ]સાંખ્ય [ગ]યોગ [ઘ]તપ [ઙ]ભક્તિ ઉપદેશેલ છે. આમના ક્રમશ: ક. વિષયવિતૃષ્ણા ખ. નિત્યાનિત્યવસ્તુવિવેક ગ. અષ્ટાઙ્ગયોગ ઘ. મનન/એકાન્તસ્થિતિ અને ઙ. સતત ભગવદ્ભાવના થકી સિદ્ધ થતો ભગવત્પ્રેમ એમ અર્થો સમજવાના છે. વિદ્યાના આ પાંચ પર્વોમાં સાંખ્યનો સહાયક ઉપાય વૈરાગ્ય છે, તેથી તે બન્નેનો એકવદ્ભાવ છે. તેમજ યોગનો સહાયક ઉપાય તપ હોવાથી તે બન્નેનો પણ એકવદ્ભાવ છે. આમ સાંખ્ય, યોગ અને ભક્તિ એટલે કે નિત્યાનિત્યવસ્તુવિવેક, યમનિયમાદિ અને

ભગવદ્ભાવના—આ ત્રણ ઉપાયો અઙ્ગી ઉપાય છે તેમ સમજવાનું છે.

તે પૈકી નિત્યાનિત્યવસ્તુવિવેકરૂપ સાંખ્યનો સમકક્ષ ઉપદેશ આ વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં 'વિવેક' તરીકે વર્ણવાયો છે, યોગનો સમકક્ષ ઉપદેશ ત્રિદુઃખ સહનરૂપ 'ધૈર્ય' તરીકે વર્ણવાયો છે અને ભક્તિનો સમકક્ષ ઉપદેશ ઐહિક-પારલૌકિક દરેક બાબતમાં કેવળ શ્રીકૃષ્ણની શરણાગતિ નભાવવાના કે તેની ભાવનાના રૂપમાં 'આશ્રય' તરીકે વર્ણવાયો છે.

સાંખ્ય અને યોગ ની સાધના ફક્ત પોતાના આત્મા પર અવલંબીને પણ શક્ય છે, તેમજ પોતાના જીવાત્માની સાથોસાથ પરમાત્મા પર અવલંબીને પણ શક્ય છે. પરમાત્માવલંબી સાંખ્ય-યોગ ભક્તિમાં સહાયક થાય છે, જ્યારે કે ફક્ત સ્વાત્માવલંબી સાંખ્ય-યોગ ભક્તિમાં બાધક નિવડતા હોય છે. તેથી જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે :

**"સાંખ્યો બહુવિધઃ પ્રોક્તઃ તત્રૈકઃ સત્પ્રમાણકઃ,**
**અષ્ટાવિંશતિતત્ત્વાનાં સ્વરૂપં યત્ર વૈ હરિઃ,**
**અન્યે સૂત્રે નિષિદ્ધ્યન્તે યોગોપ્યેકઃ સદાદતઃ,**
**યસ્મિન્ ધ્યાનં ભગવતો નિર્બીજેપ્યાત્મબોધકઃ,**
**વૈરાગ્યજ્ઞાનયોગૈશ્ચ પ્રેમ્ણા ચ તપસા તથા,**
**એકેનાપિ દઢેનેશં ભજન્ સિદ્ધિમવાપ્નુયાત્"**
(શા.પ્ર.૯૪।૯૫)

અર્થ : સાંખ્યના અનેક પ્રકારો છે તે પૈકી અઠ્યાવીસે અઠ્યાવીસ તત્ત્વરૂપ પોતે શ્રીહરિ જ બન્યા છે એમ કહેનાર સાંખ્ય પ્રામાણિક છે. તેમજ ભગવદ્ધ્યાન અને નિર્બીજ આત્મધ્યાનનો ઉપદેશ કે યોગ પણ આદરણીય છે. વૈરાગ્ય જ્ઞાન યોગ થકી, પ્રેમ થકી અથવા તો તપ થકી આમ પાંચમાંથી એક પણ સાધનથી દઢતા સાથે ભગવાનને ભજવવામાં આવે તો માણસ સિદ્ધિ મેળવી શકે છે.



આથી સિદ્ધ થાય છે કે વિવેક સાંખ્યરૂપ અને ધૈર્ય યોગરૂપ હોવા છતાંય ફક્ત આત્માવલંબી ન હોઈ આત્મા-પરમાત્માવલંબી તરીકે સ્વીકારવામાં આવ્યા છે. તેમાંય વિવેક સવિશેષતયા પરમાત્માવલંબી છે જ્યારે કે ધૈર્ય આત્માવલંબી છે, જે આપણે **"વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ"** અને **"ત્રિદુઃખ સહનં ધૈર્યમ્ આમૃતેઃ સર્વતઃ સદા"** પરિભાષાઓમાં પ્રયુક્ત શબ્દાવલીનો વિમર્શ કરવાથી સમજી શકીએ છીએ. ભક્તિસ્થાનાપન્ન આશ્રય તો ભગવદવલંબી જ છે તેમાં તો કશું કહેવાપણું નથી.

કર્તવ્યમીમાંસામાં કર્તવ્યોપદેશક વિધિ-આજ્ઞાના અમુક પ્રકારો વર્ણવાયા છે : ઉત્સર્ગવિધિ, અપવાદવિધિ તેમજ પ્રતિપ્રસવવિધિ. દા.ત. સત્ય બોલવાની વિધિ ઉત્સર્ગવિધિ છે. ગાય વગેરેની પ્રાણરક્ષામાટે, વિવાહ વગેરે અવસરો ઉપર કે પ્રિયતમ કે પ્રિયતમા વચ્ચે નર્મોપહાસમાટે અસત્યભાષણ કરતા પાપ લાગતું નથી; તેથી તેવા સમયે અસત્યભાષણની છૂટ તે અપવાદવિધિ છે. કોઈક વિશિષ્ટ યાજ્ઞિક આરાધના સમયે મિથ્યાભાષણ કરવાનો નિષેધ અપવાદવિધિથી આપવામાં આવેલ છૂટને તત્કાલપૂરતી રદ કરીને ફરીથી ઉત્સર્ગવિધિને જ વળગી રહેવાની આજ્ઞારૂપ પ્રતિપ્રસવવિધિ હોય છે. આની સરખામણીમાં જો બ્રહ્મની સ્વરૂપગત એકમેવાદ્વિતીયતાને આપણે ઉત્સર્ગરૂપે સ્વીકારીએ તો લીલાર્થ જ્યારે તે બ્રહ્મ અનેક નામરૂપ ધારણ કરીને અનેક બની જાય છે તે લીલાગત અનેકતા કે દ્વૈત અપવાદ છે, તેમજ લીલાર્થ પ્રકટ થયેલી સૃષ્ટિમાં મુક્તિ મેળવવામાટે જ્યારે મુમુક્ષુને બ્રહ્મના સ્વરૂપગત એકત્વ ઉપર એકાગ્ર થવાનું કહેવામાં આવે છે તે એકત્વ પ્રતિપ્રસવરૂપ છે.

આ 'અપવાદ' કોઈ નિન્દાર્થક શબ્દપ્રયોગ નથી. 'અપવાદ' એટલે Exception. સ્વગૃહમાં સ્વતનુવિત્તથી સ્વપરિવારજનો સાથે સ્વસેવ્યસ્વરૂપની સેવાના ઔત્સર્ગિક સિદ્ધાન્તથી વિપરીત દેવાલયવત્ તનુજા-વિત્તજા સેવાના ભાગલા પાડીને શ્રીનાથજીની સેવાના પ્રકારની

શ્રીમહાપ્રભુજીએ જે છૂટ આપી તેને અપવાદ કહેતાં કેટલાક અભણ લોકો કાંઈક બીજો જ અર્થ વિચારીને રીસે ભરાઈ જાય છે. તેઓ કહેતા હોય છે કે "શ્રીજીની સેવાને અપવાદ કહેનારા પોતે અપવાદી શાસ્ત્રી છે!" હકીકતમાં તો તે અપવાદના રૂપે પ્રવર્તિત શ્રીનાથજીની સેવાના પ્રકારને પણ શ્રીપ્રભુચરણે શ્રીમહાપ્રભુજી સમ્મત ભગવત્સેવાના ઔત્સર્ગિક પ્રકાર મુજબ સાનુકૂલ બનાવી આપ્યો હતો જે અપવાદનો પ્રતિપ્રસવ થયો કહેવાય એમ સમજવાનું છે. અસ્તુ.

આમ ઉત્સર્ગ - અપવાદ - પ્રતિપ્રસવની સૂક્ષ્મતાના વિચારે આપણે એમ કહી શકીએ કે વિવેકધૈર્યાશ્રયમાં શ્રીમહાપ્રભુજીએ પણ વિવેક, ધૈર્ય અને આશ્રયના ઔત્સર્ગિક, આપવાદિક અને પ્રતિપ્રસવાત્મક એમ ત્રણેય રૂપો ઉપદેશેલા છે.

**વિવેક :**

**"વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ"** ભગવાન્ પોતે પોતાની ઈચ્છાથી બધું કરે છે તેવો દૃઢ નિર્ધાર વિવેક છે—આ ઉપદેશ ઉત્સર્ગોપદેશ છે.

૧. હવે આ વાતને સાચી માનીને ચાલીએ ત્યારે આપણને કોઈક અભીષ્ટ ફલની પ્રાપ્તિમાટે અથવા તો અનભીષ્ટ દુ:ખનિવૃત્તિમાટે ભગવાનની આગળ પ્રાર્થના કરવાની પ્રબળ વૃત્તિ થાય તો તેને પણ હરીચ્છા માનીને કરતા જ રહેવું જોઈએ કે પ્રાર્થના બંધ કરવી જોઈએ ?

સ્પષ્ટ છે કે ઉત્સર્ગનિયમ પ્રમાણે જો બધું જ હરીચ્છાથી થઈ રહ્યું હોય તો પ્રાર્થના પણ હરીચ્છાથી જ થતી હોવાથી તેને કરતા રહેવામાં કોઈ બાધ હોવો જોઈએ નહીં, પરન્તુ શ્રીમહાપ્રભુજી આપણને વિવેકના તે ઉત્સર્ગનિયમનો અપવાદ નિયમ **"પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્, સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ"** શ્લોકદ્વારા સમજાવવા માંગે છે. આપણા સર્વકર્તા સ્વામીના અભિપ્રાયને જાણ્યા વિના આપણામાટે સુખની પ્રાપ્તિ કે દુ:ખની નિવૃત્તિની બાબતમાં ક્યારેય પ્રાર્થના કરવી જોઈએ નહીં, કેમકે સ્વામી આપણને જે આપવા માંગે છે તે આપવામાટે સમર્થ છે. તેથી જે આપી રહ્યો છે તે આપવાની એની ઈચ્છાને આધીન થઈને રહેવું તે વિવેક છે. અર્થાત્ જે કાંઈ સુખ કે દુ:ખ થતું હોય તે ભગવદિચ્છાથી થાય છે તેવો નિર્ધાર વિવેકનો અભિલષિત ઔત્સર્ગિક પ્રકાર છે. સાથોસાથ તેથી સુખપ્રાપ્તિ કે દુ:ખનિવૃત્તિ માટે પ્રભુ આગળ પ્રાર્થના કરવી નહીં અને કરવાનું મન થતું હોય તો તેના પર કાબૂ મેળવવો તે પણ વિવેકનો એક આપવાદિક પ્રકાર છે.

૨. હવે પ્રભુ આગળ પ્રાર્થના કરવી નહીં તેવા વિધાનને કારણે આપણી ભીતર એટલો અહઙ્કાર કે મદ ક્યારેય જાગવો જોઈએ નહીં કે આપણે પ્રભુના સ્વામિત્વને અથવા તો આપણા દાસત્વને ભૂલી જઈએ. તેથી આપણે આપણા સ્વામીને આધીન છીએ તેવી ભાવના રાખી અભિમાનરહિત બની સુખ-દુ:ખ સેવવા જોઈએ. સુખને કારણે મત્ત અથવા તો દુ:ખને કારણે દીન થવું જોઈએ નહીં. તે છતાંય સેવોપયોગી સુખપ્રાપ્તિ કે દુ:ખનિવૃત્તિને માટે કોઈક ઉપાયો પ્રભુપ્રેરણાથી અન્તઃકરણમાં સ્ફુરિત થતા હોય તો સુખ ન મેળવવામાટે અથવા તો દુ:ખને જ ઝીલતા રહેવાનો દુરાગ્રહ પણ વિવેકનો સાચો પ્રકાર નથી. કેમકે તેમ કરતાં આપણે પ્રભુના સ્વામિત્વની ભાવનાને ઠેકાણે આપણા ભગવત્સેવક હોવાના કોઈક દુરભિમાનને કેળવી લેતા હોઈએ છીએ. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે અપ્રાર્થનાવૃત્તિ આપણી ભીતર ખોટા અભિમાનને ન જગાડે તેવી રીતે નભાવવી જોઈએ : **"અભિમાનશ્ચ સન્ત્યાજ્ય સ્વામ્યધીનત્વભાવનાત્, વિશેષતશ્ચેદાજ્ઞા સ્યાત્ અન્તઃકરણગોચરઃ, તદા વિશેષગત્યાદિભાવ્યં ભિન્નં તુ દૈહિકાત્"**. આપણે બધી રીતે આપણા સ્વામીને આધીન છીએ તેવી ભાવના રાખીને અભિમાન છોડી દેવું જોઈએ, છતાંય સેવોપયોગી સુખને

મેળવવાની અથવા સેવામાં પ્રતિબન્ધરૂપ દુઃખને દૂર કરવાની કોઈક વિશેષ આજ્ઞા આપણા સ્વામી જો આપણા અન્તઃકરણગોચર થઈને આપણને આપતા હોય તો સુખ ન મેળવવાનું અથવા દુઃખને સાંખતા જ રહેવાનું અભિમાન રાખવું જોઈએ નહીં. અલબત્ત આપણા દૈહિક સુખ-દુઃખને મેળવવા કે દૂર કરવાની આપણી ભાવનાને આપણે સેવોપયોગિતાના વાઘા તો નથી પહેરાવી રહ્યા તેની કાળજી રાખવી જોઈએ. એટલે **"વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ"** અને ભગવાન્ આગળ કોઈ પણ પ્રાર્થના ન કરવી તે બેઉ નિયમોને કારણે થતા અભિમાનને પણ હરીચ્છા ન માની સ્વામીને આધીન રહેવાની ભાવનાદ્વારા એ અભિમાનનો ત્યાગ જ કરવો તે અપવાદરૂપ વિવેક છે.

૩. દૈહિક સુખપ્રાપ્તિ કે દુઃખનિવૃત્તિ થી જુદી સેવોપયોગી સુખપ્રાપ્તિ કે દુઃખનિવૃત્તિ માટે અન્તઃકરણગોચર એવા પ્રભુની કાંઈ વિશેષ આજ્ઞા હોય તેની ઉપેક્ષા ન કરતાં તેને અનુસરવાની આજ્ઞા સામાન્ય અવસ્થામાં વાપરવાના વિવેકની બાબતમાં છે. ઘોર આપત્તિકાલમાં ઉપર જણાવેલ ત્રણમાંથી એકેય જાતની આજ્ઞા સાથે હઠપૂર્વક બંધાયેલા રહેવાની આવશ્યકતા નથી; અર્થાત્ સામાન્યકાલમાટે ઉપદેશેલ દ્વિવિધ વિવેક —અપ્રાર્થના અને અનભિમાન ના ઉત્સર્ગનિયમના અપવાદરૂપે હઠત્યાગનો વિવેક વાપરવાનો છે **"આપદ્ગત્યાદિકાર્યેષુ હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા".**

૪. જે કાંઈ થઈ રહ્યું છે તે ભગવદિચ્છાથી થઈ રહ્યું છે. તે જાણી-માનીને દુઃખનિવૃત્તિ કે સુખપ્રાપ્તિ માટે પ્રાર્થનાનો ત્યાગ કરવો, અન્તઃકરણગોચર પ્રભુની વિશેષાજ્ઞાનું અભિમાનત્યાગપૂર્વક અનુસરણ કરવું, દૈહિક સુખની આજ્ઞાને ન અનુસરવાની હઠનો પણ આપત્તિકાલમાં ત્યાગ કરવો. આવા વિવેકના અનુષ્ઠાનને કારણે જે અનાગ્રહ વિકસિત થાય છે તેથી ધર્માધર્મના વિવેકના ભાનથી શૂન્ય અનાગ્રહી બની જવાનું નથી, પરન્તુ ધર્માધર્મના વિવેકની બાબતમાં સભાન રહીને



અનાગ્રહી થવું જોઈએ. આ વિવેકના અનુષ્ઠાનનો ચોથો પ્રકાર છે.

સ્વાભાવિક રીતે આપણે જોઈ શકીએ છીએ કે વિવેકના મૂળ ઔત્સર્ગિક સ્વરૂપથી તેના આપવાદિક અને પ્રતિપ્રસવાત્મક સ્વરૂપો ભિન્ન છે. એટલે બ્રહ્મ જેમ વિરુદ્ધધર્માશ્રય હોય છે; સ્વરૂપતઃ એકમેવાદ્વિતીય હોવા છતાંય અનેકાનેક નામરૂપો ધારણ કરીને લીલા કરે છે; તેમજ પુષ્ટિમાર્ગીય સાધકે પણ બધું જ ફક્ત ભગવદિચ્છાથી જ થાય છે—અર્થાત્ જે કાંઈ ઘટિત થઈ રહ્યું છે તેનો એકમેવાદ્વિતીય નિયામક ભગવત્સઙ્કલ્પ જ છે—આ વિવેકનું સ્વરૂપ હોવા છતાંય લીલાસ્થાનીય કૃતિમાં પોતાના દ્વારા કરવામાં આવતા પ્રાર્થનાત્યાગ, અભિમાનત્યાગ, હઠત્યાગ અને આગ્રહરહિત ધર્માધર્મવિવેકમાટે પોતાને નિયામક માનીને પણ ચાલવાનું છે. આમ વિવેકનું સૈદ્ધાન્તિક સ્વરૂપ અને તેની વ્યાવહારિક અમલબજાવણીમાં વિરુદ્ધધર્માશ્રયતા બ્રહ્મના સ્વરૂપ અને લીલાની માફક જ છે.

સઙ્ક્ષેપમાં વિવેકનું શુદ્ધાદ્વૈતવાદાભિમત એકવિધ સ્વરૂપ **"હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ"** છે અને તેનો પુષ્ટિમાર્ગાભિમત વ્યવહારમાં અમલ કે અનુષ્ઠાન ૧. **"પ્રાર્થિતે વા તતઃ કિંસ્યાત..."** ૨. **"અભિમાનશ્ચ સન્ત્યાજ્ય..."** ૩. **"હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા"** અને ૪. **"અનાગ્રહશ્ચ સર્વત્ર..."** એમ ચતુર્વિધ છે.

**ધૈર્ય :**

વિવેક પછી ધૈર્યની વિવેચનામાં પણ આમ જ સમજવાનું છે કે ધૈર્યના પણ એકવિધ સ્વરૂપ અને ચતુર્વિધ અનુષ્ઠાનમાં વિરુદ્ધધર્માશ્રયતા રહેલી છે.

ધૈર્યનું એકવિધ સ્વરૂપ **"ત્રિદુઃખસહનં ધૈર્યમ્ આમૃતેઃ સર્વતઃ સદા"** છે તેમજ ધૈર્યનો વ્યવહારમાં અમલ કે અનુષ્ઠાન :

**૧. પ્રતીકારો યદ્દચ્છાત: સિદ્ધશ્ચેન્નાગ્રહી ભવેત્, 'તક્રવત્'**
**૨. ભાર્યાદીનાં તથાન્યેષાં અસતશ્ચાક્રમં સહેત્ 'દેહવત્'**
**૩. સ્વયમ્ ઇન્દ્રિયકાર્યાણિ કાયવાઙ્મનસા ત્યજેત્ 'જડવત્'**
**૪. અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્યભાવનાત્ 'ગોપભાર્યવત્'**
—આમ ચતુર્વિધ છે.

વિવેકની વિવેચનામાં આપણે જોઈ ગયા તે મુજબ અહીંયા પણ ઉત્સર્ગવિધિ, અપવાદવિધિ અને પ્રતિપ્રસવવિધિ ના સમ્બન્ધ વિદ્યમાન છે.

૧. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક દુ:ખોને આજીવન સર્વદા બધા જ પ્રકારે સહન કરવા તે ધૈર્યનું સ્વરૂપ હોવા છતાંય આવી પડેલા કોઈ પણ જાતના દુ:ખનો પ્રતિકાર સહજતયા સમ્ભવ હોય તોય દુ:ખ જ સહન કર્યા જવું અને સુખને ન સાંખવું તે ધૈર્યનું સાચું અનુષ્ઠાન નથી. ત્રિવિધ સુખોને પણ દુ:ખોની માફક સહન કરી શકવા તે ધૈર્ય જ છે. જેમ "હત્વા નૃપં પતિમવેક્ષ્ય ... કથમદ્ય તક્રમ્" શ્લોકમાં વર્ણવ્યું કે ગોવાલણે પોતાની ઉપર આવી પડેલા સુખ અને દુ:ખ બન્નેને ઝીલી લીધા; દુ:ખી જ રહેવાનો અથવા તો સુખી જ બનવાનો એમ બેમાંથી એકેયનો દુરાગ્રહ રાખ્યો નહિ. આ ધૈર્યના ઔત્સર્ગિક સ્વરૂપના અપવાદરૂપે કરવામાં આવેલ ઉપદેશ છે.

૨. જે આવી પડે તેને, તે પછી સુખ હોય કે દુ:ખ, સહન કરવાની પ્રક્રિયાથી સુખ કે દુ:ખ બન્નેમાં નિસ્પૃહતા જન્મી શકે છે અને આવો નિસ્પૃહી માણસ મમતારહિત વિરક્ત બનીને ધન, ગૃહ, સઙ્ગ ના ત્યાગ તરફ તણાઈ શકે છે. પરન્તુ વિષયોના ઉપભોગમાટે મોહ અને આસક્તિ જેવી રીતે ભક્તિમાં સહાયક થતા નથી તેવી જ રીતે વિષયોની ભીતિ કે દ્વેષ પણ ભક્તિમાં બહુ ઉપયોગી



થતા નથી. તેથી વિષયભીતિ કે વિષયદ્વેષ ને કારણે વિષયત્યાગની દોડાદોડ પણ ભક્તિમાં સહાયક નિવડતી નથી. એટલે આપણા દૈહિક, પારિવારિક, સામાજીક કે બીજા પણ જે શાસ્ત્રીય સમ્બન્ધોના બંધનો છે તેમને તોડીને સુખ-દુ:ખ ઝીલવાની પ્રણાલી ભક્તિમાર્ગીય નથી પણ તે-તે બંધનોને સ્વીકારીને સુખ-દુ:ખ ઝીલવામાં સાચું ધૈર્ય રહેલું છે. આ દેહને જેમ આપણે ફક્ત આપણો જ માનીને ચાલી શકતા નથી; જેવી રીતે તે આપણો છે તેવી જ રીતે આપણા પરિવાર, સમાજ વગેરેનો પણ છે જ. તેમાં એકનું દુ:ખ બીજાનું સુખ હોઈ શકે અને બીજાનું સુખ ત્રીજાનું દુ:ખ હોઈ શકે. આવા બધા વિરોધાભાસોને સાંખ્યા સિવાય કોઈ છૂટકો જ નથી. તેથી શ્રીમહાપ્રભુજી ધૈર્યના અનુષ્ઠાનના દ્વિતીય પ્રકારને સમજાવતા આજ્ઞા કરે છે કે ભાર્યા વગેરે જે આપણા પારિવારિક સામાજીક કે શાસ્ત્રીય સમ્બન્ધીઓ હોય તેમના થકી થતા તિરસ્કાર, અપમાન વગેરે કષ્ટોને સાંખી લેવા તે પણ ધૈર્યની આજ્ઞાની અમલબજાવણી છે. આ સુખને સાંખવાના અપવાદાત્મક વિધાનની સામે ફરીથી દુ:ખ સહન કરવાનું પ્રતિપ્રસવાત્મક વિધાન છે.

૩. ધૈર્યના આવા વિરોધાભાસી સ્વરૂપને અમલમાં લાવવાથી, એટલે કે તેના અનુષ્ઠાનથી, એક વિલક્ષણ સામર્થ્ય આપણી ભીતર ખીલી શકે છે. સામર્થ્ય ખીલવું અતિશય અભિનન્દનીય વાત છે પરન્તુ તે સામર્થ્યનો અહઙ્કાર જાગવો અતિનિન્દનીય વાત છે. આ સામર્થ્યને આપણે જ્યારે પચાવી શકતા નથી ત્યારે અહઙ્કારના ઓડકાર આવવા મંડે છે. તેથી બધા બંધનો સ્વીકારીને સુખદુ:ખને સહન કરવાની સાથોસાથ તેવા સામર્થ્યને પણ સહન કરવાની કલા ખીલે તો ધૈર્ય ખીલ્યું કહેવાય. જેમ રાજાના સિપાહીઓએ જડભરતને રાજાની પાલખી ઉઠાવવામાં લગાડી દીધા તો ચુપચાપ તે પાલખી ખંભા પર ઉચકીને ચાલવા માંડ્યા. સરખો અભ્યાસ ન હોવાને કારણે રાજાએ ઠપકો આપ્યો તો રીસાયા વિના શાંતિપૂર્વક વિવેકયુક્ત જવાબ

પણ આપ્યો. જ્યારે તેમની મહત્તાનું ભાન થતાં રાજા શરણે આવ્યો ત્યારે તેને જ્ઞાનોપદેશ પણ કર્યો. આવા જડભરતની માફક ધૈર્યના અનુષ્ઠાનને નિરભિમાનીતયા પાર પાડવું તે ધૈર્યની આજ્ઞાની અમલબજાવણીનો ત્રીજો પ્રકાર છે.

૪. આવા સામર્થ્યને લીધે જો અભિમાન થતું જ હોય તો તેના ઉપર કાબૂ મેળવવામાટે અસમર્થ કે સમર્થ હોવા છતાં અસામર્થ્યની ભાવના કરવાના ચોથા પ્રકારનો શ્રીમહાપ્રભુજી ઉપદેશ આપે છે. જેમ ભગવાન્ મથુરા - દ્વારકા પધાર્યા ત્યારે વ્રજભક્તો જો ધારત તો મથુરા - દ્વારકા જઈ શકયા હોત. વ્રજમાંથી ભગવાનના મથુરા - દ્વારકા પધારી જવાથી વ્રજભક્તોની ભગવદાસક્તિ કાંઈ ક્ષીણ નહોતી થઈ ગઈ; ઉલટાના તીવ્ર વિરહવેદનામાં તેઓ ઝૂરતા હતાં. વ્રજમાં જ રહેવાનો આગ્રહ કોઈક પારિવારિક, સામાજિક કે ભૌગોલિક બંધનોને કારણે પણ નહોતો, કેમકે તેઓનું શ્રીકૃષ્ણ પ્રત્યેનું પ્રબળ આકર્ષણ આવા બંધનોની બેડીને તોડી નાખવા પૂર્ણતયા સમર્થ હતું. છતાંય પ્રભુ પોતે નથી પધારતા તે કારણે પોતાના અસામર્થ્યની ભાવના કરીને વ્રજભક્તો વ્રજમાં જ કૃષ્ણવિરહમાં ઝૂરતા રહ્યા તે તેમના ઉત્કૃષ્ટ ધૈર્યનું ઉદાહરણ છે. તેઓની અસામર્થ્યભાવનાની માફક આપણે પણ અસામર્થ્યની ભાવના કરવી તે ધૈર્યના અનુષ્ઠાનનો ચોથો પ્રકાર છે. આમ સામર્થ્ય હોવા છતાંય અસામર્થ્યની ભાવના તે સામર્થ્ય ખીલવવાની આજ્ઞાનો અપવાદ છે.

નિષ્કર્ષરૂપે આપણે જોઈ શકીએ છીએ કે પુષ્ટિમાર્ગમાં યોગસ્થાનીય ધૈર્યના સૈદ્ધાન્તિક સ્વરૂપ અને વ્યાવહારિક અનુષ્ઠાનમાં પણ સ્વાભાવિક એકત્વ "ત્રિદુઃખસહનં ધૈર્યમ્ આમૃતેઃ સર્વતઃ સદા" અને ઐચ્છિક અનેકત્વ ૧. દુઃખ સહન કરવામાં અનાગ્રહ ૨. સુખ સહન કરવામાં ય અનાગ્રહ ૩. સમર્થ હોવા છતાંય સામર્થ્યનું અનભિમાન ૪. અનભિમાન સાથે અસામર્થ્યનું ભાવન પણ —આમ ચતુર્વિધ ક્રમશઃ વર્ણિત થયો છે.



પઞ્ચપર્વા વિદ્યા પૈકી સાંખ્ય - વૈરાગ્ય સ્થાનીય વિવેક અને યોગ - તપ સ્થાનીય ધૈર્ય પછી અન્તિમ પર્વ ભક્તિને સ્થાને આશ્રયનું નિરૂપણ શ્રીમહાપ્રભુજી કરે છે.

પોતાની અહન્તા અને મમતા ને છૂટા પાડીને તેમનો છૂટો - છૂટો ઈલાજ વિવેક અને ધૈર્ય છે જ્યારે તેમને છૂટા કર્યા વિના તેમનો એકીસાથે ઈલાજ ભક્તિથી થાય છે. ભક્તિમાં માહાત્મ્યજ્ઞાનરૂપ અંશ આપણી અહન્તાનો ઈલાજ છે અને સુદૃઢ સર્વતોધિક સ્નેહ મમતાનો ઈલાજ છે. આ તો સાધનકક્ષાની દૃષ્ટિએ કહેવાયું. હકીકતમાં આપણી બુદ્ધિમાં માહાત્મ્યજ્ઞાનનો ઉદય તે અહન્તાનો ઈલાજ નહિ બલ્કે અહન્તાના સ્વસ્થ હોવાની નિશાની છે. તેમજ હૃદયમાં પ્રભુ પ્રત્યે સુદૃઢ સર્વતોધિક સ્નેહનું હોવું મમતાનો ઈલાજ નહિ બલ્કે મમતાના સ્વસ્થ હોવાની નિશાની છે. તેથી ભક્તિ આપણા મત મુજબ ફક્ત સાધના જ નથી પરન્તુ સિદ્ધિ પણ છે. ચિકિત્સા જ નથી પરન્તુ સ્વાસ્થ્ય પણ છે.

તે ભક્તિની સિદ્ધિમાટે શ્રીમહાપ્રભુજીએ શરણાગતિ, સમર્પણ અને સેવા આમ ત્રિવિધ ઉપાયો વર્ણવ્યા છે. આ ત્રણેય ઉપાયો ભક્તિની સિદ્ધિ થતાં ભક્તિમય બનીને ફલરૂપ થઈ જતા હોય છે, પરન્તુ તે પૂર્વે ઉપાય કે સાધન તરીકે તેમને સમજવા જોઈએ. શરણાગતિ તે આપણા સાધનાભિમાનવાળા અહઙ્કારને પ્રભુની આગળ નમાવવાનો ઉપાય છે. સમર્પણ તે આપણી વિષયાસક્તિવાળી મમતાને પ્રભુ તરફ વાળવાનો ઉપાય છે. સેવા તે પ્રભુની આગળ આવી નમેલી અહન્તા અને પ્રભુ તરફ વળેલી મમતા ને તે રીતે વ્યાવહારિક ઉપયોગમાં લાવવાની સિફત છે. શરણાગતિની દીક્ષા આપણે ત્યાં અષ્ટાક્ષરમન્ત્રોપદેશદ્વારા આપવામાં આવે છે જ્યારે સમર્પણની દીક્ષા ગદ્ય - પઞ્ચાક્ષરમન્ત્રોપદેશ દ્વારા આપવામાં આવે છે.

**આશ્રય :**

ઐહિક - પારલૌકિક દરેક બાબતમાં કેવલ પ્રભુનો જ મને સહારો-શરણ-આશ્રય છે તેવો ભાવ તે શરણાગતિ છે આ સાધનાભિમાનનો ત્યાગ કે નિ:સાધનતા અથવા નિ:સાધનતા ની ભાવના છે. તેમજ મારા ઐહિક - પારલૌકિક બધા જ મમતાસ્પદ વિષયો મારા પોતાના સુખોપભોગમાટે ન હોઈ પ્રભુસુખમાટે પ્રભુસેવામાટે હોવા જોઈએ આ વિષયાસક્તિના ત્યાગ કે ભગવત્સ્નેહ અથવા ભગવત્સ્નેહિતા ની ભાવના છે. એમ સકલસાધનાભિમાનના ત્યાગપૂર્વક પોતાની મમતા સાથે સંકળાયેલી દરેક વસ્તુ કે વિષય ની ભગવત્સુખોપયોગિતા સિદ્ધ કરવાનું અનુષ્ઠાન તે સેવા.

તે પ્રારમ્ભમાં એક વિચાર, ભાવના કે ક્રિયા ના રૂપમાં અને અન્તે સ્નેહાસક્તિવ્યસનના રૂપમાં વિકસિત થઈ ભક્તિ બની જાય છે. તેથી શ્રીમહાપ્રભુજીએ કહ્યું **"ભાવસ્તત્રાપ્યસ્મદીય: સર્વસ્વશ્ચૈહિકશ્ચ સ:, પરલોકશ્ચ"** આ ઐહિક-પારલૌકિક બાબતમાં શ્રીહરિનો ફક્ત સહારો કે આશ્રય લેવાની સીમિત વાત ન હાઈ કોઈ પણ ઐહિક-પારલૌકિક વિષયોની સરખામણીમાં ફક્ત પ્રભુને જ પોતાના સર્વસ્વ તરીકે સ્વીકારવાની સુદૃઢ સર્વતોધિક સ્નેહની વાત છે. તેવો ભાવ જેને સિદ્ધ ન થયો હોય અથવા તો તેવા ભાવની ભાવના કરવામાટે પણ જેના હૃદય - બુદ્ધિની તૈયારી ન હોય તેને બ્રહ્મસમ્બન્ધ આપવું જોઈએ નહિ અને તેણે લેવું જોઈએ નહિ. ટૂંકમાં પોતાના ઘરમાં બિરાજતા ભગવત્સ્વરૂપની પોતાના તન, મન, ધન, પરિજન સાથે ઉપરોક્ત ભાવ કે ભાવના સાથે પોતે સેવા કરવાની જેની તૈયારી ન હોય તેને બ્રહ્મસમ્બન્ધ આપવું જોઈએ નહિ. ચેલાઓ થોડાક ઓછા મુંડાય તે એટલું વાંધાજનક અને હાનિકારક નથી જેટલો ખોટા માણસોને માર્ગમાં ચેલા મુંડવાના ચક્કરમાં પ્રવેશ આપી દેવો વાંધાજનક છે. આજે મોટા ભાગના ખોટી રીતે મૂંડાયેલા ચેલાઓને કારણે સ્વગૃહમાં ભગવત્સેવા કરવાનો દિવ્ય સિદ્ધાન્ત ખણ્ડિત થયો છે અને ભગવત્સેવાના ધંધાકીય ધતિંગના



ભવાડાઓની દાવાગ્નિ ચોમેર ભડકી રહી છે. આ દાવાગ્નિથી સમર્પણના વૃન્દાવનને સુરક્ષિત રાખવું આજની તાતી જરૂરીયાત છે. પુષ્ટિમાર્ગમાં તેથી જેનાથી ઉક્ત ભક્તિમાર્ગ ઉપર ચાલી ન શકાતું હોય તેને અષ્ટાક્ષરમન્ત્રોપદેશદ્વારા ફક્ત શરણાગતિની દીક્ષા જ આપવી જોઈએ, બ્રહ્મસમ્બન્ધ નહિ.

શરણાગતિની કે આશ્રયની પ્રારમ્ભિક કક્ષામાં શ્રીમહાપ્રભુજીના મતે ફક્ત ચાર જ કર્તવ્ય છે :

૧. મન - વાણીથી નિરન્તર શરણાભાવના કરવી
૨. કાયિક-વાચિક-માનસિક રૂપમાં અન્યાશ્રયનો ત્યાગ કરવો
૩. પ્રભુ ઉપર પૂર્ણ વિશ્વાસ રાખવો
૪. આપણા સુકૃત - દુષ્કૃત મુજબ જીવતાં સુખ - દુ:ખ સાથે જે મળી રહે તેનો ભગવદ્શરણભાવના કરતાં મમતારહિત ઉપભોગ કરવો.

આશ્રયનું સ્વરૂપ **"ઐહિકે પરલોકે ચ સર્વથા શરણં હરિ:"** થી કહીને ઐહિક પારલૌકિક બાબતોના દાખલા આપતાં દુ:ખહાનિ, પાપ, ભય, કામાદિની અપૂર્તિ, ભક્તદ્રોહ, ભક્તિનો અભાવ, ભક્તો દ્વારા થયેલ આપણો અનાદર, અહઙ્કાર આપણા ઉપર જેઓ નિર્ભર હોય તેમનું પોષણ કે રક્ષણ, તેઓ થકી થયેલ આપણો અનાદર, માનસીસેવોપયોગી મનની સિદ્ધિ, આમ અશક્ય કે સુશક્ય દરેક બાબતમાં શ્રીહરિને જ ફક્ત પોતાના સહારા કે આશ્રય તરીકે સ્વીકારવા જોઈએ એમ શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે. આશ્રયના સ્વરૂપની બાબતમાં આ ખુલાસા પછી શ્રીમહાપ્રભુજી આશ્રયના અનુષ્ઠાનની બાબતમાં ચતુર્વિધ કર્તવ્યોપદેશ :

**૧. એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્**
**૨. અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમનમેવ ચ**

**પ્રાર્થના કાર્યમાત્રેપિ તતોન્યત્ર વિવર્જયેત્**
**૩. અવિશ્વાસો ન કર્તવ્ય: સર્વથા બાધકસ્તુ સ:**
**બ્રહ્માસ્ત્ર ચાતકૌ ભાવ્યૌ**
**૪. પ્રાપ્તં સેવત નિર્મમ:,**
**યથા કથઞ્ચિત્ કાર્યાણિ કુર્યાદ્ ઉચ્ચાવચાન્યપિ**
**કિં વ પ્રોક્તેન બહુના શરણં ભાવયેત્ હરિમ્**
—આમ આપે છે.

આમ વિવેક-ધૈર્ય-આશ્રયનો ઉપદેશ આપી સમાપ્તિમાં જેમને ભક્તિ દુ:સાધ્ય હોય તેમને આનો ઉપદેશ આપવાનું કહે છે : **"એવમ્ આશ્રયણં પ્રોક્તં સર્વેષાં સર્વદા હિતં, કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુ:સાધ્યા ઇતિ મેમતિ:"**. આથી સિદ્ધ થાય છે કે પુષ્ટિમાર્ગમાં બે સરણી છે—એક ભકિત સરણી અને બીજી શરણાગતિની સરણી. શ્રીમહાપ્રભુજી પણ તેથી જેનાથી સેવા ન નભી શકતી હોય તેવાઓને બ્રહ્મસમ્બન્ધ નહોતા આપતા. શ્રીપ્રભુચરણ તેથી ખુલાસો કરે છે **"પૃથક્શરણમાર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્"** આજે આ શ્રીમહાપ્રભુજી - શ્રીપ્રભુચરણના હાર્દને ન સમજવાથી એવી ભ્રમણા ઊભી થઈ છે કે દરેક પુષ્ટિમાર્ગીએ બ્રહ્મસમ્બન્ધ લેવું જોઈએ અને લઈને જાહેરમન્દિરમાં દર્શન - ભેટ કરી પ્રસાદ લઈ સન્તુષ્ટ થઈ જવું જોઈએ. આ ધંધાકીય મન્દિરોમાં થતી દર્શન-ભેટ-પ્રસાદાત્મિકા ત્રિવિધ **ભગતી** પુષ્ટિભક્તિ જ નથી. તેવાઓને જો શ્રીમહાપ્રભુજીની વાણીમાં શ્રદ્ધા હોય તો દર્શનને ઠેકાણે વિવેક, ભેટને ઠેકાણે ધૈર્ય અને વિક્રિતપ્રસાદ લેવાની ભગતીને ઠેકાણે આશ્રય નો સિદ્ધાન્તશુદ્ધ ઉપદેશ આપવો તે દરેક શ્રીવલ્લભવંશજ ગોસ્વામી ધર્માચાર્યની પવિત્ર ફરજ છે.